











શ્રી ઝવેરચંદ મેઘાણી

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – સુરેન્દ્રનગર

# પડ જૂઓ પાંચાળ

## ચોટીલા-થાન (ભાગ-૧)



શ્રી ઝવેરચંદ મેઘાણી

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – સુરેન્દ્રનગર

અધ્યક્ષ : ડૉ. સી.ટી. ટૂંડિયા
તંત્રી : ડૉ. કોમલબહેન આર. પંડ્યા
સહતંત્રી : ડૉ. રાજેનકુમાર પિતલિયા



**સલાહકાર સમિતિ**

શ્રી વિમલભાઈ યુ. દંગી
ડૉ. મનીષભાઈ એન. પંડ્યા
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રી બી.એમ. મેટાલિયા
ડૉ. ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઈ કે. ગોસાઈ

**સંપાદક મંડળ**

શ્રી હરેશભાઈ ઝાપડિયા (BRC ચોટીલા)
શ્રી પ્રિયંકભાઈ કોષ્ટી (BRC થાનગઢ)
શ્રી ગૌતમભાઈ જાદવ (CRC ભીમોરા)
શ્રી ધનજીભાઈ એમ. વાલેરા (થાનગઢ-૧)
શ્રી હરેશકુમાર ચાવડા (પીપરાળી)
શ્રી વિજયભાઈ કાસેલા (નળખંભા)
શ્રી ઘનશ્યામભાઈ ઘાટલિયા (અમરાપર-૨)
શ્રી જયસુખભાઈ વાઘેલા (ચોટીલા-૨)
શ્રી દેવેન્દ્રભાઈ ધમલ (લાખામાંચી-૧)
શ્રી નયનભાઈ રાઠોડ (પે સે.સણોસરા)
શ્રી અનિલભાઈ મકવાણા (ભીમગઢ)
શ્રી હિતેષભાઈ ચાણપુરા (સુરૈઈ)
શ્રી જીતેન્દ્રકુમાર હરિયાણી (આકડિયા)
શ્રી રીટાબેન ગોહેલ (વડાળી)
શ્રી રાકેશભાઈ કોડિયાતર (પાંચવડા)
શ્રી કંચનબેન સોલંકી (નાળીયેરી)
શ્રી મહેન્દ્રભાઈ દેસાઈ (ચાંદ્રેલિયા)
શ્રી દિનેશભાઈ માલકિયા (ધારૈઈ)
શ્રી હેતલબેન ટાંક (ખાટડી)


## પડ જૂઓ પાંચાળ...

કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ;
નર પટાધર નીપજે, પડ જૂઓ પાંચાળ.

પલાશ મુખપત્રના માધ્યમથી ડાયેટ - સુરેન્દ્રનગર દ્વારા NEP 2020 અંતર્ગત સાહિત્ય નિર્માણ કરવાનો એક પ્રયાસ કરી રહ્યાં છીએ.

NEP 2020માં Section-4 (Curriculum and Pedagogy) તથા Section 4.23 અને Indian Knowledge Systems જેવા મુદ્દાઓમાં સ્થાનિક પર્યાવરણ, ઇતિહાસ, સંસ્કૃતિ અને સમાજ સાથે જોડાયેલ શિક્ષણ વિશે સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને રાખી ડાયેટ-સુરેન્દ્રનગર દ્વારા આપણાં જિલ્લાના પ્રદેશ પ્રમાણેના વિશેષાંક બનાવવાની શૃંખલામાં 'વઢવાણ પરકમ્મા' પ્રગટ કરી ચૂક્યા છીએ. જે શૃંખલામાં ચોટીલા અને થાનગઢનો સંયુક્ત અંક 'પડ જૂઓ પાંચાળ' (ભાગ-૧) પ્રગટ કરી રહ્યા છીએ.

'પડ જૂઓ પાંચાળ' (ભાગ-૧) ચોટીલા અને થાનગઢ તાલુકાના ધોરણ 6 થી 8ના સામાજિક વિજ્ઞાન વિષયનું અધ્યાપનકાર્ય કરાવતાં શિક્ષકને સંદર્ભ સાહિત્ય તરીકે પૂરક બની રહેશે તેવી શ્રદ્ધા વ્યક્ત કરૂં છું.

ચોટીલા અને થાનગઢ એ પ્રાચીન અને અર્વાચીન રીતે આગવો ઈતિહાસ, પર્યાવરણ અને ભૂગોળ ધરાવે છે. જેની સંસ્કૃતિ, સાહિત્ય અને પરિવેશ અલગ જ છે. આપ સૌને આ વિશેષાંક અધ્યાપનકાર્યમાં ઉપયોગી બની રહેશે તેવા ઉદ્દેશ સાથે 'પડ જૂઓ પાંચાળ' (ભાગ-૧) આપ સૌને અર્પણ કરૂં છું.

**ડૉ. સી.ટી. ટૂંડિયા**
પ્રાચાર્ય, ડાયેટ-સુરેન્દ્રનગર


**પત્રવ્યવહાર - સંપર્ક**

**ફોન નં. : (૦૨૭૫૨) ૨૨૩૧૭૦**
**મોબાઈલ નં. ૭૫૬૭૮ ૬૫૪૬૭**
E-mail : palash.dietsnr@gmail.com
Website : www.dietsnr.org
Youtube : diet surendranagar

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સામે, કેળવણીનો પથ, સુરેન્દ્રનગર – ૩૬૩ ૦૦૨**
E-mail : dietsurendranagar@gmail.com






# ચોટીલા : ઈતિહાસ, ભૂગોળ, સ્થાપત્ય અને ધર્મ એક સંક્ષિપ્ત અહેવાલ

## પરિચય :

ચોટીલા ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલું એક પ્રાચીન અને ધાર્મિક રીતે અગત્યનું સ્થળ છે. અહીંની ટેકરી પર વસેલું ચામુંડા માતા મંદિર સમગ્ર પ્રદેશ માટે આસ્થા અને આકર્ષણનું કેન્દ્ર છે. ચોટીલા માત્ર ધાર્મિક જ નહીં પરંતુ ઐતિહાસિક, ભૂગોળીય અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ પણ વિશેષ મહત્વ ધરાવે છે.

## ૧. ઈતિહાસ

ચોટીલા નામના મૂળ વિશે માન્યતા છે કે આ વિસ્તાર ચારે તરફથી ટેકરીઓ (ટીલા) વડે ઘેરાયેલો હોવાથી તેનું નામ 'ચોટીલા' પડ્યું. ગોહિલ વંશની કૂળદેવી માઁ ચામુંડા હોવાથી, સેજકપરના રાજ દરમિયાન સેજકજી ગોહિલે અહીં માઁ ચામુંડાની સ્થાપના કરી હોવાની સંભાવના વ્યક્ત થાય છે.

ભીમોરા અને ઝરિયાની ગુફાઓ લોક પ્રચલિત રીતે પાંડવોની ગુફાઓ તરીકે ઓળખાય છે, પરંતુ ઐતિહાસિક રીતે આ ગુફાઓ બૌદ્ધ ગુફાઓ સાથે વધુ સમાનતા ધરાવે છે. બૌદ્ધ ભિક્ષુઓ પીળા વસ્ત્રો ધારણ કરતા હોવાથી તેમને 'પાંડુઓ' પણ કહેવામાં આવતા. તેથી વધુ સંભાવના એ છે કે આ ગુફાઓ પાંડવોની નહીં પરંતુ પાંડુઓ (બૌદ્ધ ભિક્ષુઓ)ની હોઈ શકે.

## ૨. ભૂગોળ

ચોટીલા આસપાસનો વિસ્તાર કુદરતી વૈવિધ્યથી ભરપૂર છે. માંડવ વન અને ઠાંગાના વનો કાંટાળા જંગલો અને ઢાળવાળા ઘાસિયા મેદાનો ધરાવે છે. અહીં વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓ જોવા મળે છે, જેમ કે દીપડા, વરૂ, શિયાળ, લોમડી અને ઘોરખોદિયા જેવા માંસાહારી પ્રાણીઓ; તેમજ નીલગાય, કાળિયાર અને ચિંકારા જેવા તૃણાહારી પ્રાણીઓ.

કેટલાક વિસ્તારોમાં ઘુડખર પણ નોંધાયા છે. ખડમોર જેવા અતિ દુર્લભ પક્ષીઓ માટે આ વિસ્તાર અનુકૂળ છે, તેમજ અનેક યાયાવર પક્ષીઓ માટે આશ્રયસ્થાન તરીકે પણ ઓળખાય છે. ''ચિલોત્રાની નોંધ'' આ વિસ્તારના બદલાતા વનસ્પતિ આવરણને દર્શાવે છે. અહીં દુર્લભ ઔષધિય વનસ્પતિઓ પણ જોવા મળે છે.

પરંતુ આ કુદરતી સંપત્તિ આજે અવૈજ્ઞાનિક ચરિયાણ અને અવૈધ ખનન જેવી પ્રવૃત્તિઓના કારણે નુકસાન ભોગવી રહી છે, જેના પરિણામે ઘાસિયા મેદાનો મરણપથારી પર પહોંચી ગયા છે.

### ૩. સ્થાપત્ય

ચોટીલા અને આસપાસના વિસ્તારોમાં પ્રાચીન સ્થાપત્યના અનેક ઉદાહરણો જોવા મળે છે. ચોબારીની વાવ, મુનિનું દેવળ અને તરણેતરનું મંદિર સોલંકીકાલિન સ્થાપત્યની અનોખી કૃતિઓ છે.

સોલંકીયુગમાં પાટણથી સોમનાથ સુધીના યાત્રામાર્ગ પર વાવોનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જે તે સમયની પ્રજાવત્સલતા અને યાત્રાળુઓ માટેની સુવિધાઓનું ઉત્તમ ઉદાહરણ છે. આ સ્થાપત્ય માત્ર કલાત્મક જ નહીં પરંતુ સામાજિક અને ધાર્મિક જીવન સાથે પણ જોડાયેલું હતું.

### ૪. ધર્મ

ચોટીલા ધાર્મિક રીતે અત્યંત મહત્વનું સ્થળ છે. અહીં સ્થિત ચામુંડા માતા મંદિર હિંદુઓ માટે એક પવિત્ર યાત્રાધામ છે. હજારો ભક્તો દરરોજ અહીં દર્શન માટે આવે છે, ખાસ કરીને નવરાત્રી દરમિયાન વિશાળ મેળો ભરાય છે.

માઁ ચામુંડા ગોહિલ વંશની કૂળદેવી માનવામાં આવે છે અને ભક્તોમાં તેમની પ્રત્યે અવિચળ શ્રદ્ધા છે. આ મંદિર માત્ર ધાર્મિક આસ્થા નહીં પરંતુ સાંસ્કૃતિક પરંપરાનો પણ મહત્વપૂર્ણ ભાગ છે. ચૈત્ર નવરાત્રિમાં પરકમ્મા પણ યોજાય છે.

### ઉપસંહાર

ચોટીલા એક એવું સ્થળ છે જ્યાં ઇતિહાસ, કુદરત, સ્થાપત્ય અને ધર્મનો સુંદર સમન્વય જોવા મળે છે. આ વિસ્તારની પ્રાચીન વારસાને જાળવી રાખવા અને કુદરતી સંપત્તિને સુરક્ષિત રાખવા માટે સંયુક્ત પ્રયત્નોની જરૂર છે. ચોટીલા માત્ર એક યાત્રાધામ નહીં પરંતુ ગુજરાતની સંસ્કૃતિ અને ઇતિહાસનું જીવંત પ્રતિનિધિ છે.





## ◆ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંગ્રહાલય - ચોટીલા :



કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ;
નર પટાધર નીપજે, પડ જૂઓ પાંચાળ.

સુરેન્દ્રનગર જિલ્લાનું પાંચાળ પરગણાનું ચોટીલા ગામ. ચોટીલાના ડુંગર પર ભગવતી ચામુંડા માતાજીના બેસણાં છે. ડુંગરની તળેટીમાં નિત્ય આરતીનો ઘંટારવ ગૂંજે છે. પાંચાળ પ્રદેશ એટલે પહાડી કાઠી પ્રદેશ. કાઠીની ડેલીએ ડેલીએ ઘોડી-ઘોડાઓની હણહણાટી સંભળાય છે. એ પાંચાળની જમીન રાતી છે, સુંદર સાલેમમાળ ડુંગર છે, એ દેવભૂમિમાં શૂરવીર પુરુષો નીપજે છે. પાંચાળ પવિત્ર ભૂમિ છે.

નદી ખળકે નિઝરણાં મલપતાં પીએ માલ,
ગાળે કસૂંબા ગોવાળિયા, પડ જોવો પાંચાળ.

જ્યાં નદીઓ અને ઝરણાંઓ ખળખળ વહી રહેલ છે, જ્યાં માલધારીના માલ (ગાય-ભેંસો) ભરપૂર પાણીમાં મલપતાં મલપતાં નીર પીએ છે, જ્યાં ગોવાળ લોકો કસૂંબા ગાળીને ગટગટાવે છે, એવો એ પાંચાળ પ્રદેશ છે.

ઠાંગો માંડવ ઠીક છે, કદી ન આંગણ કાળ
ચારપગાં ચરતાં ફરે, પડ જોવો પાંચાળ.

જ્યાં ઠાંગો અને માંડવ જેવા વાંકા ડુંગરા છે, દુષ્કાળ કદી પડતો નથી, ચોપગાં જાનવરો ફરે છે એવો એ પાંચાળ પ્રદેશ છે.

આવી પવિત્ર પાંચાળની ભૂમિમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનો 28મી ઓગસ્ટ ને 1896 (વિક્રમ સંવત 1952, નાગપંચમી)ના દિવસે જન્મ થયો હતો. મેઘાણીના પિતાશ્રી ચોટીલાના સુબેદાર હોઈ તેમનો જન્મ પોલીસ ક્વાટર્સમાં થયો હતો. મૂળ વતન તો અમરેલી જિલ્લાનું બગસરા. ચોટીલામાં જન્મ થયો હતો તેથી મેઘાણીને 'પહાડનું બાળક' તરીકેની ઓળખ પ્રસ્થાપિત થયેલી છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના અનેક ઉપનામોમાં 'વિલાપી', 'વિરાટ', 'શાણો', 'સાહિત્યયાત્રી', 'તંત્રી', અને 'દ.સ.ણી.' છે.

ઝવેરચંદ મેઘાણી પાંચાળ વિષે લખે છે કે, 'પાંચાળ મારી નજરે તરે છે. ડુંગરિયા ગઢ-કિલ્લાના અવશેષોને યાદ રાખવા મેં અફલાતૂન ચિત્રકારની અદાથી દોરેલાં ચિત્રો... ભીમોરાનો ગઢ ચીતર્યો, નિનામાના ગઢને નદી કાંઠે ઊભો કર્યો. ઊંચી ભેખડ પર ઊભેલું રેશમિયું પેન્સિલને

લીટોડે ખડું થયું. ઠાંગનાથ મહાદેવની દેરીને ડુંગરના પેટાળમાં ધજા સહિત દેખાડી. મેં આલેખાયેલું એ ડુંગરનું પેટાળ છે કે કોઈ સ્ત્રીનું ઝંટીયે ઝૂલતું માથું છે ?'

ઝવેરચંદ મેઘાણી એટલે... રાષ્ટ્રીય શાયર, શબ્દનો સોદાગર અને માણીગર, લોકવિદ્યાવિદ્, નીડર પત્રકાર, સમર્થ સાહિત્યકાર અને ગુજરાતી સાહિત્યનો ટપાલી. મેઘાણીએ સૌરાષ્ટ્રના ખોરડેખોરડે, નેહડે નેહડે, ગામેગામ લોકસાહિત્યનાં સંશોધન માટે રખડપટ્ટી કરી છે, પરકમ્મા કરી છે. તેઓ ગુજરાતી સાહિત્યનાં કવિ, નવલકથાકાર, વાર્તાકાર, લોકસાહિત્યના સંશોધક-સંપાદક, વિવેચક અને અનુવાદક હતાં.

ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર'ના બિરૂદથી નવાજ્યા હતાં. કવિતા સર્જનકાર્યમાં તેમણે પ્રથમ 'વેણીનાં ફૂલ' નામનો સંગ્રહ ઇ.સ. 1926માં બહાર પાડ્યો. ઇ.સ. 1928માં તેમને લોકસાહિત્યમાં તેમનાં યોગદાન બદલ રણજિતરામ સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો. રાષ્ટ્રસંગ્રામ ગીતોનો સંગ્રહ 'સિંધૂડો' એ ભારતનાં યુવાનોને રાષ્ટ્રપ્રેમી રંગથી રંગ્યા. ઝવેરચંદ મેઘાણીને ઇ.સ.1930માં બે વર્ષ માટે જેલમાં રહેવું પડ્યું હતું. આ સમય દરમિયાન તેમણે ગાંધીજીની ગોળમેજી પરિષદ માટેની લંડન મુલાકાત ઉપર 'ઝેરનો કટોરો' કાવ્યની રચના કરી હતી. ભારતીય ટપાલ વિભાગ દ્વારા 14 સપ્ટેમ્બર 1999ના રોજ તેમના સન્માનમાં ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

ગાંધીજી 1931માં ગોળમેજી પરિષદમાં જતાં હતાં ત્યારે તેમને સંબોધીને 'છેલ્લો કટોરો' કાવ્ય લખ્યું હતું,

'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો,બાપુ! સાગર પીનારા ! અંજલિ નવ ઢોળજો, બાપુ !'

મેઘાણીએ ચાર નાટક, સાત નવલિકા સંગ્રહ, તેર નવલકથા, છ ઇતિહાસ, તેર જીવનચરિત્રની તેમણે રચના કરી હતી. લોકસેવક રવિશંકર મહારાજની અનુભવેલ કથાઓનું માણસાઈના દીવામાં વાર્તારૂપે નિરૂપણ કર્યુ છે. મેઘાણી તેમના લોકસાહિત્યમાં સૌરાષ્ટ્રની ધિંગી તળપદી બોલીની તેજસ્વિતા અને તાકાત પ્રગટાવી શક્યા છે. તુલસીક્યારો, યુગવંદના, કંકાવટી, સોરઠી બહારવટિયા, સૌરાષ્ટ્રની રસધાર, અપરાધી વગેરે તેમનું નોંધપાત્ર સર્જન છે. ઝવેરચંદ મેઘાણીનું તારીખ 09મી માર્ચ 1947નાં દિવસે, 50 વર્ષની ઉંમરે, હૃદયરોગના હુમલામાં તેમનું બોટાદ સ્થિત નિવાસસ્થાને તેમનું મૃત્યુ થયું હતું.

'લોકસંગીત, લોકકળા, લોકસાહિત્ય, લોકબોલી અને લોકસંસ્કૃતિ જીવંત રહેવી જોઈએ.' જે પ્રદેશ, દેશ અને પરદેશમાં લુપ્ત થઈ ત્યારે સમજવું કે તે સમાજની જીવનશૈલી મૃતપ્રાય બને છે, તે રાષ્ટ્ર અધોગતિમાં ધકેલાઈ જાય છે.





રાષ્ટ્રીય શાયરની સ્મૃતિમાં તેમની વંદના કરવા માટે 'રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંગ્રહાલય' અદ્ભુત, અવર્ણનીય અને અસ્મિતાને ઉજાગર કરે તેવું બનાવ્યું છે. ગુજરાત સરકાર સંસ્કૃતિ સંવર્ધન માટે સંનિષ્ઠ પ્રયત્નો કરી રહ્યું છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંગ્રહાલયનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ હતું. ઝવેરચંદ મેઘાણીનો જ્યાં જન્મ થયો હતો તે ઐતિહાસિક ક્વાટર્સના પરિસરમાં જ 16000 ચોરસ ફૂટ જમીનમાં 29 કરોડના ખર્ચે ભવ્ય અને દિવ્ય સંગ્રહાલય નિર્માણ કરવામાં આવ્યું છે. જે લોકસાહિત્યના સંશોધકો માટે તીર્થ સમાન છે. સારસ્વતો, લોકસાહિત્યના સાધકો, ઉપાસકો અને આરાધકો માટે પ્રેરણાતીર્થ છે.

આ સંગ્રહાલયમાં ઝવેરચંદ મેઘાણીના જીવન-કવનની પ્રસ્તુતિ કરવામાં આવેલી છે. સંગ્રહાલય બે માળમાં બનાવવામાં આવ્યું છે. જેમાં આઠ ઝોન અને એક સભાખંડનો સમાવેશ થાય છે.

પ્રથમ ઝોનમાં મેઘાણીનું બાળપણ, જીવનચરિત્ર અને વંશાવલી, બીજા ઝોનમાં મેઘાણીના કલકતાથી સૌરાષ્ટ્ર પરત આવવાના પ્રસંગોનો 'લિખિતંગ હું આવું છું.' જેવાં સાહિત્યનો સમાવેશ થાય છે. ત્રીજા ઝોનમાં ગ્રંથો, પુસ્તકો, સૌરાષ્ટ્રની રસધાર, ચારણ કન્યા જેવી બાબતોનો સમાવેશ થાય છે. ચોથા ઝોનમાં ધોલેરા સત્યાગ્રહ, જેલનો પ્રસંગ અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ ઝવેરચંદ મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર'નું બિરૂદ આપેલું તે પ્રસંગનો સમવેશ થાય છે.

પાંચમાં ઝોનમાં મેઘાણી સાહિત્યની માહિતી, છઠ્ઠા ઝોનમાં ચારણ સંમેલન અને તેના ગ્રાફિક્સની માહિતીઓ, સાતમાં ઝોનમાં પ્રોજેક્ટર રૂમ, સાહિત્યકૃતિઓ અને આઠમાં ઝોનમાં ઝવેરચંદ મેઘાણીના જ અવાજમાં કસુંબીનો રંગ, લોકગીતો, લગ્નગીતો રજૂ કરવામાં આવેલ છે. છેલ્લે વિશાળ સભાખંડ બનાવવામાં આવેલો છે.

-સૌરાષ્ટ્રનો પ્રવાસ એટલે સૌરાષ્ટ્ર, અને સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર એટલે ચોટીલા. જે નેશનલ હાઇવે-8 એ પર આવેલું છે. ચોટીલા પંથકમાં શ્રી ચામુંડા માતાજીનું મંદિર, શ્રી હિંગળાજ માતાજીનું મંદિર, શ્રી સૂરજદેવળ મંદિર (દેવસર), શ્રી ઠાંગેશ્વર મહાદેવ (કાળાસર), રક્ષિત સ્મારક  ચૌમુખી ચોબારી વાવ (ચોબારી) અને ભીમોરાની ગુફાઓ, ઝરિયા મહાદેવ અને બાંડિયાબેલી વન, શ્રી જલારામ મંદિર, શ્રી અનસુયા માતાજીનું મંદિર જેવા પ્રવાસન સ્થળો આવેલાં છે. તે સ્થળોની પણ મુલાકાત, દર્શન કરી શકો છો.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંગ્રહાલય આપને લોકસાહિત્યની વિરાસતના ચોક્કસ દર્શન  કરાવશે તેવી ઊંડી શ્રદ્ધા છે.

(સાભાર : ડૉ. સી.ટી. ટૂંડિયા જીવનશિક્ષણ-જાન્યુઆરી 2026)

## ◆ પાંચાળ :

પાંચાળ (પંચાલ દેશનાં રાજાની પુત્રી ઉપરથી થયેલું નામ પાંચાળ ભૂમિ)

પાંચાળ (પંચાલ) : (ઈ.પૂ. છઠ્ઠી - પાંચમી સદી) ભારતનાં સોળ મહાજનપદોમાનું એક કુરૂની પૂર્વે આવેલું આ જનપદ ગંગા નદી વડે બે ભાગમાં વહેંચાયેલું હતું. ઉત્તર પંચાલનું પાટનગર અહિચ્છત્ર અને દક્ષિણ ગુજરાતનું કામ્પિલ્ય.

અહિચ્છત્રએ હાલનું બહેલી જિલ્લાનું રામનગર અને કામ્પિલ્યએ ફરૂખાબાદ જિલ્લાનું કાંપિલ હોવાનું જણાય છે. કનોજ આ જનપદમાં આવેલું હતું. ભારતીય આર્યોની અનેક ટોળીઓમાં પંચાલો કુરૂઓ સાથે અગ્રિમ સ્થાન પામ્યા. એમના નામ પરથી મધ્ય - દેશ કુરૂપંચાલ તરીકે ઓળખાયો.

પંચાલ પ્રદેશમાં જુદા જુદા રાજાઓનાં અનેક સિક્કાઓ મળ્યા છે. એમાંના ઘણા રાજાઓનાં નામનું સૂચન કરે છે.

પંચાલના રાજા ચૂલણી બ્રહ્મદત્તનો નિર્દેશ 'રામાયણ', 'મહાઉમીગ જાતક' અને 'સ્વપ્નવાસવદત્તમ્' માં આવે છે. પંચાલોએ ઈ.પૂ. છઠ્ઠી કે પાંચમી સદીમાં જનપદ રાજ્ય સ્થાપ્યું હોવાનું જણાય છે.

ભારતમાં સોળ મહાજનપદોમાં પાંચાલ જનપદ ઘણું શક્તિશાળી હતું. અહીંથી મળેલાં સિક્કા પ્રાચીન ભારતનાં સિક્કાઓનાં ઘણી લાંબી અને એકસરખી શ્રેણીનાં છે. આ સિક્કા તાંબાનાં છે. જેમાં 'વરૂણમિત્ર' અને 'પ્રજાપતિ મિત્ર' જેવા નામો પણ છે.

અગ્નિમિત્રનાં સિક્કાઓ પર અગ્નિદેવની આકૃત્તિ, સૂર્યમિત્ર અને ભાનુમિત્રના સિક્કાઓ પર સૂર્યનું પ્રતિબિંબ, ઈન્દ્રમિત્રનાં સિક્કાઓ પર ઈન્દ્રની આકૃતિ નજરે પડે છે.

દેવ તો પાંચાલ જુઓ ગરવો તે ધૂનાગરે,<br>
તપસ્વીનાં થાય દર્શન પાપ પળમાં પરજળે,<br>
સૂરજદેવળ ગેબી ડુંગર તીરથ તો તરણેતર,<br>
મચ્છુવાળા હોલ માતા દીનનાં દુઃખડાં હર.

ખમીરવંતો આ મલક ખૂબ જ પછાત છે. પાંચાલ માટે તો એમ કહેવાતુ હતું કે,





ખડ, પાણીને ખાખરા, પાણાનો નહિ પાર,<br>
વણદીવે વાળુ કરે, દેવ કો પાંચાલ

ઉત્સવ પ્રિય પાંચાલ પ્રદેશ એક જમાનામાં પશુપાલન માટે જાણીતો પ્રદેશ હતો. ખાખરાના વન અને લીલાછમ ઘાસથી ઢંકાયેલ પાંચાળ પ્રદેશ પૌરાણિક સમયથી ગૌરવવંતો રહ્યો છે. સૌરાષ્ટ્રનાં પ્રવેશદ્વાર સમા સુરેન્દ્રનગર જિલ્લાનાં મૂળી, સાયલા, ચોટીલા, હળવદ, તાલુકાનાં અમરેલી જિલ્લાનાં બાબરા, ઝખડો તાલુકાનાં 156 ગામડાંનો પાંચાળ પ્રદેશમાં સમાવેશ થાય છે. 593 કિ.મી.માં પથરાયેલા આ પ્રદેશમાં દ્રુપદ રાજાનું શાસન હતું તેવી લોકવાયકા છે. પાંચાળ વિસ્તારમાં અનેક પ્રાચીન યાત્રાધામો અને ઐતિહાસિક સ્થાપત્યો આવેલા છે.

ત્રિનેત્રેશ્વર મંદિર - થાનગઢ (તરણેતર), જૂનું સૂરજદેવળ (સોનગઢ), વાસુકીદાદા મંદિર (થાન), બાંડિયાબેલી, મુનિ બાવાનું મંદિર, ઝરિયા મહાદેવ, અવલિયા ઠાકર, ભીમ ગુફા (ભીમોરા), ચૌમુખી વાવ (ચોબારી), નવલખો મંદિર (સેજકપર) મુખ્ય છે.

### પાંચાળના દુહા

માંડવ ઠાંગો 'ને મદાવો કનડો 'ને સાલેમાળ<br>
મચ્છુ ભાદરનું માવતર, (ઈ) પડ જોવો પાંચાળ

ચોટીલે ગઢ ચામુંડા, ગેબીનાથ ગઢ થાન<br>
સૂરજદેવળ 'ને સોનગઢ, ગઢપર ગઢ ભગવાન

મેપો રતો 'ને જાદરો, ગોરખો 'ને બાવનવીર<br>
દાન વિહામણ ગીગડો, હકડો 'ને જેતો પીર

ધણ ગાયું ગઢ ઘોડિયું, ભેંસુ ધન ભંડાર<br>
માન મરજાદી માનવી, (ઈ) પડ જોવો પાંચાળ

રૂપ ગુણ રીત-ભાંત્ય રોટલો, ઉજળે દલ આવકાર<br>
હેત પ્રીત પોરસ હિંમત, (ઈ) પડ જોવો પાંચાળ

કર્તા : અણદુભા ટપુભા, જામકૂવા, ભાડલા

## ◆ રાતડિયા રણની દેવી : સ્વયંભૂ માઁ ચામુંડા






'ચોટીલે ચામુંડા વસે, આરાસુરમાં અંબા માત,
મહાકાળી પાવે વસે, ગરવી ભૂમિ ગુજરાત.'

ગુજરાત-સૌરાષ્ટ્રની સોહામણી ધરતી પર અનેક તીર્થધામો આવેલા છે. શક્તિની ભકિત અને પૂજાનો સોહામણો સંસ્કાર લોકજીવનમાં પ્રાચીન કાળથી ધબકી રહ્યો છે. પારાવાર પૌરાણિક દેવીઓ અને અસંખ્ય લોકમાતાઓ વિધવિધ નામે લોકજીવનમાં પૂજાય છે. એવી આદરપૂર્વક પૂજાતી દેવી છે ચોટીલાની ચંડી ચામુંડા.

'કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ;
નર પટાધર નીપજે, ભોંય દેવકો પાંચાળ.'

આવી દેવભૂમિ સમી પાંચાળની ધરતી પર નેશનલ હાઈવે નં. 8,રાજકોટના રસ્તા પર ચોટીલા આવેલું છે. ચોટીલાની કોરેમોરે ચોફેર આવેલો ડુંગર માઁ ચામુંડા-ડુંગર તરીકે જાણીતો છે. આ ડુંગર પર 1173 ફુટની ઉંચાઈએ મહાશકિત માઁ ચામુંડાનું મનોહર મંદિર આવેલું છે. એમ કહેવાય છે કે ચંડ નામના રાક્ષસને મારનાર રણચંડીના નામ પરથી આ ડુંગર ચંડીનો ડુંગર કહેવાતો તેના પરથી ચંડીનો ચંડીલો-ચંટીલો અને એમાંથી ચોટીલો થયો હોવાનું અનુમાન કરવામાં આવે છે.

ચોટીલા ડુંગરની અધિષ્ઠાત્રી રણચંડી દેવી ચામુંડાનું મૂળ પૌરાણિક નામ તો છે 'ચંન્દ્રઘંટાદેવી' રણચંડી બનીને આ દેવીએ ચંડ અને મુંડ નામના ભંયકર અસુરોને રણમાં





રોળ્યા. આથી ચંડ-મુંડને હણનાર આ દેવી જગતમાં માં ચામુંડા તરીકે ઓળખાયા ને પૂજાયા.

લોકજીવનમાં આ દેવી 'ચાવણમા,' 'ચાવંડ,' 'ચામુંડી,' 'ચાવણી' તથા રાતડીયા રણની દેવી તરીકે ઓળખાય છે, પૂજાય છે. ગુજરાતમાં માં ચામુંડાનાં જેટલાં સ્થાનકો છે તે બધામાં ચોટીલાનું સ્થાનક સર્વશ્રેષ્ઠ અને જીવતું - જાગતું સ્થાનક ગણાય છે. ચોટીલાની મહાદેવી ચંડી ચામુંડાની સ્થાપના રાજપૂતોના હાથે થઈ હોવાની કિંવદંતી સાંપડે છે. ગોહિલ વંશની કૂળદેવી માઁ ચામુંડા હોવાથી, સેજકપરના રાજ દરમિયાન સેજકજી ગોહિલે અહીં માઁ ચામુંડાની સ્થાપના કરી હોવાની સંભાવના વ્યક્ત થાય છે.

ચામુંડામાતાના પ્રાદુર્ભાવ અંગેની પૌરાણિક કથા દેવી ભાગવતમાં નોંધી છે. અસુરેશ્વર મહિષાસુરે મદથી છકી જઈને સ્વર્ગ પર આક્રમણ કર્યુ. ઈન્દ્રાદિ દેવો સ્વર્ગ છોડીને નાસી છુટયા. નિઃસહાય દશામાં ભટકતા ભટકતા તેઓ પિતામહ બ્રહ્માની પાસે ગયા તેમને સાથે લઈ બ્રહ્મા સંરક્ષક વિષ્ણુ અને સંહારક સદાશિવ શંકર પાસે ગયા. મહિષાસુર જગતમાં ત્રાસ ઉપજાવી રહ્યો હતો. ધર્મનો નાશ કરી અધર્મ ફેલાવી રહ્યો હતો.

આ સાંભળી વિષ્ણુ અને શંકર ભગવાન કોપાયમાન થઈ ગયા. એમના મુખમાંથી મહાતેજ નીકળ્યું. ઈન્દ્રાદિ દેવોના શરીરમાંથી પણ તેજ નીકળવા લાગ્યું. આ બધાં તેજ પરસ્પર એકાકાર થતાં તેમાંથી મહાતેજનો જવાળામય પર્વત ઊભો થઈ ગયો. તેમાંથી પરાશકિત શ્રી પરમેશ્વરીનું એક નારીરૂપ પ્રગટ થયું. બધાં દેવોએ તેને પોતપોતાનાં આયુધો આપ્યાં. શણગારના સાધનો આપ્યાં. હિમવાને સિંહનું વાહન અને કુબેરે સુરાપાત્ર આપ્યું.

આવી રીતે અભિનંદિત થયેલાં મહાદેવીએ અટ્ટહાસ્ય સાથે મહાગર્જના કરી ત્યારે પૃથ્વી ડોલવા લાગી. પર્વતો ચલાયમાન થયા અને સમુદ્રો ખળભળી ઊઠયા ત્યારે દેવો અંત્યત હર્ષ પામીને બોલ્યા : સિંહવાહિની જે.

આ મહાદેવી કાલિકાએ ચંડ અને મુંડને હણી નાખ્યા તેથી જગદંબા પ્રસન્નતાપૂર્વક કાલીને કહેવા લાગ્યા : 'કાલિકા ! તમે દેવતાઓનું મહાન કાર્ય સિદ્ધ કર્યુ છે.જગતમાં તમે 'ચામુંડા' નામથી પ્રસિદ્ધ થશો.

આ મહાદેવી સામાન્ય રીતે ચંડિકા તરીકે ઓળખાયાં, જે પાછળથી લોકજીવને ચામુંડા તરીકે સ્વીકારી લીધા.

## ◆ નવા સૂરજદેવળ :



આદિત્ય, રવિ, ભાનુ એમ સૂર્યના અનેક પર્યાયવાચી શબ્દો મળે છે. ગાયત્રી મંત્ર સૂર્યની ઉપાસના કરતો મંત્ર છે. કોર્ણાકનું સૂર્યમંદિર અને ગુજરાતમાં મોઢેરાનું સૂર્યમંદિર એની સ્થાપત્યકલા માટે પ્રખ્યાત છે. પ્રકૃતિની પૂજા ભારતવાસીઓ વૈદિકકાળથી કરતા આવ્યા છે. સૂર્ય એ પ્રકાશનો સ્રોત છે. શક્તિનો સ્રોત છે અને પૃથ્વી ઉપરનું જીવન સૂર્યને આભારી છે અને એટલે જ ભારતમાં ભવ્ય સૂર્યમંદિરોના નિર્માણ તેમજ સૂર્યને સાક્ષાત ભગવાન, ઈશ્વર માની પૂજવામાં આવે છે. સૂર્યભગવાન, સૂર્ય નારાયણ આ શબ્દો જ ઘણુંબધું કહી જાય છે.

આપણે અહીં વાત કરવી છે કાઠી-ક્ષત્રિય સમાજના આરાધ્યદેવ સૂર્યભગવાન અને એમના મંદિર નવા સૂરજદેવળની. સુરેન્દ્રનગરથી અંદાજે 71 કિલોમીટરના અંતરે આવેલું નવા સૂરજદેવળ ચોટીલાથી અંદાજે 11 કિ.મી.ના અંતરે આવેલું છે. ચોટીલાથી થાન જવાના રસ્તે 5 કિ.મી. ચાલ્યા પછી જમણી બાજુ નવા સૂરજદેવળ જવાનો રસ્તો પડે છે. ચોટીલા અને થાન પંથકના વચ્ચેના ભાગમાં દેવસર ગામ પાસે વિક્રમ સંવત 1991 માં આ ભવ્ય મંદિર તૈયાર થયેલું. મંદિરમાં સૂર્યનારાયણ તથા રન્નાદેવીની મનોહર પ્રતિમાઓનું સ્થાપન કરવામાં આવેલ છે. મંદિરના પગથિયાં ચડતાં જ મંદિરની ડાબી બાજુ ગણેશજી અને જમણી બાજુ હનુમાનજીના દર્શન થાય છે.

કાળક્રમે થાનગઢ તાલુકાના સોનગઢ મુકામે જૂનું સૂરજદેવળ જર્જરિત થતાં દેવસર ગામની સીમમાં ભક્તો અને મંદિર ટ્રસ્ટના સહયોગથી નવા સૂરજદેવળ ધામનું ભવ્ય અને કલાત્મક નિર્માણ કરવામાં આવ્યું.

સૂરજદેવળ ધામનું ભવ્ય અને કલાત્મક નિર્માણ કરવામાં આવ્યું છે. અત્રે ખાસ નોંધનીય બાબત એ છે કે 1600 વિઘા જમીનની અંદર નવા સૂરજદેવળ પથરાયેલું છે. ચોટીલા સ્ટેટ રાણીંગબાપુ સોમવાબાપુ ખાચર દ્વારા આ 1800 વિઘા જમીનનું દાન કરવામાં





આવ્યું છે. મંદિરનો જિર્ણોદ્ધાર અને પ્રાણપ્રતિષ્ઠા ભગવાનદાસ બાપુ દ્વારા થયેલ છે.

હવે આપણે મંદિરના આગળના ભાગના મંદિર પરિસરની અને મંદિરોના પાછળના ભાગની વિગતે ચર્ચા કરીશું.

### મંદિરનો અંદરનો ભાગ :

મંદિરના આગળના ભાગમાં એટલે કે જુનવાણી ડેલીખાનું એટલે એક પ્રકારનો દરવાજો મંદિર પ્રવેશ માટેનો, જેમાં કાર્યાલયનું કામ ચાલુ છે. જેની આગળના ભાગમાં છેક આગળ જૂનો ગેટ જે ગઢવાળાના ડોર તરીકે ઓળખાય છે. એ ગેટની બાજુમાં ક્રમશઃ ભગવાનદાસબાપુ, ત્રિકમદાસબાપુ, હરિવલ્લભદાસબાપુ, સૂર્યપ્રકાશદાસ બાપુની સમાધિ છે. ત્યારપછી વિશાળ પાર્કિંગ માટેની જગ્યા છે. ત્યારપછી મંદિર તરફ સુંદર કલાત્મક દરવાજો આવે છે. જેમાંથી પસાર થતા ડાબી બાજુ ગૌશાળા અને અશ્વશાળા આવેલી છે. અને ત્યાં પણ પાર્કિંગ માટેની જગ્યા છે. અહીંથી આગળ જુનવાણી ડેલીખાનું જે મંદિર પરિસરમાં પ્રવેશ કરવા માટેનો એક પ્રકારનો દરવાજો છે, જેમાં મંદિરનું કાર્યાલય આવેલું છે.

### મંદિર પરિસર :

મંદિર પરિસરની અંદર ડાબી બાજુ યાત્રાળુઓને રોકાવા માટેના રૂમ આવેલા છે અને ત્યારબાદ એક મોટો હોલ આવેલો છે. ડાબી બાજુ હોલથી આગળ વિલાયતી નળિયાવાળું મ્યુઝીયમ આવેલું છે. જેમાં ઘણા વરસો પહેલાં ઉપયોગમાં લેવાતી જૂનવાણી વસ્તુ છે. મંદિર પરિસરમાં જમણી બાજુ અતિથિભવન અને ભોજનાલય આવેલા છે. સામાન્ય રીતે ભોજનાલયમાં 11 વાગ્યાથી 2 વાગ્યા સુધી ભોજનની વ્યવસ્થા હોય છે. રાત્રે પણ ભોજનાલયમાં ભોજનની વ્યવસ્થા હોય છે. મંદિર પરિસરમાં સુંદર અને આરામદાયક બગીચો પણ છે. મંદિર પરિસરમાં શિવ મંદિર આવેલું છે. મંદિરની પાછળના ભાગમાં જમણી બાજુ વિલાયતી નળિયાવાળા જુનવાણી મકાનો પણ સાવણીના ભાગરૂપે હયાત છે.

### મંદિર પરિસરનો પાછળનો ભાગ :

મંદિર પરિસરનાં પાછળના ભાગમાં ચબૂતરો અને બાળકોના આનંદ માટે હીંચકા, લપસિયા વગેરે સાધનો છે. પાછળના ભાગમાં સૂર્યકુંડ પણ આવેલો છે. સૂર્યકુંડ વિશે એવું કહેવાય છે કે, 'મંદિરનું ચણતર થયું ત્યાં સુધી મંદિર માટે સૂર્યકુંડમાંથી પથ્થરો નીકળ્યા અને

મંદિરનું ચણતર પુરૂં થતાં સૂર્યકુંડમાંથી પથ્થરો નીકળવાનું બંધ થઈ ગયું.' આ સૂર્યકુંડમાં બારેમાસ પાણી ભરેલું રહે છે. સૂર્યકુંડથી થોડા આગળ વધો એટલે સરસ મજાનું નયનરમ્ય તળાવ છે. તળાવમાં એકદમ સ્વચ્છ અને નિર્મળ જળ આપણાં મનને આનંદ આપે છે. મંદિર પરિસરની પાછળનો ભાગ વૃક્ષો, પથ્થરો, કૂંડ અને તળાવથી મનમોહક બને છે. અહીં મોરના ટહુકા આ વાતાવરણને વધારે આનંદિત બનાવે છે. લોકવાયકા મુજબ આ તળાવને 'દેવ તળાવ' કહેવામાં આવે છે. કારણ કે તેમાં દેવો સ્નાન કરવા આવતાં હતાં એવી માન્યતા છે.

**ધાર્મિક મહત્ત્વ :**

હિન્દુ ધર્મમાં ભગવાન સૂર્યનારાયણને જીવન, પ્રકાશ, શક્તિ અને આરોગ્યના દેવતા માનવામાં આવે છે.

સૂરજદેવળ ધામમાં રવિવારે વિશેષ પૂજા થાય છે. સૂર્યનારાયણને અર્ધ્ય આપવામાં આવે છે. આરોગ્ય અને સમૃધ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવે છે. કાઠી સમાજમાં કોઈપણ શુભ પ્રાર્થના શરૂઆત સૂર્યદેવની પૂજા-અર્ચનાથી થાય છે.

એવું કહેવાય છે કે કાઠી સમાજમાંથી આવતાં કોઈપણ વ્યક્તિ ભલે ગમે એટલા દૂર રહેતા હોય તો પણ એકવાર સૂરજદેવળ સૂર્યભગવાનના દર્શન માટે અવશ્ય આવે છે.

વૈશાખ મહિનાના શુકલ પક્ષ શરૂ થાય ત્યારે કાઠી સમાજ સાડા ત્રણ દિવસના ઉપવાસ કરે છે. આ સાડા ત્રણ દિવસના ઉપવાસનો ઈતિહાસ જોઈએ તો જૂના સૂરજદેવળને ખંડિત થતાં બચાવવા માટે કાઠી-ક્ષત્રિય સમાજે સાડા ત્રણ દિવસ સુધી યુધ્ધ કર્યું અને આ યુધ્ધ પહેલા મંદિરમાં જે મૂર્તિઓ હતી એ મૂર્તિઓને બચાવવા માટે મંદિરમાંથી મૂર્તિઓને લઈને જમીનમાં ધબરાવી દેવામાં આવે છે. યુધ્ધ પછી સમય જતાં અને પરિસ્થિતિ અનુકૂળ થતાં કાઠી સમાજે એ ધબરાવેલી મૂર્તિઓને બહાર કાઢી પુનઃ મંદિરમાં સ્થાપિત કરવામાં આવેલ હતી. જેના પ્રાયશ્ચિત રૂપે પ્રતિવર્ષ સાડા ત્રણ દિવસના ઉપવાસ કરવામાં આવે છે.

ટૂંકમાં નવા સૂરજદેવળ એટલે કાઠી-ક્ષત્રિય સમાજના ઈષ્ટદેવ સૂર્યનારાયણ ભગવાનનું મંદિર અને કાઠી સમાજની આસ્થા અને અસ્મિતાનું કેન્દ્ર. અઢારેય વરણ માટે આ મંદિરના દરવાજા બારેમાસ ખુલ્લાં રહે છે.





## ◆ મનપાંચમનો મેળો - તરણેતર :



નરનારી બન્ને ભલાં, કદી ન આંગણ કાળ,
આવેલને આદર કરે, પડ જોવો પાંચાળ.
વ્હાલપના ભરેલા વેણ, સૌની લે 'ધ્રુવ' સંભાળ
દુઃખે ભેળાં માનવા, દેવકો પડ જોવો પાંચાળ.

ચોટીલા તાલુકાના થાનગઢથી 18 કિ.મી. દૂર તરણેતર ગામે ત્રિનેત્રેશ્વર મહાદેવની નિશ્રામાં, ભાદરવા સુદ ચોથ, પાંચમ અને છઠનો લોકમેળો ભરાય છે. જેમાં ત્રણથી ચાર લાખ જેટલાં લોકો આવે છે. જેમાં મોટે ભાગે રબારી, ભરવાડ વગેરે આવે છે. રાજ્યના આ આંતરરાષ્ટ્રીય કક્ષાના મેળામાં ગુજરાત અને ગુજરાત બહાર, દેશ-વિદેશનાં પર્યટકો આવે છે.

ભારતમાં હિમાલયમાં બદ્રી-કેદારમાં અને ત્યારબાદ માત્ર તરણેતરમાં ત્રિનેત્રેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. મંદિરના સંકુલમાં મંદિર સામે તુલસી ક્યારો છે. ત્રણ બાજુ કુંડ આવેલ છે. જે રક્ષિત જાહેર કરાયેલ છે. એક વાયકા પ્રમાણે અહીં દ્રોપદીનો સ્વયંવર રચાયો હતો અને પાંચ પાંડવો પૈકી બાણ વિદ્યાના શ્રેષ્ઠ અર્જુને મત્સ્યવેધ કર્યો હતો.

દેવાધિદેવ મહાદેવજીને પ્રસન્ન કરવા બ્રહ્માજીએ આદરેલી તપસ્યા અને નેત્રકમળ પૂજાની વાત પુરાણોમાં છે. તરણેતરનું આ સ્થળ એ તપસ્યાની ભૂમિ છે. બ્રહ્માજીએ આપેલુ નેત્રકમળ ધારણ કરી મહાદેવ ત્રિનેત્રેશ્વર કહેવાયા, એમના એ સ્વરૂપની પૂજાનું આ દિવ્ય સ્થાન છે. મંદિરની સામે જ વિશાળ સરોવરના કિનારે આવ્યું છે. પાંચાળની ભૂમિના યૌવનના થનગનાટને વ્યક્ત કરતા, ઢોલીના ઢોલના તાને ગુલતાન થઈ ધરતી ધ્રુજાવતા હુડા નૃત્યનું મેદાન. ત્રણ દિવસના મેળા દરમિયાન પાંચાળનું રૂપકડું યૌવન અહીં સતત મોકળા મને નાચી પોતાના હૈયાના હેતને વ્યક્ત કરતા થાકતું નથી.

હુડામાં વ્યક્ત થતું યૌવન ત્રિનેત્રેશ્વરની ભક્તિમાં રંગાય અને રાત્રે મંદિરના પાછળ ભાગમાં અલખને આરાધતા સંતો - ભક્તોની રાવટીઓમાં ભજન બની જીવને હરિરસમાં તરબોળ કરી દે. પાંચાળ તો પવિત્ર ભૂમિ સંતોના પવિત્ર આશ્રમો અહીં ત્રણ દિવસ અન્નક્ષેત્રો ચલાવી રોટલાનો મહિમા ગાતા રહે છે.

તરણેતરનો મેળો વરસાદની મોસમમાં જ આવે, પાણીથી છલકાતું એનું સરોવર, પ્રેમથી વૃક્ષો વાવી ઉછરેલી ગ્રામ વાટિકા, વિશ્વ વિખ્યાત એવી સિંહને પણ પડકાર દે તેવી ગીર ગાયના સંવર્ધનને પ્રોત્સાહિત કરતું પ્રદર્શન પણ આ મેળામાં પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહે છે.

રાતની એક મસ્તી એટલે મેળાના ભાતીગળ છત્રી નીચે પથરાયેલાં રંગમંચ ઉપર પાંચાળના લોક કલાકારો દ્વારા જોડાતા ડાયરાઓમાં, એમના ઘેઘુર ગળામાંથી વહેતી રહેતી, લોકગીતો અને વાર્તાઓની રસતરબોળ કરી દેતી સરવાણીઓ, આખી રાત લોકો થાક્યા વિના અહીં બેસી રહી આ ધરતીના ગાનને માણ્યા કરે છે. પ્રવાસન નિગમના આગવા સંકુલમાં આવેલા નોખા રંગમંચ ઉપર દેશની વિવિધ સંસ્કૃતિઓ, કલાને વ્યક્ત કરતાં લોકનૃત્યો માણવાં એ પણ એક લ્હાવો છે.

દિવસ દરમિયાન બસ લોકો ફરતા જ રહે, ક્યારેક રસ્તાની આસપાસ લાગેલા પાથરણા બજારમાંથી તેઓ ખરીદી કરે તો 'ફજેત' તરીકે ઓળખાતા જાયન્ટ વ્હીલ્સ, જાદુના ખેલ અને મોતના કુવા સામ સામે દિલધડક રીતે દોડતી મોટર સાયકલ અને મારૂતિ કારનો ખેલ પણ એ અચુક જુએ જ.











સ્થાનિક કલાકારોના સ્વ-સહાય જુથો દ્વારા મોતીકામ, માટીકામ, વાંસકામ, ભરતકામ જેવી સુંદર કલાથી શોભતી ગૃહવપરાશની, સજ્જાની વસ્તુઓથી શોભતાં, પ્રવાસીઓને તે ખરીદવાનું સુંદર સ્થળ પુરૂં પાડતા ક્રાફ્ટ બજાર પણ હવે તો તરણેતરના મેળાનું આગવું અંગ બની રહ્યાં છે. ભરતકામ અને આભલાના ભરતથી શોભતી છત્રી અને લાગેલા રૂમાલના શણગાર તરણેતરના મેળાની એક ઓળખ છે. બહેને બનાવેલી આ છત્રીવાળો યુવાન કોઈ જુવાનડીના હાથને ખોળતો, ચારે તરફ નજરો દોડાવતો ઊભો હોય એ દશ્ય યાદગાર બની રહે છે. તરણેતરનું આ સ્વરૂપ એને મનપાંચમનો કે પરણેતરને મેળો એવું લાડકું નામ પણ આપે છે.

છેલ્લાં કેટલાક વર્ષથી યોજાતો ગ્રામીણ રમતોત્સવ મેળાનું આગવું આકર્ષણ બની રહ્યું છે. શણગારેલા ઊંટ ગાડા, બળદ ગાડા, અશ્વો અને અસવારો પણ આ મેળાને અનોખી રોનક આપે છે અને પાંચાળની ધરતીના ખમીર અને યુવાનીના સંસ્કારોને વ્યક્ત કરે છે. આ રમતોનું સંકુલ વિવિધ સ્પર્ધાઓથી ત્રણ દિવસ સતત ધબકતું રહે છે, આ સંકુલમાં થયેલું



પેરાગ્લાઈડીંગ પણ અદ્ભુત આકર્ષણ જમાવે છે. સ્પોર્ટસ ઓથોરીટ ઓફ ગુજરાતને આ મેળામાં રમતોત્સવનું આયોજન કરી એક નવા રંગનું પીંચ્છ મેળાની કલગીમાં ઉમેર્યું છે.

તરણેતરનો મેળો એનાં વિવિધ મનમોહક આકર્ષણો, ભક્તિ, શ્રધ્ધા અને સ્નેહ તથા ખમીરના અનોખા સંગમ અને પાંચાળની ધરતીની અનેકરૂપે વ્યક્ત થતી કલા સંસ્કૃતિની અભિવ્યક્તિના કારણે એના પ્રકાર એક અનોખો મેળો બની આજે સમગ્ર વિશ્વના પ્રવાસીઓને એના તરફ આવકારી રહ્યો છે.

સૌરાષ્ટ્રના ત્રણ મેળા પ્રખ્યાત છે, જેમાં (1) સાધુ-સંત ને ભકતજનોનો મેળો એટલે ભવનાથનો મેળો જુનાગઢ. કે જયાં દર મહાશિવરાત્રીએ મેળો ભરાય છે. જે અલખની આરાધનાનો મેળો છે. (2) માધવપૂરનો મેળો - પ્રેમલક્ષણા ભકિત કિર્તનનો મેળો છે.



(3) તરણેતરનો મેળો - જુવાનડાઓનો મેળો છે, પ્રેમનો મેળો છે. જયાં હૈયેહૈયાની ઓળખાણ થાય છે. વાતુ મંડાય છે, ને નકકી થાય છે. મેળો એટલે મેળામાં માણહ મેળે મેળે ભેગું થાય, મેળે મેળે મળે અને મેળે મેળે છુંટું પડે એટલે મેળો. અને આ તો પાછો મનપાંચમનો મેળો...

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના અને થાનથી 12 કી.મી.દૂર તરણેતર ગામ આવેલું છે. ગામના પાદરમાં ત્રિનેત્રેશ્વર મહાદેવનું મંદિર છે. તરણેતર એ ત્રિનેત્રેશ્વર પરથી અપભ્રંશ થયેલું હોય એમ લાગે છે.

આ વિસ્તાર પ્રાચીન કાળથી પાંચાળ પ્રદેશ તરીકે ઓળખાય છે. સૌરાષ્ટ્રનો પાંચાળ પ્રદેશ એટલે બનારસ અને હરિદ્વાર. ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિરની સ્થાપના અંગે ઘણી દંતકથાઓ પ્રચલિત છે. એક કથા મુજબ તેના મૂળ મહાભારત કાળમાં જાય છે. દ્રુપદ રાજાની નગરી પાંચાળમાં હતી તેવું માનવામાં આવે છે. દ્રૌપદીનું બીજું નામ પાંચાળી પણ હતું. તેનો સ્વયંવર ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં થયો હોવાની લોકવાયકા છે.

બીજી કથા એવી છે કે કણ્વઋષિએ અને બ્રહ્માએ અહીં મહાદેવની પૂજા કરી હતી.



બીજી લોકવાયકા મુજબ અયોધ્યાના સૂર્યવંશી રાજા યુવનાશ્વ નિઃસંતાન હોવાથી તેણે ગુરૂ વશિષ્ઠના સૂચનથી યજ્ઞ કર્યો હતો. તેનાથી જે પુત્ર જન્મયો તે માંધાતા. માંધાતાએ તરણેતરનું મંદિર બાંધ્યુ હતું. આમેય આ મંદિર 10મી સદીનું હોવાની શકયતા છે. પ્રાચીન મંદિરનો જીર્ણોદ્ધાર લખતરના રાજવી કરણસિંહજીએ ઈ.સ. 1902ની સાલમાં કરાવ્યો હતો.







ભાદરવા સુદ 4-5-6ના ત્રણ દિવસોમાં અહીં મેળો ભરાય છે. એમાં મોટો મહિમાં ઋષિપાંચમનો છે. આ દિવસે વહેલી સવારે મંદિર ઉપર વર્ષોથી પાળીયાદ મંદિરની બાવન ગજની ધજા ચડે છે. મંદિરના પટાંગણમાં આવેલા કુંડમાં ગંગાજી પ્રગટે છે. ને કુંડમાં નહાવા માટે ભાવિકોની ભીડ ઉભરાય છે. આ મેળામાં દેશ-વિદેશના પ્રવાસીઓ પણ આવે છે.

એવું છે આ અમારૂં તરણેતર,
ભેગા મળે, શેઠને વાણોતર,
તરબોળ હૈયાં, હરિરસકે પરણેતર,
આનંદ સઘળે શું પાદરકે ખેતર.
એવું છે આ અમારું તરણેતર...

આ મેળાનું ખાસ આકર્ષણ ભરતગુંથણ કરેલી છત્રીઓ છે. આ છત્રીમાં ધણી-ધણીયાણી આખું વર્ષ ભેગા બેસીને ભરતકામ કરે છે. તેમાં વિવિધ ડિઝાઈનો કરે છે. રંગરંગના રૂમાલ બાંધે છે, ઉપર મોર પણ રાખે છે.

મંદિરની પાસે લોકગીતો, ઢોલના સથવારે હુડો રાસ અને પાવાના સૂરે રમઝટ બોલાતી હોય. બીજી બાજુ રાત્રે મંદિરના પાછળના ભાગમાં અલખને આરાધતા આરાધકો ભકતજનોને હરિરસમાં તરબોળ કરી દે છે. ત્રણ દિવસના આ મનપાંચમના મેળામાં ગામે-ગામની આશરે અઢીસો કરતા પણ વધારે રાવટીઓ હોય છે. રાવટીમાં આવનારાને આવકારો, રહેવા માટે ઉતારો, પ્રસાદરૂપે બત્રીસ જાતનું ભોજન 'લેને કું હરિનામ, દેને કું અન્નદાન' તેમ વેદના સૂત્ર ચરિતાર્થ થતું જણાય છે.

તરણેતરનો આ મેળો ભકિત, શ્રધ્ધા અને સ્નેહનો અનોખો સંગમ થઈ આબાલ-વૃદ્ધ સૌને વરસો વરસ સાદ પાડી પાડીને બોલાવે છે.

એ... હાલો તરણેતરને મેળે, મેળામાં જાવાની જુગતી...

## ◆ ચોટીલા અને થાનગઢ :

રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલ ચોટીલા ખાતે ડુંગર ઉપર માઁ ચામુંડાના બેસણાં છે. જેના કારણે એ સૌરાષ્ટ્રનું મહત્વનું યાત્રાધામ બન્યું છે. અહીં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું જન્મ સ્થાન છે.

ચોટીલાથી અંદાજે 25 કી.મી.ના અંતરે આવેલ તરણેતર ગામે આવેલ ત્રિનેત્રેશ્વર મહાદેવના સ્થાને દ્રોપદીનો સ્વયંવર થયાની લોકવાયકા છે. જ્યાં જગવિખ્યાત તરણેતરનો લોકમેળો ભાદરવા સુદ ચોથ, પાંચમ અને છઠના દિવસે યોજાય છે. આ વિસ્તારમાં જુના સુરજદેવળનું પ્રાચીન સૂર્ય મંદિર, ચોટીલાના દક્ષિણે આણંદપુરનું અનંતેશ્વર મહાદેવ તથા નવલખો, ગુપ્તવાસ દરમ્યાન પાંડવોએ નિવાસ કર્યાની વાયકા છે તે ભીમગુફા, ચોબારીની ચૌમુખી વાવ, કાળાસરાના દંતકથા મહાદેવ અને મચ્છુમાતા, થાનનું વાસુકી મંદિર, અનસુયા કુંડ, ગેબીનાથનું ભોયરૂં, અવલીયા ઠાકર, બાવન હનુમાન જગ્યા જાણીતા ધર્મસ્થાનો છે.

આ ઉપરાંત તાલુકામાં આવેલ સિરામીક શહેર તરીકે વિકસેલું થાનગઢ પોટરી ઉદ્યોગ માટેનું મહત્વનું કેન્દ્ર બન્યું છે.

'દેવકાને દક્ષિણ દિશ, ઉત્તરમાં ફલકુ વહે,<br>
જેને થાન મઠ ને શેષ, એ પાંચાળ દેશ પાનિયો.'<br>
(જેની દક્ષિણે દેવકા અને ઉત્તરે ફલકુ નદી વહે છે, જ્યાં થાનગઢ<br>
જેવા પવિત્ર મઠ છે, તે જ આ પાંચાળ દેશ છે.)

થાનગઢ એ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાનું સૌરાષ્ટ્રનું એક પ્રાચીન શહેર છે. જે 022.17 અક્ષાંશ અને 070.49 રેખાંશ ઉપર આવેલું છે. જેને 'સ્કંદપુરાણ'માં સ્થાન કહેવામાં આવ્યું છે, આ બધા ઉલ્લેખો પુરાણું શહેર હોવાનું સૂચવે છે. થાન શબ્દએ સ્થાન નામના સંસ્કૃત શબ્દોનો અપભ્રંશ બનીને ગુજરાતીમાં એ શબ્દ બન્યો હોય. દ્રૌપદીના પિતાનું આસપાસના વિસ્તારમાં અહીં રાજ્ય હતું. 'સ્કંદપુરાણ' જણાવે છે કે આ શહેર અગાઉ કેટલાય ચોરસમાઈલના વિસ્તારવાળું મોટું શહેર હશે. જો કે એ બાબતના આપણને કોઈપણ આધારો મળતા નથી. કર્નલ ટોડ લખે છે કે મેં એક બુદ્ધિશાળી ભાટ પાસે વંશપરંપરાવૃતનો ચોપડો જોયો હતો. તેમાં સૌરાષ્ટ્રના પ્રાચીન નગરોનો ઉલ્લેખ હતો જે





મુજબ કંડોરણા કે કંડોલા બહુ સમય પહેલાં વિસલનગરી હતું. પછી શિલાનગરીમાં બદલી ગયું. પછી તિલાપુર અને થાનકંડોલા કે કંડોલા થયું એમ કર્નલ ટોડે ગ્રંથનો આશ્રય લઈ થાનનું એક મૂળ નામ વિસલનગર અને શિલાનગર અને તિલાપુર પણ જણાવે છે. ગ્રીક અને રોમનોએ જે ભારતના નગરોના વર્ણનો લખ્યા છે, તેમાં થિયોકીલા શબ્દ કે નામ આવે છે એ કદાચ થાન હોય તેવી માન્યતા શ્રી વર્જેસ ધરાવતાં હતાં.

સ્થાનનો સંસ્કૃત અને હિન્દીમાં અર્થ દેશ, પ્રતિષ્ઠાન, પ્રદેશ, ભવન, અખાડો કે ગઢ એવો થાય છે. જે અર્થો પણ આપણને એમ માનવા જ પ્રેરે છે કે સ્થાન એ સ્થળનું મૂળ નામ હશે અને ગઢ તેમાં ગઢ ઉપાસના સ્થળ હોવાની મારી ધારણા છે. આ થાનની પૌરાણિક મૂળમાં એક કાળે કણ્વ, ગાલવ, અંગીરસ, ઐતિથ્ય વગેરે ઋષિઓ વસતા હતા. થાન મહાત્મ્ય અને 'સ્કંદપુરાણ' તો નોંધે છે કે આ વિસ્તાર દેવકા પંચાળ તરીકે ઓળખાય છે, પાંડવોની પતિવ્રતા સ્ત્રી દ્રૌપદી અથવા પાંચાલીનું પિયર છે.

આ બધી જ બાબતોનો અભ્યાસ કરતાં એટલું ચોક્કસ કહી શકાય કે થાનગઢની ઉંમર એ અઢી હજાર વર્ષથી ઓછી તો નથી. સૌરાષ્ટ્રમાં માત્ર એવા ગણ્યા ગાંઠ્યા શહેરો અને ગામો છે કે એની આટલી પ્રાચીનતા હોય. થાનગઢ એ પ્રાચીનકાળમાં જ્યારે ભર્યુંભાદર્યું રહેતું હશે ત્યારે તેની સાથે વ્યવહાર કરનારા નીચેના શહેરો અને ગામો હતા. જૂનાગઢ, પ્રભાસપાટણ, પાલીતાણા, ઢાંક, તળાજા, બીલખા, વંથલી, જસદણ, પાટડી, વઢવાણ, દ્વારકા, માંગરોળ, ઉના વગેરે વગેરે હતાં. બાકી જામનગર (નવાનગર) ભૂજ, રાજકોટ, ભાવનગર, હળવદ એ કોઈ શહેરોનો ત્યારે જન્મ થયો નહોતો. આ રીતે જ્યારે આપણે ઇતિહાસના પાનેથી માહિતી મેળવીને સૌરાષ્ટ્ર ઉપર નજર નાંખીઓ ત્યારે બે હજાર વર્ષ પહેલાનું સૌરાષ્ટ્ર સાવ ખાલી ખાલી જ લાગે છે. પછી ધીરે ધીરે અન્ય ગામો અને શહેરો વસતા ગયા છે. આ રીતે ધીમેધીમે આટલું ગીચ સૌરાષ્ટ્ર બન્યું છે.

ઇતિહાસ જાણવાની આ મજા છે. આ જાણીને માણસ માત્ર જાણે કે પોતાની ઉંમર હજારો વર્ષની થઈ ગઈ છે તેવો અહેસાસ જરૂર અનુભવશે. આ થાનગઢે જો કે ગણ્યા ગાંઠ્યા સ્થાનિકો સિવાય પ્રાચીનતાનું સ્વરૂપ ગુમાવી દીધું છે, છતાં હું આપને એ દરેક સ્થળોનો ઇતિહાસ કહીને તેની સહેલગાહ કરાવીશ.

'સૌરાષ્ટ્રે પંચ રત્નાનિ - નારી, નીર, તુરંગમમ્
દક્ષિણે સોમનાથશ્ચ પશ્ચિમે હરિ - દર્શનમ્'

કાઠિયાવાડને - સૌરાષ્ટ્રને લોક સાહિત્યકારો - શાસ્ત્રકારોએ જેટલા બિરદાવેલ છે એટલા રાષ્ટ્રના બીજા કોઈ મલકને ત્યાંના કોઈ સારસ્વતોએ બિરદાવેલ નથી.

આ મહામૂલા મલકનો પાંચ રત્નો - નારી = સ્ત્રીશક્તિ, સતી, નીર = પાણી, ખમીર, હીર, નૂર - તરંગ = અશ્વ.

દક્ષિણમાં બિરાજતાં ભગવાન સોમનાથ અને પશ્ચિમમાં રક્ષા કરતાં ભગવાન શ્રીકૃષ્ણ અજોડ રત્નો છે.

એક દોહામાં તો એટલે સુધી કહી દીધું -

'કાઠિયાવાડમાં કોક દિ તું ભૂલો પડે ભગવાન,
તને કરૂં મારો મહેમાન, સરગ ભુલાવું શામળા'

આ ભૂમિ સંતો, સતીઓ અને શૂરાની છે. આ ભોમકા પર પત્નીને દાનમાં દેનાર ભગવાન સમ જલારામ, પુત્રનું મસ્તક વાઢી ખાંડણીએ ખાંડી તેનું ભોજન અભ્યાગતને પીરસનાર સગાળશા શેઠ જેવા ટેકધારીઓ પાક્યા છે. સુજ્ઞ વાચકો ! આંખો મીચીને અંતરમાં ઝાંખી કલ્પના કરો. વીરભાઈનો હાથ પકડીને સંતને સોંપવા ટાણાનું પતિ-પત્ની હાલરડાં ગાતાં ગાતાં પુત્રનું મસ્તક ખાંડણીએ ખાંડતા હશે તે યે કેવાં હશે ? જલારામની આજ્ઞાથી સંતને સાથે હાલી નીકળનાર મા વીરબાઈનો આત્મા કેટલો ઉચ્ચ કોટિનો હશે ! આથી લોકસાહિત્યકારોને લખવું પડ્યું હશે -

'પ્યારા પુત્રનું મસ્તક વાઢી તેનો ભોગ સાધુને ધરતાં,
ઘરની નારીને દાનમાં દેતાં લેશ નથી થરથરતાં,
સંતના સંતપણા રે મનવા નથી મફતમાં મળતાં,
નથી મફતમાં મળતાં એના મૂલ ચૂકવવા પડતાં - સંતના'

શ્રી ત્રિભુવન ગૌરીશંકર વ્યાસે આ ધરાને આમ કહીને બિરદાવી છે.

'ભારત ભોમની વંદુ તનયા વડી,
ધન્ય હો ! ધન્ય સૌરાષ્ટ્ર ધરણી'

સૌરાષ્ટ્રના બે અર્થો થાય : સહુનું રાષ્ટ્ર અને સારૂ - સુંદર - સરસ રાષ્ટ્ર.

આ પ્રદેશનું અમદાવાદ-વિરમગામ બાજુથી પ્રવેશવાળું દ્વાર તે ઝાલાવાડ. ન પાણિયો ને સૂકો ભઠ્ઠ પ્રદેશ એના માણસો ભારે મમતાળા.





## ◆ પંચાયતન મંદિર... :



ગામ : પરબડી, તાલુકો : ચોટીલા

સેજકપુરના નવલખા મંદિરને મળતું આવે છે. મુખ્ય મંદિરની બંને બાજુ બે નાના મંદિરો અને બીજા બે મુખ્ય મંદિરની દક્ષિણ-પૂર્વ અને ઉત્તર-પૂર્વ આવેલ છે. આમ મુખ્ય મંદિર સાથે અન્ય ચાર મંદિરોના સમૂહથી પંચાયતન મંદિર બને છે. મુખ્ય મંદિરનો ઘણો ખરો આગળનો ભાગ નષ્ટ થઈ ગયેલ છે.

દ્વારશાખના લલાટબિંબમાં ગણેશનું શિલ્પ શિવ મંદિર હોવાનું પ્રતિક છે. મુખ્ય મંદિર શિવનું અને તેની આજુબાજુના એટલે કે દક્ષિણ - પશ્ચિમનું મંદિર વિષ્ણુનું અને ઉત્તર - પૂર્વનું મંદિર સૂર્ય અથવા બ્રહ્માનું હોવાનું અનુમાન છે. મુખ્ય મંદિરની દક્ષિણ-પૂર્વ અને ઉત્તર-પૂર્વ આવેલા નાના મંદિર ભગ્નાવસ્થામાં છે.

સ્થાપત્ય દ્રષ્ટિએ આ સ્મારક 13મી સદીનું હોવાનું જણાય છે.

## ◆ ચૌમુખી વાવ/ તળાવ પાસેનું મંદિર...

ગામ : ચોબારી, તાલુકો : ચોટીલા



વાવમાં જવા માટે ચારેય તરફ એકબીજાને સમાંતર પ્રવેશ હોઈ, આનું નામ ચૌમુખી વાવ નામ પડ્યું છે. પગથિયા ઉતરી વાવમાં પ્રવેશ કરીએ તો વચમાં ચોરસ કુવો આવે છે. આમ આ વાવ મધ્યે કુવો આવેલ હોઈ, વાવ કરતાં કુંડ શબ્દ વાપરવો વધુ ઉચિત જણાય છે. વાવની દક્ષિણે એક ચોરસ મંડપ જેવું બાંધકામ છે. જેમાં ચાર ઉભા સ્તંભ છે જે ઉપરના આડા પાટડાને ટેકો આપે છે. વચ્ચેના બે સ્થંભો દક્ષિણ બાજુના પ્રવેશદ્વાર સાથે જોડાયેલા હોઈ, ચોરસ મંડપ બને છે. વાવના પ્રવેશદ્વારની દિવાલમાં ગવાક્ષો છે જેમાં સપ્તમાતૃકા, મહીસુર મર્દિની, શેષાઈ વિષ્ણુ, શિવ તથા વિષ્ણુની પ્રતિમાઓ કંડારેલ છે. સ્થાપત્ય પરથી આ વાવ 12મી સદીની હોવાનું જણાય છે.

## ◆ શ્રધ્ધાનું સ્થળ : ચોટીલા ડુંગર :




મુખ્યમથક અમદાવાદ રાજકોટના રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર સૌરાષ્ટ્રનું મહત્વનું યાત્રાધામ ચોટીલા આવેલું છે. જિલ્લા મથક સુરેન્દ્રનગરથી 65 કિ.મી. છે. મોટાભાગના ખાચર કાઠીઓનું આ વિસ્તાર મૂળ પરગણું.

ચોટીલાના ડુંગર માથે માઁ ચામુંડાનો વાસ છે. 1173 ફૂટની ઊંચાઈએ આવેલું માનું મંદિર શક્તિપૂજાની જ્યોતને ઝળહળતી રાખી રહ્યું છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું જન્મ સ્થળ ચોટીલામાં આવેલ છે.

દર મહિનાની પૂર્ણિમાએ, માઁ શક્તિના વાર એવા રવિવારે અને નવરાત્રિ દરમિયાન સવિશેષ રીતે યાત્રાળુઓનો પ્રવાહ ચારે દિશાએથી પગપાળા ચાલીને ડુંગરે વસેલી માઁ ચામુંડાના દર્શને ઉમટી પડે છે, આમ તો માના પાળે હરપળ માનવી પોતાની ભક્તિની ઝોળીમાં શ્રધ્ધાનું ભાથું લઈ આવતો જ રહે છે અને પોતાનાં દુ:ખ દૂર થતાં અનુભવે છે.

જિલ્લાનાં વન વિભાગે વર્ષો પહેલા બોડો ડુંગર કહેવાતા ચોટીલાને લીલીછમ હરિયાળીવાળા વન વિસ્તારમાં પલટાવવા કરેલ અણથક પ્રયાસોના ફળ ડુંગરની આસપાસ વિસ્તરેલી લીલી વનરાજીમાં જોઈ શકાય છે.

ચોટીલા ડુંગર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા માતાના દર્શન માટે જતા સમગ્ર માર્ગ સુંદર પગથિયાં અને માથે છાયાં આપતા શેડવાળો બનાવાયો છે. શ્રધ્ધાળુઓ પછી તે ગમે તે ઉંમરના હોય, આસાનીથી પસાર કરી માનાં મંદિર સુધી પહોંચી શકે છે.

ચોટીલા ડુંગરથી તળેટીમાં દેવસ્થાન ટ્રસ્ટ તરફથી સુંદર રસોડાની તથા પથિકાશ્રમની સવલત ઉભી કરાઈ છે. આ સ્થળ પ્રવાસીઓની સગવડોને ધ્યાને રાખી વિકાસ પામી રહ્યું છે. જિલ્લાનું વહીવટી તંત્ર પણ આ પવિત્ર દેવસ્થાન, યાત્રાધામના વિકાસ માટે વિકાસનું સુરેખ આયોજન કરી રહ્યું છે.





## ◆ ભક્તિવન ચોટીલા :






ચોટીલા ખાતે ચામુંડા માતાના ડુંગરની તળેટીમાં આશરે 12 એકર જમીનમાં ભક્તિવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. ભક્તિવનમાં લેન્ડ સ્કેપીંગની કામગીરીથી સમગ્ર વિસ્તારને ત્રણ મુખ્ય ભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે. (1) તુલસીકુંડ (2) ભક્તિવન સંકુલ (3) પુનિતવન સંકુલ. જે પૈકી તુલસીકુંડનું બાંધકામ તથા તેને ફરતે 108 તુલસીક્યારા, બે આકર્ષક વનકુટીરના બાંધકામ, મુખ્ય વિશાળ દરવાજો, કલાત્મક અને વૈજ્ઞાનિક અભિગમ ધરાવતો ફુવારો, ઓવરહેડ ટેન્ક, બે લોન વિસ્તાર, રસ્તાઓ પર બ્લોક, કર્બીંગ, પગથિયા, તમામને ફરતે રેલીંગ ઉપરાંત બે છેડા પર બે વધુ દરવાજા વગેરેનું ભક્તિવન સ્થળે સુંદર રીતે બાંધકામ આવલે છે.

તુલસીકુંડની ચારે બાજુએ પથ્થર પેચીંગ કરી ઉપરના ભાગે તથા પાણીના ધોરીયામાં ગ્લેઝ ટાઈલ્સના ટુકડાથી સુશોભિત કરવામાં આવેલ છે. આ કુંડને ફરતે ગ્લેઝ ટાઈલ્સના ટુકડા લગાડેલ 108 તુલસી ક્યારાઓ બનાવી તેમાં તુલસીના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. આ કુંડને ત્રણ બાજુએ રસ્તા આવેલ છે. તુલસીકુંડ ફરતે પ્રદક્ષિણા કરવા માટેની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. તુલસીકુંડના સુશોભન માટે તેને ફરતે બેડ બનાવવામાં આવેલ છે. બાગબગીચામાં સિંચાઈ માટે પાણીનો બોર, પાણીની સુંદર પરબ, ઓવરહેટ ટંક, ઐતિહાસિક અને પૌરાણિક કથકથિત એક સુંદર ડિસ્પ્લેસેન્ટર, ટોયલેટ વગેરેનું આકર્ષક બાંધકામ કરવામાં આવેલ છે.

ભક્તિવન સંકુલની વચ્ચે વનકુટીર (વૃક્ષ આકારમાં) તથા તેની ફરતે નવ આદ્યશક્તિ માતાજીના નવ વનોનું નિર્માણ કરેલ છે. દરેક વનોને ફ્લાવર બેડ (જાસુદ)થી વિભાજીત કરેલ છે તથા તેના પર ગ્લેઝ ટાઈલ્સના ટુકડા લગાડી 51 શક્તિપીઠના માતાજીની વિગત સાથે

લોકોને જાણકારી મળી રહે તે રીતે ગોઠવવામાં આવેલ છે. વચ્ચે આવેલ પરિસરમાં એક યંત્ર મુકેલ છે. જેમાં રૂા. 5/- નો સિક્કો નાખવાથી માતાજીના શ્લોકનો મધુર અવાજ સાથે જ નજીકના વૃક્ષ વાવેતરમાં ગોઠવેલ ત્રિશુળમાંથી પાણીની ધારાઓ અભિષેક થાય છે જે પાણીથી વાવેતર કરેલ રોપાને સિંચી શકાય તેવી સુંદર વ્યવસ્થા ઉભી કરેલ છે.

આ ભક્તિવન સંકુલમાં એક તરફ શ્રી ચામુંડા માતાજી પુષ્પવાટિકા બનાવેલ છે. શ્રી ચામુંડા માતાજીને અર્પણ થતાં પુષ્પો કમળ, જાસુદ, ગુલાબ અહીંથી જ મળી રહે તેવી વ્યવસ્થા રાખેલ છે તથા એક તરફથી ત્રિફળાવન બનાવી તેના ત્રણ ભાગમાં આમળા, હરડે તથા બહેડાના વૃક્ષોનું વાવેતર કરેલ છે. આ સંકુલમાં એક રોપ વિતરણ કેન્દ્ર બનાવેલ છે. જેમાંથી દર વર્ષે ચોમાસા દરમિયાન લોકોને રોપ વિસ્તરણ કરી શકાય તથા ભવિષ્યમાં બાગબગીચાના જાળવણી માટેના રોપા સાચવી શકાય છે.

પુનિતવન સંકુલની વચ્ચે વનકુટીરનું બાંધકામ કરીને તેને ફરતે ચાર વનો (1) બાળ નિરોગી વન (2) નક્ષત્ર વન (3) રાશીવન (4) ગ્રહવાટિકાનું નિર્માણ કરવામાં આવેલ છે. સંકુલની બંન્ને બાજુએ  લોન વિસ્તારો બનાવેલ છે જેમાં બેસવા માટેની બેન્ચ મુકી સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

આખા ભક્તિવનની વચ્ચોવચ એક ફુવારો મુકેલ છે. જેમાં બે હોર્સપાવરની મોટર દ્વારા ફક્ત જળશક્તિ વડે તેની ઉપર રાખેલ અંદાજીત 500 કિ.ગ્રા. થી વધુ વજનનો મારબલનો મોટો ગોળો ગોળ ફરે છે અને પાણી નીચે પડે છે અને સુંદર ફુવારો આકર્ષણનું કેન્દ્ર બને છે.

ભક્તિવન સંકુલમાં લોકોને બેસવા માટે 50 જેટલી બેન્ચ મુકેલ છે. તમામ ફલાવર બેડમાં કુલ મળીને 35000 ફલાવર્સના રોપા તથા વનોના નિર્માણ અને ફરતે અન્ય વૃક્ષો 10000 મળી કુલ 45000 રોપાઓનું વાવેતર કરેલ છે તથા નયનરમ્ય બગીચો વૃક્ષ વાવેતર ભક્તિવનના આકર્ષણનો અહમ હિસ્સો છે.

ભક્તિવન પરિસરમાં વાતવરણને રમણીય બનાવવા માટે 22000 ચો. ફૂટ વિસ્તારમાં સુંદર લોન એરીયા (ઘાસ) તૈયાર કરવામાં આવેલ છે. સાથોસાથ લોકોની જરૂરીયાત માટે સ્વચ્છ પીવાનું પાણી તથા ટોયલેટ મુકવામાં આવેલ છે.

ભક્તિવનમાં લોકોને કોઈપણ સ્થળેથી આખા સંકુલમાં ફરી શકે તે હેતુથી રસ્તાઓનું નેટવર્ક પેવર બ્લોક વડે બનાવવામાં આવેલ છે.





## ◆ આણંદપુર (ભાડલા) :

આણંદપુર એ ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં આવેલું એક ભૂતપૂર્વ રજવાડું હતું. જે મુખ્યત્વે આણંદપુર-ભાડલા તરીકે ઓળખાય છે.

જૂના સમયમાં આ ગામ અહિલવાડ પાટણના રાજાઓનું થાણું હતું અને અહીં આવેલું મંદિર સિધ્ધરાજ જયસિંહે બંધાવેલું હોવાનું કહેવાય છે, પરંતુ બારોટો તેને રાજા અનંત ચુડાસમા દ્વારા બંધાવેલ કહે છે. બારોટો અનુસાર તેની સ્થાપના 1068 (સવંત 1184) માં ચુડાસમા આનંદ અથવા અનંત દ્વારા થઈ હતી. જેણે મોટું શિવ મંદિર બંધાવેલ છે. આ મંદિરને અનંતેશ્વર અને હવે અપભ્રંશ થઈને અંતેશ્વર મહાદેવનું મંદિર કહે છે. આણંદપુર 1264 (સવંત 1 1320) માં ઉજજડ બન્યુ. 1608માં કાઠીઓ દ્વારા તેને ફરી વસાવવામાં આવ્યું.

આ મંદિર 12 મી સદીના પ્રાચીન શૈલીનું ઉત્તમ ઉદાહરણ છે. ‘અનંતજશ્વર’ નામ પણ રાજા અનંતના નામ પરથી પડયું હોવાનું કહેવાય છે. મંદિર ઊંચા પ્લેટફોર્મ (જગતો) પર બનાવેલું છે. અને તેમાં ગર્ભગૃહ, આંતરાળ અને મંડપ જેવા ભાગો છે

1857ના સ્વાતંત્ર્ય સંગ્રામ વખત મંદિરના ઓરડાએ છુપાવવાનું સ્થાન બન્યા હતા. તેઓ હવે ‘બ્રહ્મચારી નિવાસ’ કહેવાય છે. કાઠીઓ દ્વારા 1857માં મંદિરનો જિર્ણોધ્ધાર કરવામાં આવ્યો હતો.

આણંદપુર ઠાંગા પર્વતમાળામાં આવેલું છે. જેમાંના કેટલાંક પર્વતોના ઉંચાઈ હજાર કીટ કરતાં વધુ છે. આ ટેકરાઓમાં શ્રાવણ વદમાં (જુલાઈ- ઑગસ્ટ)માં મેળો ભરાય છે. આણંદપુરની આજુબાજુના ઘોડાઓ પ્રખ્યાત છે.

આણંદપુરના ખાચર કાઠીઓ ચોટીલા રાજવંશની શાખાના છે જેમણે બ્રિટિશ શાસન દરમિયાન આ ગામ મેળવ્યું અને તે ચોટીલાનું અલગ ખંડણી ભરતું થાણું હતું.

મહમંદ ગઝનીની ચડાઈઓનો - ભોગ આ મંદિર પણ બન્યું હતું.

### આણંદપુર દાના ભગતને આપા જાદરાએ આપેલ

પાંચાળને ગામે ગામે દયા અને દાનના બીધ દેવા જાદરા ભગત એકવાર આણંદપુર ભાડલા નામે ગામમાં આવી પહોંચ્યા છે. જાદરો તો પીર ગણાતો. દુખિયા, અપંગ,

આંધળાં, વાંઝિયાં, તમામ આવીને એની દુવા માંગતા.

ત્યાં એક વિધવા બાઈ નાનપણથી જ બેય આંખે અંધ એવા છોકરાને આપા જાદરાની પ્રસાદી લેવા આગળ કહે છે અને જાદરા બાપુએ માથે હાથ મૂકીને કહ્યું કે, બાપ દાના તારે તો દુનિયાને દેખાતી કરવાની છે તું કેમ અંધ રહી શકે. આમ તેને આપા દાનાને આંખો આપી, ને અંધ છોકરો દેખતો થાય છે.

તેની એક દુહા પણ છે

કર મુક્તા શીર પર દાનો દેખતો થાય
વાત અજબ કહેવાય જગ વખાણે જાદરા

### આણંદપુર કન્યા શાળા :

ખૂબ જ ગર્વ અને ખુશીની વાત છે કે વર્ષો પહેલા જ્યારે શિક્ષણનું ચલણ સાવ ઓછું હતું. ત્યારે આણંદપુર ગામમાં તા. 1-8-1883 ના રોજ ગામમાં કન્યાશાળાની સ્થાપના કરવામાં આવી.

### આણંદપુર કુમાર શાળા :

આણંદપુર ગામમાં કુમારશાળા પણ રાજાશાહી વખતની છે. તારીખ 12-1-1886 ના રોજ શાળાની સ્થાપના કરવામાં આવેલ. એકદમ આકર્ષક બાંધકામવાળી કુમાર શાળાની ઈમારત હતી. ગામના તેમજ આજુબાજુના દરેક સમાજના વિદ્યાર્થીઓએ આ શાળામાં શિક્ષણ મેળવ્યું છે.

### ◆ ભોયરાગાળો :

ભોયરાગાળો એ ચોટીલા તાલુકાના આકડિયા ગામ, જીવાપર ગામ, ગુંદાગામના તરભેટે આવેલ છે. ચોટીલાથી આશરે 35 કિ.મી.ના અંતરે આવેલ એક પ્રાકૃતિક અને આહલાદક સ્થળ છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં અહીંના પહાડો ખૂબ જ સુંદર દ્રષ્યમાન થાય છે. અહીં વર્ષો જૂનો એક વિશાળકાય વડલો આવેલ છે. અહીં રોજે રોજ 15 થી 20 મણ અનાજની ચણ પક્ષીઓને નાખવામાં આવે છે. અહીં પ્રકૃતિ ને સંસ્કૃતિનો સમન્વય થાય છે.





## ◆ અતિ સૂર્યમંદિર - જૂના સૂરજદેવળ :



થાનને ભારતના અતિ પ્રાચીન પ્રદેશોમાનું એક ગણવામાં આવ્યું છે. એની આસપાસનો સમગ્ર પ્રદેશ જે એના સ્થાનોને સાચવી બેઠો છે એની મહત્તાએ આ થાનનગરને વિશિષ્ટ મહત્વ આપ્યું છે. થાન એટલે આ પ્રદેશના પવિત્ર યાત્રા સ્થળોની મુલાકાતે આવતા અને અહીં જ વસતાં સંતોની ભૂમિ.

કિંવદંતી અનુસાર સતયુગની આ વાત સાથે આ પ્રદેશ સાથે જોડાયેલો છે. એવી પુરાણખ્યાત કથા છે કે સતયુગમાં સૂર્યવંશના પ્રતાપી રાજવી માંધાતાના હાથે અહીંના સૂર્યમંદિર (સૂરજદેવળ) નું નિર્માણ થયું હતું.

થાન જોજનો પહોળા અવની પટ ઉપર વિસ્તરેલું હતું. અહીં 2,50,000 જેટલા માનવીનો નિવાસ હતો. સ્વંય નારાયણ અને લક્ષ્મીજીએ આ પ્રદેશની મુલાકાત લીધી હોવાની દંતકથા પણ છે. થાનનો મધ્યમ કિલ્લો કંડોલ કહેવાતો. આ કંડોલ પાસે જ સૂરજદેવળનું સ્થાન આજે પણ વિદ્યમાન છે.

એક કથા એવી છે કે વાલોજી નામના કાઠીના પાછળ પાવાગઢથી જામ આબડાનું કટક પડેલું. જામ વાલોજીએ થાનના કિલ્લામાં આશ્રય લીધો હતો. જામ આબડો ગઢને ઘેરો નાખીને પડયો હતો. ચિંતિત વાલોજીને કાઠીઓના કૂળ દેવતા સૂર્યદેવે સ્વપ્નમાં આવી દર્શન દઈ સહાયની ખાતરી આપી. વાલોજી કાઠી હિંમતથી જામ આબડા સાથે લડયા. જામને કચ્છમાં નાસી જવું પડયું અને ઉપકાર વશ વાલોજીએ કંડોલા ટેકરી પરના પ્રાચીન સૂર્યમંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો.

સમયાંતરે અહીં આવેલા અને લાખામાચીના નિર્માણમાં સહયોગી બનેલા ફુલાણીએ પણ આ મંદિરનું સમારકામ કરાવ્યાના ઉલ્લેખ છે.

વિ.સ. 1272 માં કાઠી દરબારો કચ્છ પ્રદેશમાંથી થાનગઢ આવીને વસ્યાં. એ સમયે

અહીં પરમારોનું રાજય હતું. પરમાર દરબારોના ઇષ્ટદેવ માંડવરાયજી એ શ્રી સૂર્યનારાયણ જ છે. આ ઈષ્ટદેવનું ઐકય કોઈ અણજાણી વાતનું સુચક છે.

થાનગઢ પાસે આવેલા જુના સૂરજદેવળ એ સમયે ભવ્ય જાહોજલાલીથી શોભતું એવુ સૂર્ય ઉપાસનાનું કેન્દ્રસ્થાન હતું. પૂર્વાભીમુખે આ મંદિર રથઆકારે શોભતુ, આસપાસ નવગ્રહ મંદિર અને કશ્યપ મંદિર આવેલું છે.સૂર્યોદયના સમયે પૂર્વના ઝરૂખેથી સૂર્યના કિરણોથી મંદિરની મૂર્તિ ભવ્યતાથી ઝળહળી ઉઠે છે. જે તે સમયે શ્રી મુળી ઠાકોર સાહેબ દ્વારા જીર્ણોધ્ધાર કરવામાં આવેલો. જેનો ઉલ્લેખ નીચેના દુહામાં મળે છે.

પહેલી ધજા પરમારની જુના સૂરજદેવળ ચડે,
માર્તંડ (સૂર્ય)ને માંડવરાય એક જ છે, જુગે જુદા નહી પડે.



હાલમાં પણ મુળી ઠાકોર સાહેબ મહારાજા જીતેન્દ્રસિંહજી તથા યુવરાજ રણજીતસિંહજી દ્વારા વંશ પરંપરાગત રીતે ભાદરવા સુદ ચોથના રોજ ભગવાન શ્રી સૂર્યનારાયણના મંદિરે (જુના સૂરજદેવળ) નિયમિત ધજા ચડાવવામાં આવે છે. આ પુરાતન મંદિર હોવાથી ભારતીય પુરાતત્વ વિભાગ ન્યુ દિલ્હી દ્વારા રક્ષિત જાહેર કરેલ છે. સોનગઢના પ્રગટ જાદરાપીરના વંશજો હાલમાં વંશપરંપરાથી મહંત તરીકે સેવા આપે છે. વર્તમાન સમયે શ્રી દિલીપબાપુ મહંત તરીકે હાલ સેવા બજાવી રહ્યા છે. પ્રતિ વર્ષ વૈશાખ સુદ-4 (ગણેશચોથ)ના રોજ કાઠી દરબારો સાડા ત્રણ દિવસના ઉપવાસ અને યજ્ઞ હવન કરે છે.

અવાર નવાર થયેલા જીર્ણોધ્ધાર-સમારકામોએ મૂળ મંદિરને ખૂબ જ અસર કરી છે અને હાલ એ પૂરાતન સૂર્યમંદિરની ભવ્યતા એના અવશેષમાં ખોવાયેલી મંદિરની આસપાસ નજરે પડે છે. હાલ આ મંદિર પુરાતત્વ વિભાગના રક્ષિત સ્મારક તરીકે છે.





## ◆ બાવનવીર હનુમાન - નાની મોલડી :

### મોલડીના સંત : આપા રતા



'રતા ભગતી રાખવા
જ્ઞાન આપીયા ગૂઢ,
જાલો જયતો ને
જાદરો, ત્રણેય તારિયા તુંડ'

રાજકોટથી ચોટીલા જતા બામણબોર પાસે મોલડી ગામ આવેલું છે. આપા રતાની જગ્યા ગામની ધારે આવેલી છે. આ જગ્યામાં બાવનવીર હનુમાનજીની પૂજા થાય છે. તેની સ્થાપના આપા રતાએ કરી હોવાનું માનવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં આ એકમાત્ર આ જગ્યા છે જયાં બાવનવીર હનુમાનની પૂજા થતી હોય.

ઘેલાશાના ભરવાળા પાસેના કુંડળ ગામેથી કાઠીના ત્રણ કુટુંબ નીકળ્યા. એક વિછીયા પાસે સાલવડા (હાલનું અમરાપર)ત્યાં ગયું. બીજુ કુટુંબ ચુડા પાસે ચોકડી રોકાણું અને ત્રીજું કુટુમ્બ ઠાંગામાં આવ્યું. જેના આગેવાન હતા વિહા ખાચર.

વિહા ખાચર બહુ દયાળું. પાંચ-પચીસ માણસોનું ભોજન તો અમથુંય હોય. એમની ઓથમાં બીજા લોકો દંગા નાખીને રહે. એ વખતે ઠાંગામાં એક સંત બિરાજતા હતા. દાદા મેકરણ પાસે ગધેડો ને કૂતરો એમ આમની પાસે પાડોને કૂતરી. પાડા ઉપર વિવિધ ખાના મુકાઈ જાય. ગામલોકો એમાં લોટ, દાળ, ગોળ જે તે ખાનામાં નાખે. કૂતરી પાડાને ગામમાં ફેરવી આશ્રમમાં હાલી નીકળે. એમ સંતનું સદાવ્રત હાલે. ઠાંગાના માણસો એટલાં પ્રેમાળ કે, પાડાને સોનાનું નાકર બનાવી દીધેલું.

એક દિવસ એવું બન્યું કે... વિહા ખાચરની ઓથમાં રહેલાં કેટલાંક માણસોને અવળી કમતી સુઝી. કૂતરીને તલબાવરડાનું ઝરડું મારી ભગાડી. ને પાડાનું નાકર પડાવી લીધું, લોટનો ખડિયો ખંખેરી લીધો.

તપાસ કરીને સંતે વિહા ખાચરને તેડાવ્યા.સાથે રહેલાં મોટા દિકરા ઉપર સંતની દૃષ્ટિ

પડી. એ જ આપા રતા.

સમય જાતા વિહા ખાચર અવસ્થાએ પહોંચે છે. બધો વહીવટ આપા રતાના હાથમાં આવ્યો. એ વખતના લોકો લોઠકા માણસોનો આશરો ગોતતા. ધીરે ધીરે માણસો વધી ગયા, એક દિવસ બધા ભેળા મળી આપા રતા પાસે ગયા. પોતાના ઝુંપડા ઉપર નળિયા નાખવાની વાત કરી.

નળિયા નાખવા માટે થાનથી કુંભારોને બોલાવ્યા.એક દી અચાનક વરસાદ આવે અને થાનના મૈપા ભગતની નાસ્તિક એવા આપા રતા મશ્કરી કરે છે. પણ વરસાદમાં નળિયા પલળતા નથી. એ જોઈ આપા રતા પણ ભક્તિના મારગે વળે છે. બધો વહીવટ નાના ભાઈને સોંપી દે છે. પરસેવો પાડીને ગુજરાન ચલાવે છે.

'રતા ચાકર રામકા, ખરા મશારા ખાય,
પરસેવો પાડ્યા વિના, કદી ખપે ન કાય.'

એકવાર વડલીવાળા ખેતરમાં હળ ફસાય છે. જુએ તો સોનાના ચરૂ. જયાં જયાં હળ ચલાવે ત્યાં ચરૂ. આપા રતા ઘેર આવતા રહે છે. રાત્રે માયા (લક્ષ્મી) સપનામાં ઘેર આવવાનું કહે છે. ત્યારે મારે કાંઈ જોતું નથી. આવવું જ હોય તો દીકરી થઈને આવો એમ માગે છે. 55 વરસની ઉંમરે દીકરીનો જનમ થાય છે.

અવસ્થાએ આંટો લીધા પછી યાદ આવ્યું કે હું દ્વારિકા ન ગયો. શ્રદ્ધાળુઓ રાજી થયા અંધશ્રદ્ધાળુઓ ઠેકડી કરે છે. ભાભાને અત્યારે દ્વારિકા સાંભર્યું. એક દી મૂરત જોઈ હાલી નીકળ્યા. વળાવીને ગામ પાછું વળ્યું.

હાલતાં- હાલતાં પાંચ-દસ ગાઉ ગયા. નદીના કાંઠે વડ નીચે બેઠા. ત્યાં એક માણસ ખબર અંતર ગામ-નામ વગેરે પૂછે છે. પછી એ માણસ દાંત કાઢે છે.

'કેમ દાંત આવ્યા ?!' એમ ભગત પૂછે છે.

'ન આવે ! તમારી સ્થિતિતો જુઓ. કયાંક રસ્તામાં રહેશો.'

'જેવી હરિની મરજી, મારે દ્વારિકા જવાનું છે. પોગાડે કે ના પોગાડે બધી એના હાથની વાત છે.'

આટલું બોલવાનું કરે ત્યાં તો તેજનો પૂંજ વછુટયો. જોયું તો સાક્ષાત હરિ.





એમણે કહ્યું : 'ભગત તમારી યાત્રા પૂરી થઈ ગઈ. ઘરે જાતા રહો.'

'પણ મારૂં કોણ માને ? કે મેં તમારા દર્શન કર્યા.'

ને બેય બાવડા ઉપર છાપુ લાગી ગઈ અને હનુમાનજી સાક્ષી પૂરશે. એમ કહેતા ભગત પાછા વળ્યા. ગામ લોકો દ્વારિકાની છાપુ જોઈ અચંબા પડયા.

કૃષ્ણ દર્શનથી ભગતની કીર્તિ વધી ગઈ. સામૈયા કર્યા. ગાતા ગાતા ગામમાં ફરે છે. એમ ફરતા ફરતા પાદરે આવે છે. એક ટેકરા ઉપર આવી કહે છે : 'અહીં ખોદો.'

ખોદતાની સાથે જ હનુમાનજી દેખાણા. એક પછી એક બાવન હનુમાનજીની મૂર્તિ સિંદુર ચડાવેલી નીકળી. ત્યાં રામકથાનું આયોજન થયું. પછી બાવન હનુમાનની જગ્યા બાંધી. પોતાની તમામ જમીન આ જગ્યાને આપી દીધી.

ભાદરવા સુદ સાતમ આપા રતાની તિથિના દિવસે અહીં મેળો ભરાય છે, અને હનુમાન જયંતિનો ઉત્સવ પણ ધામધૂમથી ઉજવવામાં આવે છે. પ્રાચીન અને ઐતિહાસિક સ્થળની અંદર આપા રતાની સમાધિ આવેલી છે. અને તેમના પછી થયેલા સંતોની દેરીઓ પણ છે.

## ◆ બીલીગાળેશ્વર મહાદેવ મંદિર :

ચોટીલાથી આશરે 15 કિમી દૂર નાળિયેરી ગામની સીમમાં આવેલું બીલીગારેશ્વર મહાદેવ મંદિર એ આ વિસ્તારનું આધ્યાત્મિક મહત્વ ધરાવતું સ્થાનક છે. માંડવધારની ડુંગરમાળાઓ અને પ્રકૃતિના ખોળે બિરાજતા આ મહાદેવની શોભા અનેરી છે. અહીં જઈને જુઓ તો તમને નામ પાછળનો ઇતિહાસ તરત જાણવા મળી જાય. મંદિરની આજુબાજુના વિસ્તારમાં ઘણા બધા બીલીના વૃક્ષ આવેલા છે અને આ મંદિર ડુંગરોની વચ્ચે ખીણમાં આવેલું હોવાથી મંદિરનું નામ બીલીગાળેશ્વર મહાદેવ મંદિર પડ્યું હોવાનું મનાય છે. અહીં ચોમાસામાં આ વિસ્તાર સોળેય કળાએ ખીલી ઉઠે છે. નાના નાના પાણીના વોકળા નાના નાના ડુંગરોની હારમાળાની વચ્ચે થઈને વહે છે. ડુંગરાઓ ઊંચા નથી ઢંકાઈ જાય છે. આ લીલાછમ ડુંગરાઓને જોતા જ મન પ્રફુલ્લિત થઈ જાય છે. એટલે ઘણા શ્રદ્ધાળુઓ અહીં શાંતિ અને સાધના માટે આવે છે.અહીં ચોમાસાની ઋતુમાં દર્શનાર્થીઓની ભીડ વધારે રહે છે.

## ◆ ગેબીનાથ

ગોફણ તો ગેબી તણી,
જેને વાગી રૂદિયામાંય
ચારો દિશાએ દીપક જલે,
પશ્ચિમ ધરાની માય. વાગે છે.



દેવભૂમિ પાંચાળમાં થાનથી આશરે ત્રણેક કિ.મી.ના અંતરે તરણેતરના રસ્તે ગેબીનાથના ભોંયરૂ તરીકે ઓળખાતી જગ્યા આવે છે. બે સામસામા ડુંગર પર જુના સુરજદેવળ અને બીજા પર ગેબીનાથના બેસણા છે. અત્યાર તો ભોંયરૂ બંધ કરવામાં આવ્યું છે. પણ આ જગ્યા આજે પણ ગેબીનાથના ભોંયરા કે સ્થાનક તરીકે ઓળખાય છે.

પ્રાચીન ઇતિહાસમાં જણાવ્યા મુજબ કચ્છના ઓઢા-જામ અને હોથલ છુટા પડ્યા બાદ હોથલદેએ પોતાના ત્રણ પુત્રો જેસલજી, જખરોજી અને નાના ગંગોજી અલગ અલગ આશીર્વાદ આપ્યા. જેમાં જેસલજી બાદશાહી ઇલ્કાબ ધારણ કરશે, જખરજી દાતાર થશે ને ગાંગોજી ગીરના રાજા થશે અને જંગલના લોકો તેની તહેનાતમાં રહેશે અને પાછલી અવસ્થામાં સાધુ થશે.

ગાંગોજી ગીરમાં આવ્યા. ગીરની અઘોર વનરાજીમાં તેમને નવનાથ પૈકીના ગોરખનાથનો મેળાપ થયો. સંસારી યુધ્ધથી થાકેલા ગાંગોજીને વૈરાગ ઉપજતા દિક્ષા લઈ કાળ ભગવાન સામે યુધ્ધ આરંભ્યું. ગુરૂ ગોરખનાથની સેવા કરતા કરતા ગાંગોજી સીધી ગયા. શિષ્યની ગુપ્ત અને પરાક્રમી સિધ્ધિઓ જોઈ ગોરખને તેમને 'ગેબીનાથ' નામ આપ્યું. ગેબીનાથે ગિરનારની ભૂમિમાં આકરી તપશ્ચર્યા કરી પછી ગોરખનાથનો આદેશ લઈ પાંચાળમાં ઉતર્યા અને થાનગઢ પાસે ગુફામાં ધૂણી ધખાવી યોગાસના કરતાં.

થાનગઢ પાસે ગેબીનાથનું જ્યાં સ્થાનક છે તે ડુંગરની હેઠવાસમાં ગામ વસેલું છે. આશરે 150 વર્ષ પહેલા આ ગામ વસ્યું હતું. ગેબીનાથે જ્યાં તપ કર્યું તે ભોંયરૂ હાલ ઘણા વર્ષોથી બંધ છે પરંતુ તેના ઉપરથી ચાલીને તો નીચે પોલાણ હોય તેવો અવાજ સ્પષ્ટપણે સાંભળી શકાય છે. અગાઉ ત્યાં નાનકડી ઝુંપડી હતી. આજે મોટું મંદિરબનાવવામાં આવ્યું છે. ગેબીનાથના બે પ્રતાપી સંત શિષ્ય મેપા ભગત અને મોલડીના કાઠી ગલઢેરા આપા રતાએ શિષ્ય પરંપરા આગળ ધપાવી તેવામાં આપા જાદરા, આપા ગોરખા, આપા દાના, આપા વિશામણ, ગીગા







ભગત વગેરે. લોકોક્તિ પ્રમાણે પાંચાળ ભક્તિના બીજ ગેબીનાથે રોપ્યા છે.

ગિરનારથી ગેબ થઈને ગેબીનાથ થાનની બાજુમાં સોનગઢ ગેબી ગુફામાં લગભગ 250 વર્ષ (સંવત 1800 આસપાસ) પ્રગટ થયા ત્યારે પ્રથમ થાનના કુંભાર મેપાભગતને દર્શન દીધા. મેપાભગત મહાન ભગત થયા.

મેપાભગતના હસ્તે મોલડીના કાઠી દરબાર રતાબાપુ ગેબીના દર્શન પામ્યા અને તે પણ મહાન ભગત થયા. સોનગઢના કાઠી દરબાર આપો જાદરો જે આપા રતાના ભાણેજ થાય, તે આપા રતા અને આપા મેપાની કૃપાથી મહાન ભકત જાદરાપીર થયા.

જાદરાબાપુના પુત્ર ગોરખાબાપુએ હોકાનીનેથી મોરબીનો ગઢ પાડી ગાયો પાછી લાવ્યાં અને ગેબીએ ગોરખા હનુમાનની સ્થાપના કરી, ત્યારપછી તેની દરેક પેઢીએ પીર થતા આવ્યાં છે. રતાબાપુની ભકિતના પ્રતાપે મેસરીયાના રબારી જલોભગત ભકિતને પામ્યા અને જલો મટીને જલારામ તરીકે વીરપુરમાં પ્રગટયા.

થાનગઢમાં મેપાબાપુએ ત્યાં દર બીજના ભજનમાં દૂધની દેગ લઈને કેરાળાના ભરવાડ વીરાભગત તથા રત્નાભગત આવતા તે ભક્તિને પામ્યાં અને ગેબીનાથના પ્રતાપે તેમના ઘેર દેવ જેવી દીકરીઓ મીરાબાઈનો અવતાર રાણીમા-રૂડીમા પ્રગટયા અને ભક્તિ કરી કેરાળા તથા રાજકોટમાં જગ્યા બાંધી. આપા જાદરાએ આણંદપુરમાં અંધ દાનાને દેખતા કર્યા અને ભક્ત દાનાએ ચલાળામાં જગ્યા બાંધી. દાનબાપુ અને ગોરખાબાપુએ મળીને પાળીયાદના બહારવટીયા વિસામણને ભકિત આપી સિધ્ધ કર્યા.

ચલાલા દાનબાપુની જગ્યામાં ગાયુની સેવા કરતા ગીગા આપા વિસામણ અને આપા દાનાની કૃપાથી મહાન સંત ગીગડાપીર થયા. આ ગીગડાપીરે ગીરમાં સત્તધર્મની ધજાથી જગ્યા બાંધી જે સતાધાર થયું. હાલ સતાધાર અન્નદાન અને સેવાનો ધર્મ બજાવી ભકિતના પ્રવાહને વહાવે છે.

## ◆ મહામાયા શ્રી હિંગળાજ પ્રગટ શક્તિપીઠનો મહિમા અને ઈતિહાસ-૧ :



મહાત્મા શ્રી માયાગીરીજી વિ. સં. 1621 ની સાલમાં ફરતા વિચરતા ઠાંગા ડુંગરમાં આવેલ અમર ગુફાના સ્થાને પહોંચ્યા. એ સમયે આ સ્થાનમાં શ્રી અમરનાથ સ્વામી તપસ્યા કરતા હતા. સ્વામીજીને પોતાના સદ્‌ગુરૂ માનીને, માયાગીરી તેમની સેવામાં તલ્લીન બનીને સમય વીતાવવા લાગ્યા. આમ કરતા લગભગ 9 વર્ષનો સમય ગાળો પસાર થયો. ત્યારે માયાગીરીએ પોતાના ગુરૂજી સમક્ષ શ્રી હિંગળાજ પરસવા (વિધિ) જવા માટેની આજ્ઞા માગી. ગુરૂજીની આજ્ઞા અને આશીર્વાદ લઇને સંતશ્રી માયાગીરીજી, એ સમયની સૌથી કઠીન એવી માં હિંગળાજની યાત્રાએ જવા પ્રસ્થાન કર્યું.

લગભગ ત્રણ મહિનાની કઠીન યાત્રાના અંતે માયાગીરીજી માં હિંગળાજને શરણે પહોંચ્યા. સાથે રહેલા સાધુ-સંતો અને યાત્રાળુઓની સંગાથે વિધિવત રીતે 'માં હિંગળાજ પરસવાનો' વિધિ પૂર્ણ કરીને માંના આશીર્વાદ મેળવ્યા. સૌ ભક્તોએ માંની પૂજા પ્રાર્થના અને ગુણગાન કરીને યાત્રાળુઓ વિદાય થયા. પણ માયાગીરીજી ત્યાં જ રોકાઈને માંના ધ્યાનમાં મગ્ન થયા. અનાજ અને પાણીનો પણ ત્યાગ કરીને એક પગ ઉપર ઊભા રહી અને માં હિંગળાજની ઉપાસના શરૂ કરી. એક દિવસ, બે દિવસ એમ કરતા એકવીસ દિવસ પસાર થયા, ત્યારે માતાજીએ સાક્ષાત્ પ્રગટ થઇને મહાત્મા માયાગીરીને દર્શન આપ્યા. માયાગીરીજી માંના દર્શન પામીને ધન્યતા અનુભવી રહ્યા હતા, એજ સમયે જગત જનની માં હિંગળાજે પ્રસન્ન થઇને વરદાન માંગવા કહ્યું: ત્યારે માયાગીરીએ માંની પ્રાર્થના કરતા કહ્યું: 'હે માં ! આપના દર્શન પામી ને મારૂં જીવન ધન્ય થઈ ગયું. હવે મારી કોઈ ઈચ્છા બાકી રહી નથી. પરંતુ જો આપ મારા ઉપર કૃપા કરવા ઈચ્છતા હો, તો મારા ગુરૂજી ઠાંગા ડુંગરમાં આપણું સ્મરણ કરે છે. તેમને પણ દર્શન આપવા આવો, હું ત્યાં આપની સેવા-પૂજા કરીશ, બસ એજ મારી ઈચ્છા છે, બીજુ મારે કાંઈ ન જોઇએ.





## મહામાયા શ્રી હિંગળાજ પ્રગટ શક્તિપીઠનો મહિમા અને ઈતિહાસ -૨



મહાત્મા શ્રી માયાગીરીજીની વાત સાંભળીને પ્રસન્ન થયેલા માં હિંગળાજે એક ત્રિશુળ, શંખ અને ચિપિયો આપી અને વચન આપતા કહ્યું: 'હે માયાગીરી ! હું આપના પર પ્રસન્ન છું અને આપને આ ત્રિશુળ, શંખ અને ચિપિયો આપું છું. તેને લઇ અને આપ ઠાંગા ડુંગરમાં જાઓ, આપનું કલ્યાણ થશે. અને હું ત્યાં આપને દર્શન આપવા આવીશ.' આટલું કહી માતાજી અંતર્ધ્યાન થયા. માતાજીએ આપેલ નિશાનીઓને સાથે લઇને માયાગીરી વિ. સં. 1630ના કારતક સુદ દેવદિવાળીના શુભ દિવસે ઠાંગા ડુંગરમાં પોતાને સ્થાને પરત આવ્યા. એજ સમયે માતાજીએ ગુફામાં આવેલ ધ્યાન ખંડમાં સાક્ષાત પ્રગટ થઇને તેમને તથા ગુરૂજી ને દર્શન આપ્યા.

માં હિંગળાજ મહાત્મા માયાગીરીને દર્શન આપવા માટે ઠાંગા પર્વતની ગુફામાં સ્વયંભૂ પ્રગટ થયા છે, જે રીતે બલુચિસ્તાનમાં માતાજીનું શયન સ્વરૂપ છે, એ જ સ્વરૂપે માતાજીએ સંતોને દર્શન આપેલા છે. ત્યારથી આ સ્થાન, 'મહામાયા શ્રી હિંગળાજ પ્રગટ શક્તિપીઠ'ના નામથી પ્રસિધ્ધ થયું. આજે પણ માતાજીની સ્વયંભૂ પ્રગટ થયેલ મૂર્તિના એજ ગુફામાં આવેલા ધ્યાન ખંડમાં દર્શન થાય છે. માંની સ્વયંભૂ મૂર્તિ તથા માતાજીએ સંત માયાગીરીજીને આપેલા ત્રિશુળ, શંખ તથા ચિપિયાનાં દર્શન કરીને અલૌકિક આનંદ અને જીવનની ધન્યતાનો અનુભવ થાય છે.

માંના નીજ મંદિરમાં શાંતિપૂર્વક દર્શન કરીને માંની કૃપા પ્રાપ્તિ માટે પ્રાર્થના કરવાથી અવશ્ય માંની કૃપા પ્રાપ્ત થાય છે. તો આવો સૌ સાથે મળી ને માં ને યાદ કરીને નમન કરીએ. જય માતાજી.

સંદર્ભ :- મહામાયા મા શ્રી હિંગળાજ શક્તિપિઠ ધામ - મંદિર પર લાગાવેલ તક્તી પરથી લિધેલ માહિતી.

### અવલિયા ઠાકર :




સમા થાન પરથી નજર ફેરવીએ તો ચારે તરફ ધર્મ સ્થાનકો નજરે પડે છે. ચોટીલાથી થાન જતો 15 કી.મી.નાં અંતરે અવલીયા ઠાકરની જગ્યા આવેલી છે. મોટાભાઈ ભરવાડ જ્ઞાતિનું આ તીર્થસ્થાન છે. નાની એવી ટેકરી ઉપર આવેલું આ સ્થાનક પરથી નજર દોડાવીએ તો એક બાજુ થાન, બીજી તરફ નવા સુરજદેવળ ચામુંડા માતાના દર્શન થાય છે.

અવલીયા ઠાકરના સ્થાનકે ભરવાડ જ્ઞાતિના સમૂહલગ્ન યોજાતા હોય છે. એક સાથે 50 કે 100 જેટલી જાનના માણેક સ્તંભ હોય છે. આ દ્રશ્ય પણ જોવા જેવું હોય છે.

### મોલડીના સંત આપા રતા :

રાજકોટથી ચોટીલા તરફ બામણબોર પાસે મોલડી ગામ આવેલું છે. આપા રતાની જગ્યા ગામની ધારે આવેલી છે. આ જગ્યામાં બાવનવીર હનુમાનજીની પૂજા થાય છે. તેની સ્થાપના આપા રતાએ કરી હોવાનું માનવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં એકમાત્ર આ જગ્યા છે જ્યાં બાવનવીર હનુમાનની પૂજા થતી હોય.

ભાદરવા સુદ સાતમ આપા રતાની તિથિનાં દિવસે અહીં મેળો ભરાય છે અને હનુમાન જયંતિનો ઉત્સવ પણ ધામધૂમથી ઉજવવામાં આવે છે. પ્રાચીન અને ઐતિહાસિક સ્થળની અંદર આપા રતાની સમાધિ આવેલી છે અને તેમના પછી થયેલા સંતોની દેરીઓ પણ છે.







## ◆ પ્રાકૃતિક વન સૌંદર્ય : માંડવ વન, બાંડિયાબેલી :



પાંચાળના પર્વતો વચ્ચે મનોરમ્ય પ્રકૃતિ અને અદ્‌ભૂત વૈવિધ્ય ધરાવતી જીવસૃષ્ટિ તથા પર્યાવરણીય સૌંદર્યનો અનોખો સંગમ એટલે માંડવનો વન વિસ્તાર. ચોમાસાના આગમન સાથે જે એનાં વૃક્ષો અને ઝરણા તથા વિશાળ ઘાસ વિસ્તારો અને જીવસૃષ્ટિ જીવંત બની મહેંકી ઉઠે છે. આ વન 1745 હેકટર વિસ્તારમાં ફેલાયેલું છે.

આ વિસ્તાર પ્રસિદ્ધ તરણેતર પ્રવાસન રૂટ ઉપર થાનગઢ તા. ચોટીલાથી 12 કિ.મી. અંતરે છે. પાંચાળની રમ્ય ધરતી ઉપર પ્રકૃતિએ જેને હેતભરી શણગાર્યું છે. એવું માંડવ વન આપણને સાદ દઈ રહ્યું છે. પાંચાળ પ્રદેશના પર્વતાળ પરિવેશથી સાવ ભિન્ન એવું આ વનસૌંદર્ય કુદરતના નિર્મળ સ્વરૂપને પ્રગટ કરે છે.

આ ગીચ વન પ્રદેશને વચમાં ભગવાન શિવ અને વાસુકી તથા બાંડૂકા નામે રહેલા નાગબંધુઓની સ્મૃતિ કરાવતું આ મંદિર શ્રધ્ધાથી મનને છલકાવી દે છે. ઈશ્વરનો વાસ કેવી જગ્યાએ હોય તે જગ્યા આપણે સમજાવે છે. અહીંનું શાંત અને પવિત્ર વાતાવરણ આપણને અહીથી ક્યાંય જવા નથી દેતું.

માંડવ વનના મુખ્ય વૃક્ષોમાં ગોરડ, હરમો, ગુગળ, ટીમરૂ, સાદડ, ધાવડો, જાંબુ, રાયણ, ખાટી આમલી, પીલું, આસીત્રો, વિકળો, ગંગેટી, ચણીબોર જેવા અનેક ઔષધિય ઉપયોગીતા ધરાવતા નાના-મોટા ઘણી જાતના વૃક્ષોનો સમાવેશ થાય છે. સાથે-સાથે શણિયાર, રાતક, ઝીંઝવો, લાપડું જાતનું ઘાસ પણ અહીં મોટા પ્રમાણમાં જોવા મળે છે.

આ વિસ્તારમાં વિવિધ જાતના પ્રાણીઓ જેવાં કે નીલગાય, નાર (વરૂ) ઝરખ, શિયાળ, ચંદન ઘો, બે જાતના શેળા, શેઢ્ઢાળી વગેરે જોવા મળે છે. દીપડો પણ ક્યારેક અહીં દશ્યમાન થાય છે. પક્ષીઓમાં મોર, તેતર, કુંજ, સારસ, સમડી, બાજ, ગીધ જેવા 60 જાતના પક્ષીઓ ઉપરાંત 110 જાતના યાયાવર પક્ષીઓ ઓગસ્ટથી જાન્યુઆરી દરમિયાન જોવા મળે છે. સુરખાબ, પેલીકન (ગ્રે /ક્ષઉ) ડુબકી, જલમરઘી તેમાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. ઝેરી

તેમજ બિનઝેરી પ્રકારના સર્પોની અનેક જાતો પણ માંડવમાં જોવા મળે છે. વિવિધ જાતના કરોળિયાઓ ઉપરાંત જમીનમાં દર કરી રહેતા કરોળિયા પણ ખાસ આ વનમાં જોવા મળે છે.

પતંગિયાની અનેક જાતોમાં રાણી કલરનાં, વાદળી આંખનાં, લાલ વાણિયો અને પારદર્શક વાણિયા મુખ્ય છે. જે એપ્રિલ માસની ગરમીમાં વિશેષ જોવા મળે છે. ચોમાસા દરમિયાન અનેક જાતના કીટક પણ દષ્ટિગોચર થાય છે, જેમાં સફેદ ટપકાવાળા કાળા અને કેસરી ઢાલીયા મુખ્ય છે. આ વન વિસ્તારમાં કેટલીક ટેકરીઓ ઉપર સમુદ્ર રેતી, છીપલા, પાથીકાના ઘર જોવા મળે છે અને કુદરતી રીતે ચોરસ આકારમાં કપાયેલા મોટા મોટા પથ્થર કુદરતી બેનમુન ગોઠવણી જેવા જણાય છે.

આ વિસ્તારમાં ચોમાસા અને શિયાળા દરમિયાન ખાસ જોવાલાયક છે. ખાસ કરીને રળિયામણા નયનરમ્ય દિસે છે.

**'પડ જૂઓ પાંચાળ' (ભાગ-૧) લેખન શિબિર**



**સ્થાન : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર (૨૭ માર્ચ, ૨૦૨૬)**



**સ્થાન : આશ્રમ શાળા, ભીમોરા (૨૯ એપ્રિલ, ૨૦૨૬)**



પડ જૂઓ પાંચાળ (ભાગ-૧)

## ◆ કાઠિયાવાડી ઘોડો :



આ Kathiawari જાતિ ઘોડો બધા ઘોડો જાતિઓની શુદ્ધ અને સૌથી જૂની તરીકે સમગ્ર ભારતમાં સ્વીકારવામાં આવે છે. તેની ઉત્પત્તિ ખુલ્લા સૂકી જમીન માઈલ સમગ્ર ઝડપે તેને લઈ શક્યા નથી જે કોઈપણ પ્રાણી ત્યજી છે, કાઠી માતાનો આદિવાસીઓ અને રાજપુત કુળો શાસકો એક Warhorse તરીકે ઉપયોગ થાય છે. ભારતમાં ગુજરાત, રાજ્યમાં સૌરાષ્ટ્ર પ્રદેશના મધ્ય પૂર્વીય જમીન છે. જો Kathiawari જાતિ સ્ટેલિયન વિપરિત, તેઓ તેમના શાંત રાખવા માટે વિશ્વાસ કરી શકે છે, કારણ કે કાઠિયાવાડમાં 'લિટલ ખોરાક અથવા પાણી સાથે અને તેઓ Kathiawari જાતિ Mares તરફેણ...!

આ જાતિ ઘોડો સરેરાશ ઊંચાઈ અને વિચિત્ર સ્ટેલિઅન્સની માં 14-5 થી 13 હાથ ઊંચાઈમાં 14-5 હાથમાં 15-2 હાથ સુધી જાય છે. જો માટે ભવ્ય સૌમ્યતા એક છાપ આવે છે જ્યારે આ સ્ટેલિયન મહાન હાજરી ધરાવે છે. તેઓ એક અલગ રૂપરેખા હોય છે અને સંપૂર્ણ પ્રમાણ હોય છે. આ કોટની એક બહુરંગી ચમક હોય છે. વડા સહેજ પૈડાનું અંતર્ગોળ અને અંતર્મુખ પ્રોફાઈલ, દંડ તોપ માટે ક્રમિક છે, ગળામાં એકસારી આકારની કમાનવાળા ગરદન સાથે દંડ છે. જ્યારે આંખો, મોટા અને સરખે ભાગે એક ટોડ આંખો જુએ સાથે મૂકવામાં આવે છે. પાછળ ટુંકો હોય છે અને lions મજબૂત અને સ્નાયુબદ્ધ, આ સ્વરિત શ્વાસ સ્તર અને ઊંચા પૂંછડી સમૂહ છે. કાન નાના અને આધાર પર સાંકડા 14 થી 17 સેમી, મહત્તમ હોય છે. ટીપ્સ આવક અને સ્પર્શ વક્ર અથવા લગભગ પછાત 180 ડિગ્રી પરિભ્રમણ સાથે 'સ્ટિંગ એક સ્કોર્પીયન ઓફ' જેવા સ્પર્શ કરવામાં આવે છે. આ ગાઢ ફ્લેટ અસ્થિ, એક ખાનદાન સ્વભાવ અને અસ્તિત્વ ટકાવી રાખવા માટે ક્ષમતા સાથે જોડાયેલી ડબલમાં સોલ, તીવ્ર,



દષ્ટિ અને સુનાવણી, શુદ્ધતા અને **prepotency** સાથે હાર્ડ પગ અને **hoofs** ઉમેરાવી જ જોઈએ છે. અને ફ્રન્ટ પગ પર ઝેબ્રા નિશાનો પર બ્લેક ઈલ ગેરુ નો પણ આ જાતિના જોવા મળે છે. આ **Kathiawari** જાતિના હોલ માર્કની છે. તેઓ મહાન સહનશક્તિ સાથે, સૌથી વધુ આરામદાયક ઘોડા છે. તેમના તાર પ્રકાશ અને મહાન વિસ્તરણ માટે સક્ષણ એલિવેટેડ પ્રદર્શન સાથે મુક્ત છે. તેઓ કઢંગું વજન વહન કરી શકે છે કે કેમ તે શુદ્ધ અને ભાગ અન્ય જાતિઓ સામે **Kathiawari** એક્સેલ બ્રેડ જ્યાં સહનશીલતા વધારે અંતર પર ખાસ કરીને જમ્પિંગ, રેસિંગ અથવા,...

શ્રેષ્ઠ ગુણવત્તા **Kathiawari** 15 હાથ (60 ઈંચ, 152 સે.મી.) હેઠળ છે, આ ઊંચાઈ પર ઘોડા ઘણીવાર બરછટ દેખાય છે અને ઈચ્છિત જાતિ પ્રકારના ચલિત થવું. જાતિના બ્લેક, સિવાય બધાં રંગો જોવા મળે છે. ચેસ્ટનટ ખાડી, ગ્રે અને છેલ્લે ડુમ અનુસરતા, મોટે ભાગે જોવા મળે છે રંગ છે. ઘણા ડુમ ઘોડો (2) (3) પિન્ટો પેટર્ન અસ્તિત્વમાં હોય છે તાતાર દેશનો નાના બાંધાનો જંગલી ઘોડો માટે શક્ય જોડાણ બતાવે છે, કે જે આદિમ નિશાનો પ્રદર્શન, પરંતુ અત્યંત દુર્લભ છે.

જાતિના વ્યાપક કપાળ અને ટૂંકા તોપ સાથે અંતર્મુખ ચહેરાના પ્રોફાઈલ છે. ગરદન અને શરીર વડા અને પૂંછડી બંને હાથ ધરવામાં આવે છે. પ્રમાણસર અને પ્રમાણમાં ટૂંકા હોય ઊંચી છે. (1) સારી માત્રામાં હોવા છતાં, ઘણા પાશ્ચાત્ય સંવર્ધકો તેમને પગમાં અસ્તિ અભાવ રહેશે. જો કે **soundness** જાતિના એક સહજ લક્ષણ છે. (2) જાતિના સૌથી વિશિષ્ટ લક્ષણો એક ક્યારેક ટીપ્સ પર ઓવરલેપ કે જે સ્પર્શ આવક વળાંક અને તેના કાન છે.આ **Kathiawari** ઘોડો કોઈપણ જાતિના સૌથી અત્યંત મરોડદાર કાન છે. (1) જાતિના ઇતિહાસમાં કેટલાક બિંદુઓ પર, સંવર્ધકો અન્ય કેટલાક વધુ મહત્ત્વપૂર્ણ, શારીરિક લાક્ષણિકતાઓના નુકસાન કરવા માટે, આ **Curving** કાનની જાળવણી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. (2) ઘણા રણ જાતિઓ જેમ, **Kathiawari** મિનિમલ પુરવા અને પાણી પર





અસ્તિત્વ અને ઠંડા હવામાનમાં વિકસિત ઓલાદો કરતાં ગરમી સામે વધુ રક્ષણ આપે છે.

ઘોડા 1857 માટે 1536ના મુઘલ સમ્રાટો પહેલાં સારી રીતે ભારતના પશ્ચિમ કિનારે વસવાટ, મુઘલ શાસન અભિયાન શરૂ અને બ્રિટીશ રાજ દરમિયાન ચાલુ, અરબી ઘોડા ભારતમાં આયાત કરવામાં આવી હતી. અને આધુનિક **Kathiawari** જાતિ પૂર્વજો બનાવવા માટે, નેટીવ સ્ટોક સાથે ઓળંગી છે. (2) આ **Kathiawari** પણ મંગોલિયન ઘોડો દ્વારા પ્રભાવિત થઈ શકે છે. (6) પરંપરાગત રીતે ઉમદા ઘરોમાં એક પાયો મારે પછી ઘોડા તેમના લીટીઓ નામકરણ, ઘોડો તેમના પોતાના તાણ વિશેષતા, આ રેખાઓ 28 હજુ પણ અસ્તિત્વ ધરાવે છે. (2) આ ઉમદા ઘરો અત્યંત ઊંચા તાપમાન અને ન્યૂનતમ પુરવઠો ટકી શકે છે કે જે પસંદ ઉછેર ઘોડા, શસ્ત્રો અને ખરબચડી ભૂપ્રદેશમાં લાંબા સમય માટે બખ્તર સાથે એક માણસ લઈ આવે છે અને હજુ પણ ધીમી અને ફોરૂં અને હરવા ફરવામાં ચપળ કે ચાલાક છે. તેઓ યુદ્ધ માટે આદર્શ હતા થાકે નહિ તેવું, **steek** ઘોડા માટે બ્રેડ, અને **Kathiawari** પોતાનો ઘાયલ ત્યારે પણ ઘણી વખત તેમના રાઈડર્સ બચાવ, યુદ્ધ તેમના વફાદારી અને બહાદુરી માટે જાણીતા હતા. આ સંવર્ધન ભારતની સ્વતંત્રતા સુધી જાળવી રાખવામાં આવી હતી. (1) હજુ પણ મુખ્યત્વે કાઠિયાવાડ દ્વીપકલ્પના ઉછેર હોવા છતાં, તે પણ મહારાષ્ટ્ર અને રાજસ્થાન રાજ્યોમાં જોવા મળે છે. આ **Kathiawari** ઘોડા બ્રીડર્સ એસોસિએશન જાતિના રજિસ્ટ્રી ઠેરવે છે કે (2) ગુજરાત સરકાર અગિયાર વિવિધ સ્થળોએ સંવર્ધન ફાર્મ ધરાવે છે. જુનાગઢ કે **mares** અને સ્ટેલિઅન્યની બંને ધરાવે છે અને જાતિના સાચવીને કામ કરી રહે છે, તો બીજી દસ **Kathiawari** સ્ટેલિઅન્સની પકડી જ્યારે એ છે કે અન્ય અથવા મિશ્ર જાતિઓની સ્થાનિક સ્ટોક સુધારવા માટે વપરાય છે. 2007 ના અનુસાર, ફક્ત આશરે 50 **Kathiawari** ઘોડા માટે પ્રખ્યાત છે. (1) 2010 ની શરૂઆતમાં મારવાડી / **Kathiawari** ઘોડાની યુકે આધારિત મિત્રો ઉપયોગ બીટ્સ દાન માટે પૂછવામાં. આ ઘણી વાર ઘોડો ઈજા થઈ શકે છે કે જે તીક્ષ્ણ ધાર છે જે ઘરે બીટ્સ, સ્થળ ભારતમાં **Kathiawaris** સમાવેશ થાય છે, ઘોડો માલિકો માટે આપવામાં આવશે.

## હાલો માનવીયું તરણેતરના મેળે...

હાલો માનવીયું તરણેતરના મેળે જો,
તરણેતરનો મેળો જોવાની જુગતી
આજના ઉતારા જઈ તરણેતર કરશું જો
તરણેતરીયો મેળો જોવાની જુગતી હાલો....
આજના દાતણીયા જઈ તરણેતર કરશું જો
તરણેતરીયો મેળો જોવાની જુગતી હાલો....
આજના નાવણીયા જઈ તરણેતર કરશું જો
તરણેતરીયો મેળો જોવાની જુગતી હાલો....
આજના ભોજનીયા જઈ તરણેતર કરશું જો
તરણેતરીયો મેળો જોવાની જુગતી હાલો....
આજના પોઢણીયા જઈ તરણેતર કરશું જો
તરણેતરીયો મેળો જોવાની જુગતી હાલો....

## પાંચાળ પ્રદેશના દોહરા

કંકુવરણી ભોમકા સરવો સાલેમાર
નર પટાધર નીપજે, ભલો દેવકો પાંચાળ
ખડ પાણીને ખાખરા, પાણા નો નહી પાર
વગર દીવે વાળુ કરે, પડ જુઓ પાંચાળ
નદી ખળકે નીરઝરાં, મલપતાં પીએ માલ
ગળે કસુંબા ગોવાળિયા, પડ જુઓ પાંચાળ
કુકડકંધા મૃગકુદણાં, શત્રુને હૈયે સાલ
તાતા તોરીંગ નીપજે, પડ જુઓ પાંચાળ
પાણી તણી તંગી ઘણી, પાણા નો નહી પાર
પાણી થકી બહુ કામ કરે ઈ ધનધન ઝાલાવાડ
પડ જુઓ પાંચાળ





## ◆ થાનગઢના રાજા : વાસંગી (વાસુકી) દાદા :



'ધન્ય હો પાંચાળ દેશ, જ્યાં નર નીપજે રત્ન સમાન'
નદીયુ નિર્મળ વહેતી, ને દેવ વસે ભગવાન.'

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા, થાનગઢ, મુળી અને સાયલા તાલુકાઓના બનેલા વિસ્તારને 'પાંચાળ' કહેવામાં આવે છે. ઝવેરચંદ મેઘાણીએ આ પ્રદેશને 'દેવકા દ્વિપ' તરીકે ઓળખાવ્યો છે. જેનો અર્થ થાય છે દેવોનું નિવાસસ્થાન. એક કાળે થાનનગર દેવભૂમિ પાંચાળનું પાટનગર હતું. જેની જાહોજલાલી એ ડુંગરાળ પ્રદેશના નવસો વાવ અને કૂવાથી વર્ણવવામાં આવી છે. તે સમયે થાન પાસે ગરમ પાણીના ઝરાઓ હતા. થાનગઢ ફરતા પચાસથી સાંઈઠ જેટલા તીર્થસ્થાનો આવેલા છે. જેમાં તરણેતર જેવા અતિ પ્રાચીન, સૂરજદેવળ જેવા મધ્યકાલીન અને વાસુકી નાગદેવના ત્રણસોએક વર્ષ પુરાણા મંદિર વગેરે તીર્થોનો સમાવેશ થાય છે.

કંડુલપુરાણમાં ઉલ્લેખાયેલ થાનનગર એની ભૌગોલિક પરિસ્થિતિના કારણે વનરાજીનું કુદરતી સૌંદર્ય ધરાવતું હતું. ગામની ભાગોળે આવેલું વૃક્ષ, આચ્છાદિત તળાવ. તળાવને સામે કાંઠે હજારેક વર્ષ પુરાણું રાયણનું અજા જુડ વૃક્ષ છે. એ વૃક્ષ નીચે પાંચાળ પંથકના ગ્રામદેવતા વાસુકીનાગનું મંદિર નાગપૂજાના ઈતિહાસને સાચવીને બેઠું છે.

મંદિર માથે સો એક ફૂટની ઉંચાઈને નાગપ્રતિકમઢી ધજા આકાશમાં ફડાકા દઈ રહી છે. ભાવિક-ભક્તો અને શ્રધ્ધાળુઓથી મંદિર ભર્યુભાદર્યું રહે છે. શ્રાવણ મહિનામાં તો ભક્તોની ભીડ હોય છે. નાગપાંચમના દિવસે મેળો ભરાય છે ને મોટો ઉત્સવ થાય છે.

'થાન મુકામે સ્વધામ ધોળેશ્વર નામ વાસુકી દેવ બીરાજે,
ધીર મુચ્છિકો ધામ ધ્વજબંધ, સૂરજદેવકી જાતર છાજે,
તીરથ આવત જીવ ત્રિનેત્ર તો કોટિજન્મ પાતક ભાજે,
તા ઘટ નોબત નામકી બાજે.'

આવા વાસંગીદાદા રાજસ્થાનના મૂળ રાજપૂતો જે સૌરાષ્ટ્રમાં કાઠી ધાંધલ તરીકે ઓળખાયા. એ ધાંધલ કાઠીઓના કુળદેવતા છે. આલમની અઢાયેર વરણના ઈષ્ટદેવ ગણાય

છે. રાજના કુળદેવતા એવા વાસંગીદેવનું આ મંદિર ત્રણસોક વર્ષ પહેલાં લખતરના રાજવી રાણા અભેરાજજીએ બંધાવેલું છે. એમ કહેવાય છે કે ઝાલા રાણા અભેસિંહજીને લખતરથી વાંકાનેર જતાં થાનની સીમમાં પડાવ નાખેલો. તેમને વાસુકીએ સ્વપ્નમાં આવીને થાન અપાવ્યું હતું. મંદિરને રાજની પ્રતિષ્ઠા પ્રાપ્ત થતાં ઘણાં રજવાડાઓને વાસુકીનાગ પરચા આપતા રહ્યાં હતાં.

લોકસંસ્કૃતિના પ્રખર અભ્યાસી શ્રી જયમલ્લભાઈ પરમાર નોંધે છે કે, ‘વાસંગીનું મંદિર ભલે ઝાલા રાણા અભેસિંહજીએ બંધાવ્યું હોય, પણ એનું મૂળ સ્થાન તો તુલસીશ્યામની જેમ અતિ પ્રાચીન હોવું જોઈએ. ’ સૌરાષ્ટ્ર અને નાગપૂજા એક ઘણું મોટું સંશોધન માગે છે. થાનનું વાસુકીનું સ્થાન એમાં અગત્યની કડીરૂપ બને તેમ છે.

આર્યો ભારતમાં આવ્યા તે પહેલાં નાગજાતિના મનુષ્યોના બે કુળ કચ્છ-સૌરાષ્ટ્રમાં કે પાતાળ પ્રદેશમાં વસતા. જળમાર્ગ ઉપર જેમનું પ્રભુત્વ હતું તે કરકોટ અને જમીનમાર્ગ પરનું જે નાગકુળ તે તક્ષક.

એમ કહેવાય છે ઝાલાવાડ સાગરકાંઠે હતું. ઝાલાવાડમાં પણ ચરમાળિયા અને તલસાણિયા નાગના સ્થાનકો છે. વેદકાલીન ઉલ્લેખો પ્રમાણે કચ્છ-સૌરાષ્ટ્રને આર્યો પાતાલપ્રદેશને નામે ઓળખતા હતા. ત્યારે ભોગવતી નદીને કાંઠે ભોગવતી નગરી હતી અને એ નગરીના વાસુકી નામે નાગ જાતિના રાજા હતા. વૈદિક સરસ્વતીનું એક નામ ભોગવતી હતું. સરસ્વતી લુપ્ત થતાં, સુકાઈ જતાં એના એક ફાંટાનું નામ ભોગવતી રહ્યું તે આજનો ભોગાવો એના નીચેના ભૂસ્તરના ફેરફારને કારણે સરસ્વતી સુકાઈને નદીના ટુકડાઓમાં વહેંચાઈ ગયેલી, એટલે ભોગાવાને કાંઠે વાસુકીનું સ્થાનક હોય તે ઘણું સ્વાભાવિક છે. એક માન્યતા પ્રમાણે સંભવતઃ ભોગવતી નગરી હોય અને થાન નાગજાતિના મૂળ રાજા વાસુકીનું જ હોય એ વધુ સંભવ છે.’

વાસુકીનાગ સાથે સંકળાયેલી અનેક પૌરાણિક કથાઓ પ્રાપ્ત થાય છે. એક કથામાં કહેવાયું છે કે અમૃત મંથન વેળાએ મંદરાચલ નામના રવાયાને ફેરવવાનું નેતરૂં બનવા માટે વાસુકીનાગને આમંત્રણ અપાયું હતું. જેનું ચિત્ર આપણને જોવા મળે છે.

બીજી એક કથા અનુસાર બ્રહ્માને પુત્ર મરીચિ, અને મરીચિના પુત્ર કશ્યપને નાગકન્યાથી સો પુત્રો થયા. જેમાં મુખ્ય વાસુકી, બાંડુક, ધૂમ્રાક્ષ, પ્રતિક, પંડારિક, તક્ષક, ઐરવત, ધૃતરાષ્ટ્ર વગેરે હતા. એ વખતે પંચઋષિઓ (કણ્વ, ગાલવ, અંગિરા, અનંત અને બૃહસ્પતિ)





ત્રેતાયુગમાં જાત્રાએ જવા નીકળ્યા અને પાપનાણાના જંગલમાં મુકામ કર્યો. ત્યાં સત્ર ઊજવવાનું નક્કી કર્યું અને બ્રહ્મયજ્ઞ શરૂ કર્યો. ભીમપુરીમાં રાજ્ય કરતા ભીમાસુરને આ વાતની ખબર પડતાં જ તેણે યજ્ઞમાં વિઘ્ન નાખવા માંડ્યા. આથી મુંજાયેલા ઋષિઓ થાન પાસેના પંચકુંડી તળાવને તીરે આવ્યા. ત્યાં આવીને તપ કર્યું. આથી બ્રહ્માજી પ્રસન્ન થયા. ઋષિઓએ આપત્તિની કથા કહીને ભીમાસુરના ત્રાસમાંથી મુક્ત કરવા વિનંતી કરી કરી.

ત્યારે બ્રહ્માજી બોલ્યા : ‘ઋષિઓ, મુંઝાશોમાં. ભીમાસુરનું મૃત્યુ શેષનાગ અને વાસુકીના હાથે થશે.’ આટલું કહીને બ્રહ્માજી અલોપ થયા. એ પછી પાંચેય ઋષિઓએ મળીને નાગદેવતાને પ્રાર્થના કરી. આ પ્રાર્થનાથી શેષનાગ, વાસુકી અને બાંડુક નાગો પ્રસન્ન થયા. ઋષિઓએ તેમને ભીમાસુરના ત્રાસમાંથી છોડાવવા વિનંતી કરી. એ ત્રણે નાગદેવોએ પોતાના ઝેરથી ભીમાસુરને હણ્યો. આથી ઋષિઓ રાજી થયા.

શેષનાગને થાનમાં રહેવા વિનંતી કરી. શેષનાગ તો પાતાળના રાજા હતા, તેથી ત્યાં રહી શકે તેમ ન હતું. આથી તેમણે વાસુકીને થાનમાં અને બાંડુકને માંડવમાં રહેવાનું કહ્યું. આથી બંને નાગદેવ ત્યાં રહી ગયા. ત્યારથી વાસુકીનાગ આ વિસ્તારમાં પૂજાતા આવ્યા છે.

શ્રાવણ મહિનાની વદ પાંચમ એટલે નાગપાંચમ. આ દિવસે વાસુકીદાદાને તલવટના લાડુ ધરાવવામાં આવે છે. નાગનું શરીર ઠંડી પ્રકૃતિવાળું હોવાથી નાગપાંચમને દિવસે નિવેધ પણ ઠંડુ અર્પણ કરવામાં આવે છે. બાજરાના લોટની કુલેર, તલવટ, પલાળેલા ધાન્ય અને કઠોળ વગેરેના નિવેધ મુખ્ય ગણાય છે. નાગપાંચમનું વ્રત કરનાર નારીઓ તે દિવસે માથામાં તેલ નથી નાખતી. સૌભાગ્યના શણગારો સજી નાગદાદાની કથા સાંભળે છે. તેમના મંદિરે દર્શન કરવા જાય છે. ખેડૂતો માને છે કે આ દિવસે ખેતરમાં હળ ન હંકાય. મોલ ન લણાય, લીલા છોડ કપાય નહીં, કશું બાળી શકાય નહીં. તળાવ કાંઠે ટાઢોમાં રહેનારા આ દેવને જે ગાયનું દૂધ વલોવવામાં ન આવ્યું હોય એવી ઝાંઝડી ગાયનું દૂધ ચડે છે. દેવસ્થાનમાં આવેલા રાફડામાં આપે પણ દૂધ રેડવામાં આવે છે ને નૈવેધ ધરાવાય છે. મેળો થાય છે. નાના-મોટા સૌ મેળાની મજા માણે છે. આજુબાજુના પંથકમાંથી ભજનિકો આવે છે. ભજનના સૂર રેલાય છે.

ભારતીય લોકજીવનમાં નાગપૂજાની પરંપરા ઘણી પ્રાચીન ગણાય છે. એનું પગેરૂ વેદકાળથી પણ આગળ જાય છે. શ્રી પી.જી. દેવરસ માને છે કે વેદોના સમય પહેલાં પણ ભારતમાં નાગપૂજા પ્રચલિત હતી. હડપ્પન સંસ્કૃતિના અવશેષો, મોહેંજો દરોમાં વૃષભ, અગ્નિ, પીપળો અને નાગપૂજા જાણીતી હતી. બૌદ્ધ ધર્મમાં, જૈન ધર્મમાં નાગપૂજાના ઉલ્લેખો મળે છે.

## ◆ ઝરિયા મહાદેવ મંદિર :



ઝરિયા મહાદેવનું મંદિર ચોટીલાથી આશરે 12 કિમી. દૂર પાંચાળ વિસ્તારમાં ડુંગરોની વચ્ચે આ પવિત્ર મંદિર આવેલુ છે.

અહી કુદરતી રીતે અવિરત જલાભિષેક (અવિરત ઝરણું) શિવલિંગ પર થયા કરે છે. બારેય મહિના અને 24 કલાક કુદરતી રીતે પાણીની ધારાઓ વહેતી રહે છે. ચોમાસું હોય કે ઉનાળો પથ્થરો વચ્ચેથી આવતું આ પાણી ક્યારેય સુકાતું નથી. પથ્થરોમાંથી પાણી 'ઝરતું' હોવાથી આ મંદિરનુ નામ 'ઝરિયા મહાદેવ' પડ્યું છે. અહીં પથ્થરોમાંથી પહેલા જળને એક કુંડમાં એકત્રિત કરવામાં આવે છે. લોકો આ પાણીને પ્રસાદ તરીકે લે છે.

અહીંનું વાતાવરણ ખૂબજ શાંત અને પ્રાકૃતિક છે. જેથી પ્રકૃતિ પ્રેમીઓ માટે અહીં જવું એક લ્હાવો છે. ચોમાસામાં આ જગ્યાએ મીની કાશ્મીર જેવી હરિયાળી લાગે છે.

### ઝરિયા મહાદેવ મંદિર સાથે જોડાયેલી દંતકથાઓ :

એક લોકવાયકા મુજબ આ સ્થળ પૌરાણિક મહત્વ અને પાંડવકાળ સાથે જોડાયેલું છે. એવું માનવામાં આવે છે કે વનવાસ દરમ્યાન પાંડવો અહીં રોકાયા હતા. જ્યારે ભીમને મહાદેવની પૂજા માટે જળની જરૂર પડી ત્યારે તેણે પોતાની ગદા મારીને પથ્થરમાંથી ગંગા પ્રગટ કરી હતી. જે આજે પણ અવિતરત વહી રહી છે.

બીજી એક લોકવાયકા મુજબ, આ પાંચાળ ભૂમિ ગુરૂ દ્રોણાચાર્યની તપોભૂમિ પણ રહી છે. કહેવાય છે કે અહીંની ગુફાઓમાં અશ્વત્થામાનો જન્મ થયો હતો અને દ્રોણાચાર્યે અહીં મહાદેવની આરાધના કરી હતી.

ખરેખર, ડુંગરોની વચ્ચે આવેલું આ ઝરિયા મહાદેવનું મંદિર અદ્‌ભૂત અને રમણીય છે.





## ◆ ભીમોરા એક ઐતિહાસિક દ્રષ્ટિએ :



ભીમોરાની લડાઈના નામે આ સ્થળ ઈતિહાસનાં પાનાઓ ઉપર અંકિત છે. પાંચાળની પથરાળ ભોમકા અનેક કથાઓની સાક્ષી રહી છે. નેકી ટેકી, શુરવીરતા અને સમર્પણની અનેક ઘટનાઓ આપણે વાંચી છે. ચોટીલા તાલુકો ચામુંડા માતાજીના સ્થાનક તરીકે ખૂબ પ્રખ્યાત છે. અહીં દર પૂનમે દર્શનાર્થીઓની ભીડ રહે છે. ઈતિહાસનાં પાનાઓને થોડા વધુ ઉકેલતા આપણને જાણવા મળે છે કે જે જગ્યાએ ભીમોરાની લડીઈ થયેલી તે ભીમોરી ગઢની ડુંગરમાળનો ઘેરાવો લગભગ બે કિ.મી. જેટલો છે. વિશાળ ખડકો આજે પણ હયાત છે. ભીમોરામાં અનેક ગુફાઓ આવેલી છે. જેને બૌધ્ધ ગુફા તરીકે પણ ઓળખવામાં આવે છે. જ્યાં મહાભારતના સમયમાં પાંડવો પણ વનવાસ માટે આવ્યા હતા તેવી લોકવાયકા છે અને તેના અવશેષો પણ જોવા મળે છે. જેમકે ભીમની ગુફા, ભીમનું પગલું, ભીમકાંકરી, રથના શીલા તેમજ કુંતા માતાનું રસોડું પણ જોવા મળે છે. આ સિવાય શરૂઆતમાં જ ખડકોથી બનેલી ચાર વિશાળ ગુફા પણ જોવા મળે છે. પીળી ગુફા પણ ત્યાં આવેલી છે. બહારવટીયાઓની પણ ગુફા જોવા મળે છે. વિવિધ પથ્થરોને કાચબો પાણી, હાથિયો પાણી, પથ્થરની રીક્ષા અને ભોયરા જેવી ગુફાઓ આજે પણ ત્યાં જોવા મળે છે. ભીમોરાની ગુફાઓ જોવા ચીની પ્રવાસી હ્યુ-એન-ત્યાંગ પણ મુલાકાત માટે આવ્યા હતા. જે ભારતમાં 16 વર્ષ રહી વલભી બૌધ્ધ ગુફા અને ભીમોરાની બોધ્ધ ગુફા જોવા માટે આવ્યા હતા.

ચોટીલાથી આણંદપુર તરફ જતા 12 કિ.મી. દૂર પિયાવા ગામ છે. તેના પૂર્વ ભાગમાં એક કિ.મી. ભીમોરા ગઢ છે. ભીમોરા ગામ નથી પણ એક સંસ્થા છે. જેને સ્વર્ગસ્થ કરમશીભાઈ અને સ્વર્ગસ્થ સવશીભાઈ બંને મકવાણા બંદુઓએ બીજરોપણ કર્યા હતા. જે સાવ ઉજ્જડ અને બિન ઉપજાવ જમીનને સ્વર્ગ સમી બનાવીને લોકોને બુનિયાદી શિક્ષણ આપ્યું અને હજારો લોકોને આ સંસ્થામાંથી કેળવણીયુક્ત અને રોજગારીમયી બનાવવાનો તેમનો હેતુ સફળ થયેલ જોવા મળે છે.

હવે વાત કરવી છે તો 'ભીમોરાની લડાઈ'ની. જેનો ઉલ્લેખ રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ



મેઘાણીજીએ પણ 'સૌરાષ્ટ્રની રસધાર'માં કર્યો છે. કરાળ પથ્થરો પર આપા સુરંગ ખાચરે નાનકડો ગઢ બનાવ્યો હતો. ગઢ ઉપરથી પાંચાળની ડુંગરમાળ અને ઝાંખાપાંખા જંગલના ઝાડવાઓની ઝલક રમણીય લાગે છે. આ નજારો આજે ય આંખને જોવો ગમે તેવો છે. આજે નાજા ખાચરનો ગઢ ખંડેર બની ચૂક્યો છે. ગઢની દિવાલો પડીને પાદર થઈ ચૂકી છે. એક સમયે ગઢનો દબદબો હશે.

જસદણના હિંગોળગઢના ચેલા ખાચરની સામે બહારવટે ચડેલા ટાઢાણાનાં કાઠીને નાજો ખાચર શરણું આપે છે. શરણે આવેલાનો આશરો આપવો ધરમનું કામ ગણાતું હતું. ગઢના પાયામાં કરૂણા અને માનવતાની મહક પ્રસરેલી છે. ચેલા ખાચરને જાણ થાય છે કે આપણે દુશ્મનને સોંપી દેવાની વાત નાજા ખાચરને કરી. નાજો ખાચર કહે છે કે મે અભય વચન આપી દીધું છે માટે ટાઢાણાનાં કાઠીનો સોંપવાની વાત ચેલા ખાચર હવે ભૂલી જાવ. સમય પારખી ચેલો ખાચર અપમાન ગળી ગયો. અપમાન ગળી ગયેલા ચેલા ખાચરે વડોદરારાજનાં બાબુરાવનો સંપર્ક કર્યો.



મોટી રકમ આપી પાંચાળની ધરતી ઉપર મરાઠી ફોજ ઉતારી. મરાઠી ફોજે ગુફાની પાસે આવેલા પાણીના કુવાની આસપાસ ઘેરો નાખ્યો. જેના માટે નાજા ખાચરે ચેલા ખાચર સાથે દુશ્મની વહોરી હતી. તે ટાઢાણાનો કાઠી દસ દિવસ સુધી પાણી વગર તરફડવા લાગ્યો અને એક રાતે ગઢ ઉપરથી દડતો દડતો અર્ધબેભાન અવસ્થામાં પાણી માટે નીચે આવ્યો. પકડાય ગયો. ગઢની પૂરી બાતમી ચેલા ખાચરને આપી દીધી. ગઢમાં હવે માત્ર આઠ જણ બચ્યા છે. ભયંકર ધીંગાણું થયું. ધીંગાણામાં નાજો ખાચર ખપી ગયો. આ હતી 'ભીમોરાની લડાઈ.' આ હતી ભીમોરા લડાઈની શૌર્ય કથા.





બારવટિયો આવે બઠી, હોય મર વેર હજાર,
(એને) ભીમોરા ભોપાળ શરણે રાખ સૂરાઉત.

ઘર વંકી, વંકો ધણી, વંકો ભીમોરા વાસ,
નીલો સુરાણી નજિયો, મટે ન બારે માસ.

મેઘાણીજી રચિત 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-1 17 માં ચેપ્ટરમાં 'ભીમોરાની લડાઈ'માં જણાવ્યું છે કે થોડા દિવસ ઉપર નાજા ખાચરના ગઢમાં બે મારવાડી રાજપૂતો મહેમાન આવેલા. બંને જણા મારવાડથી દ્વારકા જાત્રાએ જતા હતા. આશા છોડીને નાજા ખાચરે એ બંને જણાને કહ્યું : 'ભાઈઓ, હવે તમે નીકળી જાઓ. નહીં તો આજ આ ફોજ તમને પણ મારી નાખશે.' મારવાડીઓને જવાબ દીધો. 'નાજા ખાચર ! અમે તમારો રોટલો ખાધો. હવે અમારાથી કેમ જવાય !' દ્વારકા તો કોણ જાણે ક્યારે પહોંચશું અને ત્યાં દર્શન કર્યા પછી કોણ જાણે ક્યારે મોક્ષ મળશે. એને બદલે અહીં યુધ્ધમાં ક્ષત્રીયનો બે ડગલે જ મોક્ષ મળશે. વળી સ્વર્ગાપરને માર્ગે તમારા જેવા શુરવીરોના સાથ ફરી ક્યાંથી મળે ? માટે અમારે તો હવે 'અઠે જ દ્વારકા.' (અહીં જ દ્વારકા)

એકલવેણ વૈકુંઠ આયો, લાડરખાન જામૈયા લાયો,
મોતીરી હરિએ થાળ મંગાયો, વે સખીએ નજરાજ વધાયો.

ભીમોરા દખણી ભણસ, થાનક મોટું ઠોર,
માથુ માજા મૌર્ય, દીધું બારોટ દેળશે.

ગોગા બારોટ ભીમોરાના વતની હતા અને ખાચર ક્ષત્રિયના બારોટ હતા. તેમના દીકરા દેશળ બારોટ જ્યારે ભીમોરાની લડાઈ વખતે તેમણે જે દુહો કહ્યો તે...

સુબા ટોપિયારી ફરિયાદ સતારે,
ફોજ નમ્યા ખંડ ચાર ફતારે,
મિટે ચડ્યો હગની માને માર,
સુરાણી નજરાજ ન સારે.

ધણી હુકમ દિયા, દળ ધાયા,
આણુ ધાય મદાઈ આયા
વાહી હાક ત્રંબાળુ વાયા
જુધ્ધ સમે નજરાજ જગાયા...

## શતાબ્દી શાળા

## સ્વ. ગુલાબચંદ કરમચંદ પારેખ શાળા નં.-૧, ચોટીલા



- ✦ સ્થાપના : વિક્રમ સંવત 1894, સને : 1838
- ✦ સ્વ. શ્રી નરભેરામ ગુલાબચંદની યાદમાં આ શાળા માટે જમીન દાનમાં આપવામાં આવી હતી.
- ✦ આ શાળા 165 વર્ષ જુની છે.
- ✦ આ શાળા ચોટીલા શહેરની મધ્યમાં આવેલી છે. ટાવર ચોકની શાળા તરીકે પણ જાણીતી છે.
- ✦ આ શાળાનું જુનું બિલ્ડીંગ જર્જરિત થઈ ગયેલ હોવાથી આ જગ્યાએ હાલ સરકારશ્રી દ્વારા નવું બાંધકામ કરેલ છે.
- ✦ આ શાળા કુમાર અને કન્યા માટેની મિશ્ર શાળા છે.
- ✦ હાલ આ શાળામાં 136 વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે.
- ✦ અત્યાર સુધી આ શાળામાં 7300 (સાત હજાર ત્રણસો) જેટલાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ચૂક્યા છે.
- ✦ અત્યારે 10 રૂમ ધરાવતું બિલ્ડીંગ છે. 7 (સાત) શિક્ષકો આ શાળામાં ફરજ બજાવે છે.





## ◆ થાનગઢ નો ઈતિહાસ :




થાનગઢ પાંચાળ ધરતી પર વસેલું એક એવું નગર, જ્યાં ઇતિહાસના અવશેષો, સંસ્કૃતિના રંગો અને માન્યતાઓની ગૂંજ એકસાથે જીવંત છે. 'થાન' એટલે પવિત્ર સ્થાન અને 'ગઢ' એટલે કિલ્લો. આ નામમાં જ તેના અસ્તિત્વની કહાની છુપાયેલી છે. ક્યારેક અહીં એક ગઢ હતો, જેની આસપાસ જીવન ધીમે ધીમે વિકસતું ગયું અને સમયના પ્રવાહમાં 'થાનગઢ' તરીકે ઓળખાયું.

લોકમાન્યતાઓમાં એક વધુ મીઠી અને ભાવસભર કહાની જીવંત છે. એવું કહેવાય છે કે થાનગઢમાં ગ્રામ દેવતા વાસુકી દાદાનું પવિત્ર સ્થાન આવેલું છે. 'સ્થાન' શબ્દ સમય સાથે અપભ્રંશ થઈ 'થાન' બન્યો અને ત્યારથી આ ભૂમિ 'થાનગઢ' તરીકે ઓળખાવા લાગી. આજેય થાનગઢના લોકો વાસુકી દાદાને પોતાના રક્ષક અને કલ્યાણકારી દેવતા તરીકે પૂજે છે. તેમના પ્રત્યેની શ્રદ્ધા માત્ર ધાર્મિક વિધિઓમાં જ નહીં, પરંતુ લોકોના દૈનિક જીવનમાં પણ ઝળહળે છે. વાસુકી દાદાનું આ અનોખું મહત્વ થાનગઢની ઓળખને આધ્યાત્મિક ઊંડાણ આપે છે.

### ભૌગોલિક દ્રષ્ટિએ થાનગઢ :



થાનગઢ સમતળ અને અડધા શુષ્ક પ્રદેશમાં આવેલું છે. અહીંનો પ્રાકૃતિક માહોલ ગ્રામ્ય સૌંદર્યથી ભરપૂર છે.

### ગઢ :

અહીંનો પ્રાચીન ગઢ આજે અંશતઃ અવશેષ રૂપે જોવા મળે છે, જે શહેરના ઇતિહાસનો સાક્ષી છે.

### જોવાલાયક અને ઐતિહાસિક સ્થળોઃ

તરણેતર મંદિર અને આસપાસનું તરણેતર તળાવ ખૂબ જ આકર્ષક છે. આ સ્થળો માત્ર

ધાર્મિક જ નહીં, પરંતુ ઐતિહાસિક મહત્વ પણ ધરાવે છે. અહીંનો પરિસર શાંત અને મનોહર છે. સાથે સાથે બાંડિયા બેલીનું વન અને ટપક તે જલધારા એટલે ઝરીયા મહાદેવ તો ખરૂં જ.

**સાંસ્કૃતિક દ્રષ્ટિએ થાનગઢ :**

થાનગઢની સંસ્કૃતિ જાણે રંગોથી ભરી એક જીવંત ચિત્રકૃતિ છે જ્યાં દરેક રંગમાં પરંપરા, શ્રદ્ધા અને આનંદનું સંગમ દેખાય છે. અહીંનું લોકજીવન માત્ર રોજિંદી પ્રવૃત્તિઓમાં નહીં, પરંતુ ઉત્સવો, નૃત્યો અને લોકકલાઓમાં પણ ધબકે છે.

**થાનગઢના ઉદ્યોગો :**



થાનગઢ માટીમાંથી સૃજનની ગાથા લખતું નગર. અહીં ઉદ્યોગ માત્ર રોજગાર નથી, પરંતુ કળા અને પરિશ્રમનું સંગમ છે. 'સિરામિક્સ સિટી' તરીકે ઓળખાતું આ શહેર પોતાના હાથે માટીને આકાર આપી, તેને જીવનમાં ઉપયોગી અને સુંદર બનાવે છે.

**સિરામિક્સ ઉદ્યોગ :**

થાનગઢના કારખાનાઓમાં માટી જીવંત બની જાય છે. ટાઇલ્સ, સેનિટરી વેર અને વિવિધ સિરામિક્સ વસ્તુઓનું અહીં મોટા પાયે ઉત્પાદન થાય છે. ભઠ્ઠીઓની ગરમી અને કારીગરોના હાથે આ માટી નવી ઓળખ પામે છે જાણે નિર્જીવ પદાર્થમાં પણ પ્રાણ પ્રવેશે છે.



**ચાઈના કલે :**

આ ધરતીનો ખજાનો કહેવાય તેવી 'ચાઇના ક્લે' માટી અહીં પ્રસન્નપણે મળે છે. આ વિશેષ માટી સિરામિક ઉદ્યોગ માટે આધારસ્તંભ સમાન છે. તેની ગુણવત્તા અને ઉપલબ્ધતા થાનગઢને ઉદ્યોગક્ષેત્રે અનોખું સ્થાન અપાવે છે.





**ગૃહ અને ખનીજ ઉદ્યોગ :**

થાનગઢના લોકોના હાથે હસ્તકલા અને નાના કુટીર ઉદ્યોગો પણ ફૂલીફાલી રહ્યા છે. સાથે જ ખનીજ સંપત્તિ પર આધારિત ઉદ્યોગો અહીંના આર્થિક જીવનને મજબૂત બનાવે છે. આ ઉદ્યોગોમાં માત્ર ઉત્પાદન નથી, પરંતુ લોકોની મહેનત, સંઘર્ષ અને સ્વાભિમાનની કહાની પણ સમાયેલી છે.

આ રીતે, થાનગઢના ઉદ્યોગો માત્ર વિકાસનું પ્રતિક નથી, પરંતુ સર્જનશીલતા અને પરિશ્રમની એવી સાક્ષી છે, જે માટીને પણ સોનાથી વધુ કિંમતી બનાવી દે છે.

**થાનગઢની શૈક્ષણિક સંસ્થાઓ (૧૦૦ વર્ષથી વધુ પ્રાચીન) :**

થાનગઢની ધરતી પર જ્ઞાનના દીપક ઘણા વર્ષોથી અજવાળું ફેલાવતા આવ્યા છે. અહીંની શૈક્ષણિક સંસ્થાઓ માત્ર ભણતર આપતી જગ્યા નથી, પરંતુ પેઢી દર પેઢી સંસ્કાર અને સમજણનું વાવેતર કરતી પવિત્ર ભૂમિ છે.

**સરકારી મ્યુનિસિપલ માધ્યમિક શાળા :**

બ્રિટિશકાળમાં સ્થાપિત આ શાળા આજે પણ પોતાના ગૌરવપૂર્ણ ભૂતકાળને સંભાળીને ઊભી છે. સમયના અનેક પડાવો પાર કર્યા છતાં, તેનું મહત્ત્વ અડગ રહ્યું છે. આ સંસ્થા અનેક વિદ્યાર્થીઓના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવી, તેમને સફળતા તરફ દોરી ગઈ છે જાણે એક પ્રાચીન દીપસ્તંભ, જે અવિરત રીતે પ્રકાશ આપતો રહ્યો છે.


**પ્રાથમિક શાળા નંબર ૧ :**




આ શાળા પણ સમયની સાક્ષી છે, જ્યાં નાનકડાં પગલાંઓ જ્ઞાનના માર્ગે આગળ વધે છે. બાળમનને ઘડતી આ સંસ્થા શિક્ષણક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપતી આવી છે. અહીંના વર્ગખંડોમાં માત્ર પાઠ્યપુસ્તકો જ નહીં, પરંતુ સંસ્કાર, શિસ્ત અને જીવનમૂલ્યો પણ શીખવાય છે.

આ રીતે, થાનગઢની આ પ્રાચીન શાળાઓ જ્ઞાન અને સંસ્કારના એવા મંદિરો છે, જે આજે પણ સમાજને ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરી રહ્યા છે. 22000 હજારથી વધુ વિદ્યાર્થીઓ પસાર થઈ ચૂક્યા છે. પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ સાહેબની માતૃશાળા છે. એ ખુદે અહીં પ્રા. શિક્ષણ મેળવ્યું છે. એક સમયની થાનની એકમાત્ર શાળા એનો નંબર બતાવે છે.

## ◆ હસ્તકલા :



હસ્તકલા શબ્દનો અર્થ થાય છે... હાથ વડે કરાતી કલા જેમ કે ચિત્રકલા, શિલ્પકલા, વગેરે ચોટીલા અને તેની આસપાસના પાંચાળ વિસ્તારની હસ્તકલા વિશેની માહિતી નીચે મુજબ છે.

### ચોટીલા અને પાંચાળની ભવ્ય હસ્તકલા :

ચોટીલા માત્ર ચામુંડા માતાના ડુંગર માટે જ નહીં, પણ તેની ભાતીગળ લોક સંસ્કૃતિ અને હસ્તકલા માટે પણ જાણીતુ છે. અહીંની હસ્તકલામાં સૌરાષ્ટ્રની અને લોકજીવનની સુગંધ જોવા મળે છે. અહીંની હસ્તકલામાં મુખ્યત્વે ત્રણ પ્રકાર છે.

### (૧) ભરતગુંથણ :

ચોટીલાની આસપાસના વિચતારોમાં 'કાઠી ભરત', ' મોતીભરત' ખૂબ પ્રખ્યાત છે.

કાઠી ભરત : આમાં જાડા કાપડ પર રંગબેરંગી ઉનના દોરાઓ અને કાચ (આભલા) વડે ભૌમિતિક ડિઝાઈન બનાવવામાં આવે છે.

વસ્ત્રો : ચણીયા-ચોળી, કેડિયું અને સાફા પર કરવામાં આવતું ભરતકામ દુનિયાભરમાં પ્રસિધ્ધ છે.

પશુ શણગાર વસ્ત્રો : ત્યારબાદ પશુ માટે પણ ભરતકામ કરી તેના વસ્ત્રો શણગારમાં આવે છે. જેમ કે, બળદ, ગાય અને ઘોડો વગેરેના પશુઓના શણગાર તૈયાર કરવામાં આવે છે.

### (૨) મોતીકામ :

પાંચાળની સંસ્કૃતિમાં મોતીકામને વિશેષ મહત્વ આપ્યું છે. અહીંના કારીગરો મોતી પરોવીને અદ્‌ભૂત કલાકૃતિ બનાવે છે.





- ઘરની શોભા વધારવા તોરણ, પછેડી અને ચાકડા.
- લગ્ન પ્રસંગે વપરાતા નાળિયેર, ઈંઢોણી અને પંખા.
- ત્યારબાદ દિકરીને સાસરે વળાવતી વખતે આપવામાં આવતા મોતીથી ભરેલા બેડા તથા અનેક શણગારની વસ્તુઓ.

### (૩) ઉન કામ :

પાંચાળ વિસ્તારમાં પશુપાલન સાથે જોડાયેલા લોકો ઉનમાંથી ધાબળા, પછેડી તથા દોરડા બનાવવાની કલામાં નિપૂણ હોય છે. આ વસ્ત્રો કુદરતી રીતે ગરમ અને ટકાઉ હોય છે. જે ગ્રામીણ જીવનશૈલીનો ભાગ છે.

## ◆ ખોરાક અને પોષાક :

### પાંચાળ પ્રદેશનો પહેરવેશ :

અહીંના લોકોનો પહેરવેશ તેમની પરંપરા, સંસ્કૃતિ અને હવામાન અનુરૂપ હોય છે.

પુરૂષો સામાન્ય રીતે કેડીયુ, ધોતી અને પાઘડી (સાફો) પહેરે છે અને આજકાલના યુવાનો પેન્ટ તથા શર્ટ પણ પહેરતા હોય છે

સ્ત્રીઓ મુખ્યત્વે ચણીયા-ચોળી અને ઓઢણી પહેરે છે. આ કપડામાં સુંદર ભરતકામ તથા આભલા કામ કરવામાં આવે છે, જે ખૂબ આકર્ષક લાગે છે.

પાંચાળ પ્રદેશમાં સંસ્કૃતિ, પરંપરા, સૌદર્ય અને સાદાઈનું મિશ્રણ જોવા મળે છે.

### પાંચાળ પ્રદેશનો ખોરાક :

પાંચાળ પ્રદેશ ગુજરાતનો એક મહત્ત્વનો વિસ્તાર છે. અહીંના લોકો સરળ, સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ખોરાક લે છે. અહીંના લોકો મુખ્યત્વે શાહાકારી છે, તેથી તેમના ભોજનમાં અનાજ, દાળ, શાકભાજી, દુધ, દહીં, ઘી અને છાશનો ઉપયોગ થાય છે.

પાંચાળ પ્રદેશના રોજિંદા જીવનમાં રોટલા, રોટલી, ભાખરી, શાક, દાળ અને ભાત મુખ્યત્વે છે. સાથે છાસ અને દહીંનો પણ ખાસ ઉપયોગ થાય છે, જે ગરમ હવામાં શરીરને ઠંડક આપે છે. અહીંના લોકો મીઠો અને તીખો બંને પ્રકારના સ્વાદ પસંદ કરે છે.

આ વિસ્તારમાં બાજરીનો રોટલો ખૂબ લોકપ્રિય છે. ખાસ કરીને શિયાળામાં. સાથે લસણની ચટણી, ગોળ અને માખણ ખાવાની પરંપરા છે. તહેવારો અને ખાસ પ્રસંગોમાં લાડું, જલેબી, સુખડી અને શીરો જેવી મીઠાઈઓ બનાવવામાં આવે છે.

અહીંના ભોજનમાં પોષણ અને સ્વાદનું સુંદર સંતુલન જોવા મળે છે.

કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ,
નર પટાધર નીપજે, ભોંય દેવકો પાંચાળ.

ગૂઢે વસ્તરે ગોરિયાં, પગપિંડીની તાલ;
પનઘટ ઉપર પરવરે, પડ જોવો પાંચાળ.

ઓદરથી ઉરે સરસ, નાક નેણનો તાલ;
ચાર હાથનો ચોટલો, પડ જોવો પાંચાળ.

નરનારી બંને ભલાં, કદી ન આંગણ કાળ,
આવેલને આદર કરે, પડ જોડો પાંચાળ.

આછાં પાણી વીરડે, ધરતી લાંપડિયાળ,
સર ભર્યા સારસ લવે, પડ જોડો પાંચાળ

નદી ખળકે નિઝરણાં, મલપતાં પીએ માલ;
ગાળે કસુંબા ગોવાળિયા, પડ જોવો પાંચાળ

ઠાંગો માંડવ ઠીક છે, કદી ન આંગણ કાળ;
ચારપગાં ચરતાં ફરે, પડ જોવો પાંચાળ

તારા તોરિંગ મૃગફૂદણા, લીલા પીળા લાલ;
એવા વછેરા ઊછરે, પડ જોવો પાંચાળ

કુકડકંધા મૃતફૂદણાં, શત્રુને હૈયા સાલ;
નવરંગ તોરિંગ નીપજે, પડ જોવો પાંચાળ

કળ કોળી ફળ લીંબોળીસ વનસ્પતિ હરમાળ;
(પણ) નર પટાધર નીપડે, ભોંય દેવકો પાંચાળ





## ◆ મુનીબાવા મંદિર :



આ મંદિર જામવાળી ગામથી અને અવલિયા ઠાકરની જગ્યા પાછળથી જઈ શકાય છે. ખાસ કરીને 'માંડવવન વિસ્તાર'માં આવેલું છે.

મુનીબાવા મંદિર એક પ્રાચીન શિવ મંદિર છે. અંદાજીત 10મી સદીનું સ્થાપત્ય ધરાવે છે. મંદિરની ચારેબાજુએ પથ્થરોનો પથરાવ દેખાય છે. પહેલાનાં સમયમાં અહીં જવાળામુખી હશે. આ પથ્થરો એનો જ લાવારસ લાગે છે.

પહેલા આ મંદિર ત્રણ ઘુમ્મરવાળું હતું. આજે એકેય રહ્યા નથી. જેમાં બે આગળા ઘુમ્મટ 18 થાંભલા ઉપર ટકેલા હતા. આઝે માત્ર ગર્ભગૃહ ઉપર પથ્થરો આડાઅવળા પડ્યાં છે. અહીંની કોતરણી અદ્‌ભુત છે. મંદિરના મંડપમાં પીલરો હજી ઊભા છે. તે પીલરો ઉપર ચારપાંચ પૂતળાઓ આડા ઊભા કોતરેલા છે. કોઈકમાં સ્ત્રી, તો કોઈકમાં પુરૂષ છે. મંદિરમાં માથા વગરનો પોઠિયો પણ છે.

બહારની બાજુએ શંકરની બેઠેલી મૂર્તિ છે. જેનું માથું તૂટેલું છે. આસપાસ અઢી ફૂટ ઊંચી મૂર્તિઓ કંડારેલી છે. જેમાં પશુઓ સાથે કુસ્તી કરતી સ્ત્રીઓ અને પુરૂષો છે. અમુક મૂર્તિઓમાં પશુઓ હોય એવું લાગે છે.

આ મંદિરની હાલત અત્યારે ખૂબ જ દયનીય છે. ક્યારેક ભાગ્યે જ કોઈ પ્રવાસીઓ આવતા હોય એવું લાગે છે.

આ મંદિરનું નામ મુનીબાવા કેમ પડ્યું તે એવું અનુમાન છે કે કોઈ સાધુ મૌનવ્રત ધારણ કરી લાંબા સમય સુધી અહીં રહીને સેવાપૂજા કરતા હશે, જેના ત્યાંના સ્થાનિકોએ મૌનીબાવા મંદિર અને અપભ્રંશ થઈને મુનીબાવા મંદિર કહેવાયું હશે.

## ◆ ભીમોરાની લડાઈ :



'કાઠીભાઈ, તમે અવળો કામો કર્યો. તમે એના બાપ વાજસૂર ખાચરના પાળિયાનું નાક વાઢ્યું ! તમને જસદણના બા'રવટિયાને હું શી રીતે સંઘરૂં ?'

'આપા નાજા ખાચર ! મેં બા'રવટું ખેડ્યું તે અધરમનું નહીં. મારે ઘરધણીને ચડવાનું એકનું એક હૈયાસમું ઘોડું ચેલે ખાચરે જોરાવરીથી ઝુંટવી લીધું. આવો અધરમ મારાથી સહેવાણો નહીં.'

'ત્યારે શું કરવું ?'

'બીજું વળી શું કરવું, બાપ ?' ચારણે ચાનક ચડાવી : 'તું ઊઠીને આજ આ શરણાગતને નહીં સંઘર્ય, બાપ નાજા ? અરે–

બા'રવટિયો આવે બકી, હોય મર વેર હજાર;
(એને) ભીમોરા ભોપાળ, શરણે રાખે સૂરાઉત.

'માથે હજારૂં વેર લઈ આવનારા બા'રવટિયાને તું ભીમોરાનો ધણી, સૂરગ ખાચરનો બેટડો, શરણું નહીં દે, તો ધરમ ક્યાં ટકશે, બાપ ?'

'ઠીક ભાઈ, ટાઢાણા ! તું મારા પ્રાણ સાટે છો, ભા ! તુંને ભીમોરાનો ઓથ છે. મારૂં મર થાવું હોય તે થાય.'

'ધન્ય બાપ ! ધન્ય નાજા !' ગઢવીએ ધણીને બિરદાવ્યો :

ધર વંકી, વંકો ધણી, વંકો ભીમોરા વાસ,
નીલો સુરાણી નાજિયો,
મટે ન બારે માસ.

(તારી બંકી ધરતી, એવો જ બંકો તું એનો ધણી : એવો જ બંકો તારો ગઢ ભીમોરા : અને સુરગના પુતર નાજા ! તું તો સદાનો લીલોછમ; તારાં દલ સુકાય નહીં.)







ચોટીલાથી ત્રણ ગાઉ, થાન સ્ટેશનથી છ ગાઉ, બોટાદ-વીંછિયા રેલ્વેના સ્ટેશન કાળીસરથી ત્રણ ગાઉ અને જસદણથી દસ-બાર ગાઉ આ ભીમોરાનો ગઢ છે. પાંચાળના વિશાળ ડુંગરાઓની અંદર ગીચ ઝાડીઓની ઘટામાં આ ગઢ નાજા ખાચરે અથવા એના પિતાએ બંધાવેલ હશે. નીચે તળેટીમાં એક પાણીનો કૂવો છે. ડુંગરાને પડખે 'ભીમની ખોપ' નામની પુરાતન એક ગુફા આવે છે. એ ગુફામાં, પથ્થરોમાંથી જ કંડારી લીધેલા નાના ઓરડા છે. પ્રથમ ભીમોરાના દરબારો એ ગુફાને પણ પોતાની માલમિલકત રાખવા માટે વાપરતા. હવે ઉજ્જડ છે. એ ગુફા જોઈને અડધો ખેતરવા ઘેરાવો લીધો પછી ભીમોરાના ગઢ જવાય છે. ગઢમાં એક બહારનો દરવાજો વટાવીને અંદર જતાં બીજો દરવાજો આવે છે. બીજા દરવાજાની અંદર ડાબી બાજુ રહેવાસ છે. વચ્ચે વિશાળ ચોગાન છે. ત્યાં દરબાર નાજો ખાચર રહેતા હતા. એના હાથમાં ચોવીસ ગામ હતાં.

એ ભીમોરાના ધણી નાજાએ જસદણ સામે બહારવટે નીકળેલા ટાઢાણા કાઠીને તે દિવસે આશરો દીધો. જસદણ દરબાર ચેલા ખાચરને આ વાતની ખબર પડી. એણે ભીમોરે સંદેશો મોકલ્યો કે 'અમારો ચોર કાઢી ઘો.'

નાજા ખાચરે જવાબ કહેવરાવ્યો કે 'કાઢાણો તો મારો શરણાગત ઠર્યો. હવે એને ન સોંપું. એને મેં અભયવચન દીધું છે.'

ચેલો ખાચર એ જવાબ પી ગયો. પોતાના હીંગોળગઢ ઉપરથી ભીમોરાની વંકી ભોમ ઉપર એની રાતી આંખ રમવા મંડી. ભીમોરૂં દોહ્યલું હતું. ચોટીલાના ખાચરોનું જાડું જૂથ નાજા ખાચરને પડખે ઊભું હતું. ચેલા ખાચરે વિચાર કરીને વડોદરે નજર નાખી. મોટી રકમ નક્કી કરીને બાબારાવની મરાઠી ફોજ પાંચાળ ઉપર ઉતારી. ઓચિંતા ભીમોરા ભણી કૂચ કરી.

ડુંગરની તળેટીમાં નેરાની અંદર ચેલા ખાચરનાં રણવાજાં વાગ્યાં. તે સાંભળી નાજા ખાચરે બારીમાંથી નજર કરી. તોપબંદૂકોથી નેરૂં હલકી હાલ્યું છે. ભીમોરાને વીંટીને ઘેરો પડ્યો છે.

'નાજાભાઈ !' માણસોએ કહ્યું : 'આ દળકટકની સામે ટકાશે નહીં, માટે નાઠાબારીએથી નીકળી જાયેં.'

નાજા ખાચરે ડોકું ધુણાવ્યું : 'ના બાપ ! જેને જીવ વા'લો હોય એ સુખેથી નીકળી જાય, મારે તો બે ભવ જીવવું નથી. મારી સાત પેઢીને ગાળ બેસે કે નાજો ચેલાના મોઢા આગળ ભાગ્યો !'

ત્રંબાળુ ચેલા તણા, વાગ્યાં કોઈ વહળોય,
(પણ) ગરૂ ગડક્યા નોય, નાઠાબારી નાજિયા !

(ચેલા ખાચરના ત્રંબાળુ ઢોલ ભયંકર નાદ કરીને ગડેડવા લાગ્યા, પોઈ કાંઈ
'ચેલા'ની બીકથી ગુરૂ (નાજો) નાઠાબારીમાં થઈના નાસે કદી ?)

આઠ જ જણાને લઈને નાજો ખાચર ભીમોરે બેઠો રહ્યો અને નીચે બેઠી છે મરાઠી સેના. સેનાને ગઢ ઉપર ચડવાનો લાગ નહોતો. ત્યાં પહોંચવાની એક જ સાંકડી કેડી હતી. પડખે ઊંડા કોતરો હતાં. ઉપરથી બંદૂકોની ધાણી ફૂટતી હતી, અને ગઢમાં ઝાઝાં માણસો હોવાનો વહેમ હતો. નીચેથી જ ગઢને તોડવા તોપો વહેતી થઈ. તોપોના અવાજ સાંભળીને નાજાના મનની ગતિ કેવી થઈ ?

આઠ મહિનાની આશ, મે ગાજે ને શાદુળો મરે,
નો સાંખે નિજ વાસ, નાવ્યું ના ધુબાકા નાજિયો.

(શાદુળો નામનો સિંહ ફક્ત આઠ જ મહિના – શિયાળો અને ઉનાળો જ જીવે, અને ચોમાસામાં વરસાદની ગર્જના થતાં તો એના મનમાં થાય કે કોઈ બીજો સિંહ ક્યાંક છુપાઈને ડણકે છે. એટલે શાદુળો એ સિંહને શોધતો, વરસાદની અદશ્ય ગર્જના ન સાંખી શકવાથી માથાં પછાડીને પ્રાણ કાઢી નાખે. તેવી જ રીતે નાજા ખાચર જેવો સિંહ પોતાને આંગણે તોપોનો અવાજ શી રીતે સહન કરી શકે ? મરૂં કે જીવું એક એના મનમાં થાય.)

કિલ્લાની અંદર કેવી દુર્દશા મંડાણી ? માત્ર આઠ જ માણસો હતાં અને પાણી ખૂટવા લાગ્યું હતું. નવું પાણી ઉપર લઈ આવવા માટે તળેટીના કૂવા સિવાય બીજું એકપણ નવાણ નહોતું. કૂવા ઉપર તો સેના પડી હતી.

આખરે પાણી ખૂટ્યું. નાજા ખાચરે જીવવાની આશા છોડી. પોતાનાં બાળબચ્ચાને ગુપ્ત માર્ગેથી ચોટીલે મોકલી દીધાં. પાણી વિના આઠેય જણા તરફડતા હતા. એક ટીપુંયે ન રહ્યું.

પણ ટાઢાણો કાઠી આ કિલ્લામાં જ હતો. એનાથી તરસ ન સહેવાણી. રાતમાં ઊઠીને એ નાજા ખાચરના હોકાની અંદરનું ગંધાતું પાણી પી ગયો. પ્રભાતે દરબારે એને ફિટકાર દીધો.

તરસથી બેહોશ બનેલા એ કાઠીએ ગઢની રાંગ ઉપરથી નીચે કૂદકો માર્યો. દડતો દડતો એ





તળેટીમાં બાબારાવની ફોજ વચ્ચે પહોંચ્યો. એને ચેલા ખાચરની પાસે લઈ ગયા. એણે મોં પાસે ખોબો ધરીને ઈશારતમાં સમજાવ્યું. એને પાણી પાવામાં આવ્યું.

ચેલા ખાચરે પૂછ્યું : 'ગઢમાં કેટલાં માણસો છે ?'

ટાઢાણે જવાબ આપ્યો : 'ફક્ત આઠ જણા.'

તરત જ ફોજને હુકમ મળ્યો : 'હવે ફિકર નહીં. ગઢમાં નથી દારૂગોળો કે નથી માણસો કરો હલ્લો !'

અને હલ્લો મંડાણો.

થોડા દિવસ ઉપર નાજા ખાચરના ગઢમાં બે મારવાડી રાજપૂતો મહેમાન આવેલા. બંને જણા મારવાડમાંથી દ્વારકા જાત્રાએ જતા હતા. આશા છોડીને નાજા ખાચરે એ બંને જણાને કહ્યું કે, 'ભાઈઓ, હવે તમે નીકળી જાઓ. નહીં તો આજ આ ફોજ તમને પણ મારી નાખશે.'

મારવાડીઓને જવાબ દીધો : 'નાજા ખાચર ! અમે તમારો રોટલો ખાધો. હવે અમારાથી કેમ જવાય ! દ્વારકા તો કોણ જાણે ક્યારે પહોંચશું, અને ત્યાં દર્શન કર્યા પછી કોણ જાણે ક્યારે મોક્ષ મળશે ! ને બદલે આંહી જુદ્ધમાં ક્ષત્રીને બે ડગલે જ મોક્ષ મળશે. વળી સ્વર્ગાપરને માર્ગે તમારા જેવા શૂરવીરોના સાથ ફરી ક્યાંથી મળે ? માટે અમારે તો હવે 'અઠે જ દ્વારકા'. (ત્યારથી આપણાં પ્રાંતમાં 'અઠે દ્વારકા'નું ઓઠું પ્રચલિત થયું.)

'ભાઈઓ !' નાજા ખાચરે પોતાના સાથીઓને છેલ્લી આજ્ઞા દીધી : 'હવે આપણી ઘોડિયુંનું ગૂડી નાખો.'

એટલું બોલતાં એની આંખોમાં ઝળજળિયાં ભરાઈ આવ્યાં. એના કાઠીઓ પણ અફસોસમાં પડી ગયા. નાજો ખાચર ફરીવાર બોલ્યા : 'હા બાપ ! ઘોડિયું તો મને મા–દીકરીયું જેવા વા'લી છે. પોતાની પીઠ ઉપર બેસાડીને એણે મને ઘણાં ધીંગાણામાં રમાડ્યો છે. પણ શું કરૂં ? મારી ઘોડિયું દુશ્મનને હાથ કેમ પડવા દઉં ?'

આઠેય ઘોડીઓને હાજર કરી. તલવારને એકેક ઝાટકે એનાં રૂપાળાં દેવાંગી ડોકાં પડવા માંડ્યા. ઘોડીઓ પણ સમજતી હોય તેમ ચૂપચાપ મરવા લાગી. એમાં છેલ્લી બે ઘોડીઓ હણહણી.

'બસ, બાપ !' નાજા ખાચરે હાકલ કરી : 'એ બેને મારશો નહીં. એને મરવું વસમું લાગે છે. છોડી મેલો ! ભલે ચાલી જાય.'

બેય ઘોડીઓને મોકળી મેલી દીધી.

સૈન્ય આવ્યું. દરવાજા તુટ્યા. બરાબર ચોકમાં ધીંગાણું મચ્યું. આઠ જણા ક્યાં સુધી ટકે ? નાજા ખાચરના શરીર પર ઘણા જખમો પડ્યાં; એણે ઘણાને સુવાડ્યા. આખરે નાજા ખાચર બરાબર ઓટાના પગથિયા ઉપર બેસી ગયા. એના ધડ ઉપર મસ્તક ફક્ત અટકી રહ્યું હતું. પાસે અર્ધી બાંગેલી સોનાની મૂઠવાળી તલવાર પડી હતી. મૃત્યુને ઝાઝી વાર નહોતી.

ત્યાં તો એની પાસે બાબારાવનો ભાણેજ આવી પહોંચ્યો. એ મરાઠાએ નાજા ખાચરના પગમાં સોનાનું સાંકળું જોયું. સામે સોનાની મૂઠવાળી તલવાર જોઈ. એનું મન કદાચ સોનામાં લોભાયું હશે, અથવા એ બળવંત શત્રુની બે ચીજો લઈ જઈ પોતાની શાબાશી કહેવરાવવી હશે ! એ નીચે બેસીને નાજા ખાચરના પગનાં સાંકળાની ખીલી ખોલવા લાગ્યો.

લાંબા થઈને બેહોશ પડેલા નાજા ખાચરના મનમાં થયું : 'હાય ! હાય ! હજી હું જીવતો છું ને મારા અંગ માથે આ દુશ્મન હાથ નાખશે ?'

પણ એની ગરદન ઉપર માથું ડગમગતું હતું. એનાથી ઊભા થવાય એમ નહોતું. અર્ધી તૂટેલી તલવાર એ આઘે બેઠેલા દુશ્મનને પહોંચી શકે તેમ નહોતી.

એણે શું કર્યું ?

ઉતબંગ ટેકણ એક, બીજે હાથ વાઈ બજડ,
(આમાં) વખાણવો વશેક. નેક ભજ કિયો નાજિયા ?

(એક હાથે પોતાના માથાને ધડ ઉપર ટેકવવા બરાબર દબાવી રાખ્યું, અને બીજે હાથે તલવારનો ઘા કર્યો. હે નાજા ખાચર ! આ બે વફાદાર ભુજાઓમાંથી કઈ ભુજાને અમારી વખાણવી ?)

પરંતુ તરવાર શી રીતે મારી ?

રીંખેને સર રપીઅર તણે, કોઈ વાઈ કરમાળ,
(ઈ) બાળાપણ બરદાળ, કીં સંભારિયું સૂરાઉત ?

(બાળકની માફક તું ગોઠણભેર થયો, અને પછી રિપુના માથા ઉપર તેં તરવારનો ઘા કર્યો. હે બિરદવાળા પુરૂષ ! એ વખતે એકાએક તારૂં બાળપણ તને ક્યાંથી યાદ આવ્યું ? કારણ કે ભાંખોડિયાભર તો તું બાલ્યાવસ્થામાં જ ચાલેલ હતો.)

ઈંદર અપસર નજરાજ, જોગણ ધર ગરજણ જંબુક,





લોહ જીવત મૃત લાજ, તેં સાચવિયાં સૂરાઉત.

(તારૂં માથું તો કપાઈ ગયેલું, જીવ જવાની તૈયારીમાં હતો. ઈન્દ્ર તને સુરલોકમાં તેડી જવા આપીને ઊભો હતો. અપ્સરા વરમાળ લઈને પહેરાવવા તત્પર હતી. જોગણીઓ તારા લોહીથી ખપ્પર ભરવા આતુર ખડી હતી. પૃથ્વી (ધર) પણ તારૂં લોહી પીવા તલસતી હતી. ગીધડાં અને શિયાળવાં તારૂં માસ ભક્ષવા આવી પહોંચેલાં. લોઢાની તરવારને પણ તેં હાથમાં રોકી રાખી. જીવનને પણ કહ્યું કે, 'ખડું રહે !' મોતને પણ ફરમાવ્યું કે 'થોડી વાર થોભી જા.' પોતાના કુળની કીર્તિને પણ થોભાવી. એ બધાને ઘડીભર તેં અટકાવીને આ એક દુશ્મનને મારી લીધો.)

એ ભાંગેલી તરવારને એક ઝટકે શત્રુના પ્રાણ નીકળી ગયા. પણ ત્યાં તો દુશ્મનોએ આવીને નાજા ખાચરને ઘેરી લીધો.

ઉતબંગ ખગ થાકે અળગ, ધડ લાગ્યું ધાગે,
ખેલ્યો રણખાગે, તું નવતેરી નાજિયા.

(હે નાજા ખાચર ! પછી તો તારૂં માથું (ઉતબંગ) પડી ગયું, અને તારા હાથની તરવાર (ખગ) પણ પડી ગઈ. એટલે પછી તારૂં ધડ એકલું દોડાદોડ કરી, શત્રુઓને હાથમાં ઉપાડી-ઉપાડીને પટકવા લાગ્યું. રણ-સંગ્રામની અંદર તું પણ ભીમની માફક નવતેરીની રમત રમ્યો. ભીમે કુરૂક્ષેત્રના યુદ્ધમાં એક હાથે નવ અને બીજે હાથે તેર હાથી ઉપાડીને આકાશમાં ઉછાળ્યા હતા. આહીં નાજા ખાચરે માણસોને ફંગોળી ફંગોળી પછાડ્યા.)

નાજા જ્યું મરાય નૈ, સાબધ હરમત સોત,
મોડું ને વે'લું મોત, સૌને માથે સૂરાઉત.

(જોકે વહેલું મોડું તો સહુને મરવાનું છે. પરંતુ, હે સૂરા ખાચરના પુત્ર નાજા ખાચર ! તારી માફક શુદ્ધ બુધ્ધિથી અને હિંમતથી મરવાનું તો બીજાથી નથી બની શકતું. પોતાની છેલ્લી પળે પણ તેં તારી કીર્તિ સંભાળી રાખી.)

ભીમોરાનો ગઢ ચેલા ખાચરના હાથમાં ગયો. પરંતુ ત્યાર પછી નાજા ખાચરના પુત્ર એ ગઢ પાછો જીતી લીધો. અત્યારે એ ગઢ મોજુદ છે.

આ આખા પ્રસંગને લગતું નીચે લખેલું એક ચારણી કાવ્ય છે :

(ગીત શાણોર સાવઝડું)

સૂબા ટોપીઆંરી ફરિયાદ સતારે, ફોજ નમ્યા ખંડ ચારે ફતારે

મીટે ચડ્યો ગનીમાને મારે, સૂરાણી નજરાજ ન સારે.

(જે ફતેસિંહરાવની ફોજ પાસે ચાર ખંડના લોકો નમ્યા હતાં. તેના ટોપીવાળા સૂબા પાસે ફરિયાદ કરવા ચેરો ખાચર પહોંચ્યો. ફરિયાદ કરી કે સૂરા ખાચરનો દીકરો નાજો ખાચર કોઈનું માનતો નથી. મોટા મોટા હાકેમોને પણ નજરે પડતાં જ મારી નાખે છે. (મરાઠી સેનાને 'ટોપીઓ' કહી, કારણ કે તે વખતે મરાઠાઓનાં લશ્કરોમાં યુરોપી સોલ્જરો, કવાયતદારો રાખવામાં આવતા. ગનીમા = સૂબા.)

ધણી હકમ દીઆ દળ ધાયા, આગુ ધાઈ મદાઈ આયા,
વાગી હાક ત્રંબાળુ વાયા, જધભૂખ્યા નજરાજ જગાયા.

(આ ફરિયાદ સાંભળીને સૈન્યના માલિકે હુકમ દીધો, એટલે દુશ્મનો ધસીને ભીમોરા ઉપર આવ્યા. હાકલો વાગી, નોબતો ગડગડી, લડાઈનો ભૂખ્યો નાજો ખાચર જાગી ઊઠ્યો. મદાઈ = દુશ્મન.)

તરવારાંરી વાજે તાળી, વાઢી ઘણા મરેઠા વાળી,
ખસ્યા મરાઠા હાંજા ખાળી, વજા બણી રણથંભરવાળી.

(તરવારો સામસામી અથડાવા લાગી, કેમ જાણે તરવારો સામસામી તાળીઓ દેતી રમત રમતી હોય ! મરાઠાની સેનાનાં ઘણાં માણસો કપાયાં. મરાઠાઓ હિંમત હારી ગયા. રણથંભોરના ઘેરામાં જેમ બાદશાહનું સૈન્ય લાહાચ થઈ પડ્યું હતું. તેવું જ ભીમોરાના ઘેરા વખતે મરાઠી લશ્કર બની ગયું. ઘણા દિવસો સુધી મારો ચલાવ્યા છતાં કિલ્લો તૂટતો નહોતો.)

આયા જાઈ ભાઈ અરાઠી, લાખાહરો લડે લોહ લાઠી,
પો ! વશટિયા કહે પરાઠી, કાં ચૂકવ કાં નીકળ, કાઠી.

(ચેલો ખાચર પોતાના જાતભાઈને પણ લઈને આવ્યો, છતાં લાખા ખાચરનો એ પૌત્ર નાજો ખાચર તો લોઢાની લાકડીથી માફક અડગ બનીને લડતો રહ્યો. શત્રુ-સેનામાંથી વિષ્ટિ કરવા માટે માણસો આવ્યા; તેઓ કહે કે, 'ઓ કાઠી, કાં તો દંડ ચૂકવી દે, નહીં તો કિલ્લાની બહાર નીકળ.')

કે' વશટિયા આભકપાળો, પંચમુખ ખડ નો ખાય પટાળો,
હઠ મેલે નજરાજ હટાળો, (તો) મેર ડગે ને ધ્રૂજે ડખમાળો.

(એ આભ જેવા વિશાળ કપાળપાળો વીર જવાબ આપે છે કે 'જેમ કેસરી સિંહ





કદી ઘાસ ખાય નહીં તેમ હું પણ કદી નમીશ નહીં.' જો ટેકીલો નાજો ખાચર પોતાની હઠ મૂકે તો પછી મેરૂ પર્વત ચળે અને આકાશ ધ્રુજી જાય. પંચમુખ=સિંહ, ડખમાળો=આકાશની નક્ષત્રમાળ.)

દંડ ન ભરા હું રામદુવાઈ, મરવો ભીમ તણા ગઢ માંહી,
આદ અનાદ તણી અવળાઈ, છોડાં કીં હું અવળચંડાઈ.

(રામદુવાઈ લઈને હું કહું છું કે હું દંડ નહીં ભરૂ, સુખેથી આ ભીમોરા ગઢમાં લડીને મરીશ, મારી સદાની અડગતા હું નહીં છોડું.)

લડે દખણ દળ ભરડા લીધા, કાંઠે જોર અનોધાં કીધાં,
દસદસ વાર ગમીનાને દીધાં, દસ દા'ડા લગ નીર ન પીધાં.

(દક્ષિણીઓની સેનાએ ગઢની આસપાસ ઘેરો ઘાલ્યો. તેની સામે નાજા ખાચરે પણ અપૂર્વ બળ દાખવ્યું. દસ દસ વાર તો સૂબાને પાછો કાઢ્યો. દસ દિવસ સુધી પાણી વિના ટક્કર ઝીલી.)

જળનો તરસ્યો દળમાં, જાઈ, કોપ્યો સૂબો ને હલાં કરાઈ,
હડેડે જંજોળ્યાં નાળ્ય હવાઈ, ચાર પો'ર તરવાર ચલાઈ.

(પાણીનો તરસ્યો ટાઢાણો કાઠી દુશ્મનોના લશ્કરમાં પહોંચ્યો. એની વાત સાંભળીને બાબારાવે હલ્લો કરવાનો હુકમ આપ્યો. તોપો ને બંદૂકો છુટી.)

ધજવડ વાળો તોરણ ધરિયો, ફેરા ચાર ચોરીમાં ફરિયો,
કાળો ખુમો અણવર કરિયો, વર નાજો અપસરને વરિયો.

(એ નાજો ખાચર કેમ જાણે યુદ્ધરૂપી લગ્ન કરતો હોય ! તરવારનાં જાણે તોરણ બંધાયા. પોતાના અણવર તરીકે એણે કાળા ખુમાણને રાખ્યા અને આખરે મરીને એ વરરાજા નાજો ખાચર અપ્સરાઓની સાથે વર્યો. (ધજવડ-તરવાર)

એકલવેણો વૈકુંઠ આયો, લાડરખાન જાનૈયા લાયો,
મોતીરો હરિએ થાળ મંગાયો, વે સખીએ નજરાજ વધાયો.

(એકવચની એ શૂરવીર વૈકુંઠમાં જાન જોડીને ગયો. પોતાની સાથે મરેલા શૂરવીર જાનૈયાને સાથે લઈ ગયો. સ્વર્ગમાં પ્રભુએ મોતીનો થાળ મંગાવ્યો ને લક્ષ્મીજીએ વરરાજા નાજા ખાચરને પોંખ્યો.)

(સાભાર : સૌરાષ્ટ્રની રસધાર)

## ◆ ભાઈ-બહેન :

ચોટીલાથી ત્રણ ગાઉ પંચાળમાં રેશમિયું ગામ છે. ગામને સીમાડે ભેડાધાર નામની એક ગોળાધાર છે. ધાર ઉપર પાળિયા છે. એક પાળિયો સ્ત્રીનો છે. સ્ત્રીની સાથે બે બાળકો છે : એક આંગળીએ વળગેલું ને બીજું કેડમાં તેડેલું. બીજો પાળિયો એક ઘોડેસવારનો છે.

કેટલાં વરસ પહેલાંની આ વાત હશે તે તો કોણ જાણે ? કચ્છ તરફથી એક ચારણી ચાલી આવતી હતી. સાથે એનાં બે છોકરાં હતાં. ચારણી એની ભેંસો હાંકીને પોતાને દેશથી નીકળી હતી. વાટમાં ખાવાનું નહોતું મળ્યું. કેડે બેઠેલા બાળકે માની છાતી ચૂસી ચૂસીને ગાભા જેવી કરી નાખી હતી. આંગળીએ ટિંગાતું બાળક, ભેંસનું પળી બે-પળી દૂધ મળતું તે ઉપર નભ્યે આવતું હતું. ચારા વગરની ભેંસો માર્ગે મરતી આવતી હતી. ચારણીને માથે ધાબળી પડી હતી. અંગે કાળી લાયનું કાપડું અને ગૂઢા રંગમાં રંગેલ ચોળિયાની જીમી પહેર્યા હતાં. ડોકમાં શૂરાપૂરાનું પતરૂં, હાથમાં રૂપાના સરલ ને પગમાં દોરા જેવી પાતળી રૂપાના વાળાની કાંબીઓ એ એનો દાગીનો હતો. એક તો ચારણ વર્ણની બાઈઓ કુદરતી જ ઉદાસ રહે છે : તેમાંયે આ બાઈને તો સંસારમાં વસમાં વીતકોએ વધુ ઉદાસ કરી મૂકી હતી.

બાઈ રેશમિયા ગામને સીમાડે જ્યારે ધાર ઉપર આવી ત્યારે એના હૈયાની મૂંગી આપદા સરખી સાંજ નમતી હતી. તે ટાણે બરાબર તે જ ધાર ઉપર એક ઘોડેસવાર સામો મળ્યો. બાઈને કાંઈક અણસાર આવી. બરાબર ઓળખાણ ન પડી એટલે બાઈએ પૂછ્યું : 'ભાઈ, મારો ભાઈ રેશમિયો આયર આ ગામમાં છે કે નહીં ?'

'કેવા છો તમે, બાઈ ?'

'અમે ચારણ છયેં, બાપ !'

'બાપ, બહુ વહેલા વહેલાનો મેં તેને વીર કીધો છે. પંદર વરસ થયાં અમે એક-બીજાને મળ્યાં નથી. ઓણ અમારે કચ્છમાં દુકાળ પડ્યો ને ઘરવાળો પાછા થયા. મને સાંભર્યું કે માલ હાંકીને રેશમિયાની પાસે જાઉં તો કાળ ઊતરી જવાય. બાપુ, પાણીયે મોંમા નથી નાખ્યું. હશે, હવે ફકર નહીં. ભગવાને ભાઈ ભેળાં કરી દીધાં.'

પોતે ઘોડિયે સૂતી હતી તે દિવસે પોતાનાં માવતરનું મવાડું સોરઠ દેશમાં નીકળેલું. માર્ગે એક વખત વગડો આવ્યો ને ઝાડને થડ પડેલું તાજું અવતરેલું બાળક રોતું દીઠેલું. દુકાળ બળતો હતો, માવતર પેટનાં છોરૂંને રઝળતાં મેલી પોતાનો બચાવ ગોતતાં ભમતાં હતાં. માયા-મમતાની અણછૂટ ગાંઠો પણ છૂટી પડતી - એવા કાળા દુકાળને ટાણે ચારણ્યનાં





માબાપે આ છોકરાને તેડી લીધું હતું અને માએ એક થાનેલીથી પેટની દીકરીને વછોડી નાખી આ પારકા દીકરાને ધવરાવી ઉછેર્યો, મોટો કર્યો, કમાતો કર્યો, વરાવ્યો-પરણાવ્યો હતો. એ પોતે જ ધર્મનો ભાઈ રેશમિયો. નોખાં પડ્યાં તે દિવસ કહીને ગયેલો કે 'બોન ! વપત પડે તે દિવસે હાલી આવજે !' આજ વખાની મારી બહેન એ રેશમિયા ભાઈનું ઘર ગોતતી આવી છે.

ઘોડેસવાર વિચારમાં પડી ગયો. એને સાંભળી આવ્યું, એ બોલી ઊઠ્યો : 'અરે બોન, રેશમિયો તો પાછો થયો !'

પોતે જ રેશમિયો ભેડો હતો, પણ પેટમાં પાપ પેસી ગયું.

'રેશમિયો પાછો થયો ?' બાઈને જાણે પોતાના કાન ઉપર ભરોસો ન આવ્યો હોય તેમ ફરી પૂછ્યું.

'હા, બાઈ, પાછો થયો - આઠ દિવસ થયા.'

'ભાઈ પાછો થયો ? ના, ના, થાય નહીં.' બાઈ ગાંડી થઈ ગઈ હોય તેમ લવવા મંડી. 'હેં, પાછો થયો ? પાછો થયો ? થાય કાંઈ ?' એમ ધૂન ચડવા લાગી. આંખો જાણે નીકળી પડતી હોય તેમ ડોળા ફાડીને ચારણી આકાશને, ધરતીને અને ઝાડપાનને પૂછવા લાગી કે 'વીર મારો પાછો થયો ?'

ઘોડેસવારને થર થર કંપ વછૂટ્યો. ઘણુંય મન થયું કે નાસી છૂટું; પણ ઘોડાની લગામ હલાવી-ચલાવીયે ન શકાણી. ધરતી સાથે ઘોડાના ડાબલા જાણે જડાઈ ગયા. પાગલ બનેલી ચારણને ઘૂમટો તાણીને ચોધાર આંસુ પાડતાં પાડતાં મરશિયા ઉપાડ્યા :

ભલકિયું ભેડા, કણસિયું કાળજ માંય,
રગું રેશનિયા, (મારીયું) વીંધીયું, વાગડના ઘણી !

(હે ભેડા, તેં તો મારા કાળજામાં ભાલાં ભોક્યાં. હે વાગડિયા શાખાના આયર, મારી નસો તેં વીંધી નાખી)

ઘોડો મૂવો ઘર ગિયાં, મેલ્યાં મેવલીએ,
રખડી રાન થિયાં, (ત્યાં) રોળ્યાં રેશમિયે.

(ઘોડા જેવો મારો ધણી મર્યો. મારાં ઘર ભાંગી ગયાં. વરસાદે પણ રઝળાવ્યાં. રખડી રખડીને હેરાન થઈ ગયાં. ત્યાં જેની છેલ્લી આશા હતી તે રેશમિયે પણ રોળી દીધાં.)

કૈંક કઢારા કાઢિયા, (હવે) છોરૂં બાંન પિયાં,

રેશમિયો ભેડો જાતે, માથે દાણિગર રિયાં.

(મારે માથે કરજ હતું, તે મારો ભાઈ રેશમિયો ચૂકવશે એમ આશા હતી. આ તો કરજ માથે રહી ગયું. ઘણા ઘણા કાળ સુધી કઢારે અનાજ લઈને ખાધું, પણ આજ તો મારા છોકરાને લેણદારો બાન કરી ગયા છે.)

ભેડો અમણો ભા, (જાણ્યો) વાંઢ્યાને વરતાવશે,
(ત્યાં તો) વાટે વિસામા રોળ્યા, રેશમિયા !

(આશા હતી કે, રેશમિયો ભેડો મારો ભાઈ છે તેથી દુકાળ પાર ઉતરાવી દેશે; ત્યાં તો હે રેશમિયા હે અમારા વિસામા, તેં અમારા જીવન-પ્રવાસને માર્ગે જ અમને રઝળાવ્યાં.)

ભેડા ભાંગી જાળ, જેને આધારે ઊભતા,
કરમે કોરો કાળ, રોળ્યાં રેશમિયા !

(ભે ભેડા, જેને આધારે અમે ઊભાં હતાં તે ડાળ જ ભાંગી પડી. હવે કર્મમાં કાળો દુકાળ જ રહ્યો.)

(આ) ટોળાં ટળ્યાં જાય, નવરંગી નીરડીયું તણાં,
(એનો) ગોંદરે નૈં ગોવાળ, રેઢાં ટોળ્યાં, રેશમિયા !

(આ જાતજાતની રૂપાળી ગાયોનાં ધણ રેડાં ચાલ્યાં જાય છે, કારણ કે આજ એને હાંકનાર ગોવાળ નથી. ગોવાળ વિનાની ગાયો ભાંભરતી જાય છે)

જેમ જેમ મરશિયા કહેવાતા ગયા, તેમ તેમ રેશમિયો ઘોડેસવાર પથ્થર બનવા લાગ્યો. ઘોડાના ડાબલા થીજી ગયા. ઘોડાની આખી કાયા કઠણ કાળમીંઢ જેવી બની ગઈ. ઉપર બેઠેલ અસવારનું લોહી થંભી ગયું. છાતી સુધી જ્યારે પથ્થર બની ગયો ત્યારે રેશમિયો કારમી ચીસ પાડી ઊઠ્યો !

'એ બહેન, ખમૈયાં કરી જા; હું જ તારો ભાઈ - હું જ રેશમિયો. મેં ઘોર પાપ કર્યું. હવે દયા કરી જા.

ચારણીના હાથમાં વાત નહોતી રહી. એના રોમરોમમાં જાગી ઊઠેલું સત હવે શમે નહીં. એના હાથમાંથી તીર છૂટી ગયું હતું. એ બોલી :

ભેડા ભેળાથી, વીણેલ વણુંને વાળીએ,
(પણ) સાંઠી સુકાતે, રત ન રિયો, રેશમિયા !





(હે ભાઈ ભેડા, કપાસના છોડમાંથી તપાસ વિણાઈ ગયો હોય, ખેતર કોઈએ બેળી દીધું હોય, તો તો ફરી પાણી પાઈને આપણે એને કોળવી શકીએ. ફરી વાર એને કપાસનો ફાલ આવે. પણ કપાસના છોડની સાંઠી સુકાઈ ગયા પછી એમાંથી રસ જ નીકળી જાય. ત્યારે એને પાણી પાવું નકામું. એ રીતે, હે વીર, તારા જીવનની સાંઠી જ સુકાઈ ગઈ. એટલું બધું ફૂડ તારામાં વ્યાપી ગયું, કે હવે ફરીવાર એમાં પ્રાણ મૂકી ન શકાય.)

ભેડાને ભોંય લેતે, દશ્યું ચારે ડૂલિયું,
સો ગાઉએ સગા, પંથ બધો માથે પડ્યુ.

(રેશમિયા ભેડીને મરવા ટાણે જ્યારે ભોંય લીધો - જમીન પર સુવાડ્યો ત્યારે ચારેય દિશાઓ પડી હઈ. અને, હે મારા સાચા સગા, મારો સો ગાઉનો આખોય પંથ નિષ્ફળ નીવડ્યો.)

આંખે અમરત હોય, (તો) જાતાને જિવાડીએ,
(હવે) ઝરવા માંડ્યું ઝેર, રસ ગ્યો, રેશમિયા !

(હે ભાઈ રેશમિયા, મારી આંખમાં અમૃત રહ્યું, હોય તો તો મરતાને એક વાર એ દષ્ટિનું અમૉત ચાંટીને જીવતો કરીએ. પણ હવે તો મારાં નેત્રોમાંથી દુનિયાના મતલબીપણા ઉપર ધિક્કારનું ઝેર ઝરવા લાગી ગયું. હવે મારી આંખમાંથી સંજીવનીનો રસ ખૂટી ગયો. મારો ઈલાજ નથી રહ્યો.)

ભરદરિયે કોઈ વાણ, ભેડાનું ભાંગી ગયું,
પંડ થાતે પાખાણા, રસ ગ્યો, રેશમિયા !


(હે રેશમિયા ભાઈ, તુજ સમું વહાણ મારે જાણે કે જીવતરને મધદરિયે ભાંગી પડ્યું. મારૂં પિંડ પણ હવે પાષાણ બની ગયું, હવે મારા અંતરમાં રસ ન રહ્યો.)

ચોળામાંથી તારવ્યે (જેમ) ઢાઢું દિયે ઢોર,
(તેમ) કાપી કાળજ-કોર, ભેડા બાંભરતાં રિયાં.

(હે ભાઈ ભેડા, જેમ કોઈ પશુને એના ટોળામાંથી વિખૂટું પાડતાં એ વેદનાની ચીસો પાડે છે, તેમ આજ હુંયે તું-વિહોણી થતાં પોકારૂં છું. તેં મારા કાળજાની કોર કાપી નાખી. હું એકલા પશુ જેવી ભાંભરતી જ રહી.)

આખો અસવાર નિર્જીવ પથ્થર બની ગયો. ચારણી પણ છોકરાં સાથે પથ્થરની પૂતળી બની ગઈ. ભેંસો એ સાંજને ટાણે ધાર ઉપર એકલી ભાંભરતી રહી.

## ◆ દૂધ-ચોખા :



(પાંચાળમાં ભીમોરા અને મેવાસા : બેઉ લાખા ખાચરના બંધાવેલા કિલ્લા : બેઉ એના વંશજો વચ્ચે વહેંચાયેલા. ભીમોરે નાજો ખાચર અને મેવાસે શાદૂળ ખાચર તથા ભોજ ખાચર બે ભાઈઓનાં રાજ; ત્રીજું ગોરૈયા નામે ધાધલોનું ગામ; ગોરૈયાનું પાકું પગીપણું મેવાસાવાળા ખાચર ભાઈઓ કરે છે. એ ચોકીદારી બદલ ગોરૈયા મેવાસાને પાળ્યા કરે અને જો ગોરૈયા લૂંટાય તો મેવાસાએ નુકસાની ભરી દેવી એવો કરાર છે : એવે ભીમોરાવાળા નાજા ખાચરે જ પોતાના મેવાસાવાળા પિત્રાઈઓને પાપી ભરોસે ગોરૈયા લૂંટ્યું. મેવાસાવાળા ભોજ ખાચરે સાથેના કરારની પવિત્રતાનું પાલન કરવા પોતાના વહાલા પિત્રાઈ નાજા ખાચરની સાથે જ યુધ્ધ માંડીને પોતાનો પ્રાણ દીધો. એના અનુસંધાનની આ ઘટના છે.)

સામસામા બે ડુંગરાને રોકીને સગા ભાઈઓ સરખા બે ગઢ ઊભા છે : એક મેવાસું ને બીજો ભીમોરા. વચ્ચે બે ગાઉના ગાળામાં લીલા રંગના સરોવર-શીલાંપડિયાળ ઊંડી ધરતી પથરાયેલ છે. આઘે આઘે એક ખૂણામાં વાદળરંગી હીંગોળગઢ ઊભો છે અને બીજી દિશાએ ચોટીલા ડુંગર પર બેઠેલી દેવી ચાવંડી છાંયો કરી રહી છે. ઓતરાદી બાજુએ ગૌધનનાં મણ-મણ જેવડા આઉ પોતાને માથે ઝળૂંબતા જોઈ જોઈને ધરતી માતાની છાતી કેમ જાણે ફુલાયેલી હોય એવી ઠાંગા ડુંગરની લાંબી લાંબી ધારો દેખાય છે.

ઝાલર પર ડંકા પડ્યા તે ટાણે મેસાવાના ગઢમાંથી નીકળીને એક કાઠી ગઢના પાછલા ઢોરા ઉપર ઊભો રહ્યો. બગલમાં તરવાર દાબી છે, ખંભે ધાબળો પડ્યો છે. એનાથી બોલાઈ ગયું : 'હાય ભોજ ! હાય મારો ભોજ !'

ગઢના એક ગોખમાંથી એક બારી ઉઘડી, એમાંથી કોઈ કાઠિયાણીનો અવાજ આવ્યો : 'આપા શાદૂળ ! ગોકીરા ડુંગર શીદ ગજવો છો ? જેને બોલાવો છો, એનો મારત તો આજ હેમખેમ દીવા બાળે છે, નથી ભાળતા ?'





સાંભળીને કાઠીએ અવાજ પારખ્યો, 'આહા ! એ તો મારા ભોજની રંડવાળ્ય. એ તો બોલે જ ને ?'

એટલું બબડીને એણે ભીમોરાના ગઢની ઉપર નજર માંડી. આપોઆપ તરવારની મૂઠ ઉપર આંગળીઓનો દાબ દેવાઈ ગયો. ભીમોરાના ગઢમાં બળી રહેલી દીવાની ઝાળો જાણે કે બે ગાઉ દૂરથી પણ કાળજું દઝાડતી હતી.

'હા ! હા ! ભોજ જેવા પિત્રાઈને મારીને આજ અગિયાર જમણમાં તો નાજભાઈ ભીમોરાને રંગમો'લે દીવા બળે છે. સગા કાકાનો દીકરો નાજભાઈ ! આપા લાખાનો વસ્તાર ! એની આબરૂ દેખીને, એની શૂરવીરાઈ બાળીને અમારાં અંતર હસતાં. એણે ભોજને માર્યો.'

કાઠી મનમાં ને મનમાં બબડવા મંડ્યો : 'અરે નાજભાઈ ! તું ગોરૈયું ભાંગવા હાલ્યો ? એલા, અમારી ખુટામણ ઉપર તેં ભરોસો રાખ્યો ? તને એટલુંય ન સાંભર્યું કે ધાધલોએ રામભરોસે ગોરૈયું અમારા હાથમાં સોંપેલું !'

'નાજભાઈ ! તું નાહોરો સાવજ કે'વા ! પણ મારો ભોજ ભાળ્યો ! ગોરૈયા ભાંગ્યું એમ સાંભળતાંવેંત જ ભોજ કસુંબાની અંજલિ ઢોળીને કોઈ દળ-કટકનીયે વાત જોયા વગર એકલો ઘોડે ચડીને સગા ભાઈને માથે ચાલી નીકળ્યો ! વાહ, ભોજલ ! નાજે - સાવજે - ખોટ ખાધી. તેં ભાઈ-ભાઈ વચ્ચે વહેવાર વહાલા ન કર્યા. શાબાશ, ભાઈ !

'અને તારા મારતલની હારે હિસાબ ચોખ્ખો કરવા હુંય આ હાલ્યો.'

એટલું બોલીને આપો શાદૂળ મેવાસાને ઢોરેથી ઊતર્યો.

ભીમોરાનું ખાડું સીમમાંથી ચરીને ચાલ્યું આવે છે. એની સાથે કાળો કામળો ઓઢીને શત્રુ ઝાંપામાં પેસી ગયો. ગઢમાં દાખલ થઈ ગયો. નાજા ખાચરનો ઓરડો હતો તેની સામે સંતાઈને એકાંતની વાત જોતો બેઠો છે.

વાળુ ટાણું થયું. નાજો ખાચર બેઠા છે. હમણાં હમણાં તો એ એકલા બેસીને ખાઈ લે છે. વાળુ લઈને કાઠિયાણી જમાડવા આવ્યાં.

તાંસળીમાં કાઠિયાણીએ ચોખા કાઢીને માંહી દૂધ-સાકર નાખ્યાં, ચોળીને તૈયાર કર્યું. કહ્યું : 'હવે આજ સોગ ભાંગો !'

‘કાઠિયાણી ! તું મને આજ ગળામણ ખવારવા આવી છો ? ભોજ જેવા ભાઈને ગૂડીને હું વયો આવું છું. હજી એના બારમાની બોરિયું ફટફટે છે. અને હું મોંમાં દૂધ-ચોખા મેલું ?’

કપાળેથી પરસેલો લૂછી નાખીને આપો નાજો બારી સામે ટાંપી રહ્યાં, વળી બોલ્યા : ‘બધુંય નજરે તરે છે. ગોરૈયાનો માલ વાળીને બેફિકર હાલ્યા આવીએ છીએ ત્યાં તો પાણીમાંથી અગન ઊપડે એમ ભોજને આવતો ભાળ્યો – એકલ ઘોડે, મારતે ઘોડે ! ‘ઊભા રો, ચોર, ઊભા રો !’ એવા સાદ પાડતો આવે. મેં હાથ ઊંચો કરીને ઈશારે સમજાવ્યું કે ‘પાછો વળી જા !’ પણ ભોજ પાછો વળ્યો નહીં. અમે ઘોડાં ચોંપથી ચલાવ્યાં. સહુએ કહ્યું કે ભોજને આંબવા જેવો નથી. પણ અમે તે કેટલાંક તગડીએ ?

‘કાઠિયાણી ! ભોજ આંબ્યો. બરછી ઉપાડી. મારી ટીલડી વીંધાવાની વાર નહોતી, ત્યાં તો આપણા બરકંદાજોએ ભડાકો કરી નાખ્યો. આજ એને વિસારીને તારા દૂધ-ચોખા ખાવા એ સહેલું નથી.’

ભાણું ઠેલીને નાજો ખાચર ઊભો થઈ ગયો. કાઠિયાણીએ ઠામ ભેળાં કરી લીધાં. તે વખતે ધરતીમાંથી પ્રેત ઊઠે એમ દુશ્મન ઓરડામાં આવીને ઊભો રહ્યો.

‘કોણ, શાદૂળભાઈ ? આવ, બાપ, ભલે આવ્યો !’

‘કાળકર્મા ! આજ તને આ દૂધ-ચોખાએ બચાવ્યો. તારે માથે હું તરવાર શી રીતે ચલાવું ? ગૌત્રહત્યાના કરનારા ! હવે કાલ્ય મેવાસે આવીને અંજળિ કસુંબો પાઈ જાજે.’

વેર નિતારીને કાઠી ભીમોરાને ડુંગરેથી ઊતરી ગયો. નાજો ખાચર પોતાના ભાઈની ખાનદાનીના વિચારમાં ગરક બન્યો. ખબર ન રહી અને પ્રભાતના કાગડાં બોલ્યા. ઘોડીએ ચડીને મેવાસાને ચોરે જઈ એણે કસુંબો કાઢ્યો.

(સાભાર : સૌરાષ્ટ્રની રસધાર)





## ◆ થાનગઢ એટલે મેપાભગતનું :



વાત જાણે એમ બની કે પાંચાળ પંથકમાં (થાન,ચોટીલા,હળવદનો વિસ્તાર)થાનની બાજુમાં આવેલા વિસ્તારમાં નવુ ગામ નામે મોલડી બંધાય છે.ખોરડા બંધાઈ રહયા છે.એ ખોરડાને માળવા માટે નળિયાં પાડવા થાન ગામના કુંભારોને બોલાવવામાં આવ્યા છે. ગામને પાદર એક સામટા પચીસ ચાકડા ચાલુ થઈને નળિયાં ઉતારે છે. પણ હજી નિંભાડો (નળિયાં પકવવાનો મોટો ચૂલો ) નથી ખડકયો. હજી તાજા તાજા નળિયાં ચાકડામાંથી ઉતારીને ગોઠવાતા જાય છે.

એટલી વારમાં આકાશમાં જેઠ મહિનાની કાળી ડિબાંગ વાદળીઓ આભને ઢાંકી દે છે. સહુના મોં પર ચિંતાના વાદળ છવાઈ જાય છે. બધા નળિયાં ઢાંકવા માટે દોડાદોડ કરી મુકે છે. ત્યારે ગામ બંધાવનાર કાઠી દરબાર આપા રતા (જેઓ નાસ્તિક હતા ને બાવા-ભગતની ખૂબ ઠેકડી ઉડાડતા) મેપા નામના ભગતને પોતાના બનાવેલા નળિયાં ઝટઝટ ઢાંકવા કહે છે. તારા ઠાકરને બોલાવ છતર ધરે નહીંતર કાચા નળિયાં ફરી એકવાર ગારો માટી ને પાણી થઈ જાશે.

મેપા ભગત ટૂંકો જવાબ આપતા કહે છે : ઠાકર વિના કોઈ આડા હાથ દઈ શકે તેમ નથી, આટલો પથારે શેં ઢંકાય ? આટલી વાત પૂરી થઈ નથી ત્યાં તો વીજળીનો કડાકો ગાજયો, વાદળીઓ તુટી. પણ તોયે મેપાભગત તો ઠાકરને રાખવું હશે તો એ...આની આથેય રાખશે એટલું બોલી ભગતે પોતાના અંગનુ કેડિયું (પહેરણ) ઉતારીને નળિયાંની પથાર ઉપર ફગાવી દીધુ ને સૌ ભગત પર હસતા હતા.

આ બાજુ વરસાદના અનરાધાર પાણી જયારે બીજાઓનાં નળિયાં પલાળી તાણી ગયા અને મેપાભગતના નળિયાં ઉપર પાણીનો છાંટોય ન પડયો. ચારેકોરથી ખળખળ પાણી વહયા જાય છે.

ભગત આંખો બંધ કરીને આકાશન સામે બે હાથ જોડીને ઈશ્વર ધ્યાનમાં તલ્લીન બનીને ઊભા છે. આ ઘટનાને નજરોનજર જોનારા નાસ્તિકને બાવા-ભગતની ખૂબ ઠેકડી ઉડાડનારા આપા રતાને આ અજાયબ કૌતુક લાગ્યુ. એમની ચેતનાને કોઈ ગેબી ઈશારો મળ્યો. આભના નોતરા ઉતર્યા. ને વરસાદના પાણીમાં જેમ સઘળી માટી પીગળી ગઈ હતી એમ આ કાઠીદરબારનું અંતર ઓગળી ગયું.ને સઘળા અંહકાર પીગળી ગયા.

સદગુરૂ એ સમજાવ્યુ સાનમાં
બહુનામી માર્યા બાણ
વિચાર કરૂં તો વેદના ભારી,
એ જી મારે ઝળહળ પ્રગટયા રવિભાણ
એ શું મુંને સંત મળ્યા રે સુહાગી
રણક ઝાલરી ઝણણ વાગી રે

આપા રતા ને ગારો ગમવા લાગ્યો. રોજ ચાકડે જઈ બેસે, હોકો પાય. ત્રીજે દિવસે તો ભગતનાં પગમાં પડી અરજ કરી : 'મને તમારી કંઠી બાંધો.'

એવી જ રીતે થોડા વરસ પછી ભગત આપા રતાને જુલમી સૌને રંઝાડનાર એવા એમના જમાઈ સોનગઢના આપા જાદરાએ પણ કંઠી બાંધવા કહ્યું. એમણે થાન મેપાભગત તરફ આંગળી ચીંધી. બરાબર પારખી આપા જાદરાને માથે મેપાભગતે હાથ મેલ્યા. ને આપા જાદરાની સુરતા જગતના ચોકમાં રમવા મંડી.

પેલાના સમયમાં વેઠ પ્રથા (રાજના કામકાજ કરવાનો વારો) દરબારના ઘોડારમાં ઘોડાને પાણી પાવાનો, ભરવાનો વારો આવતો. એકવાર મેપાભગતના ઘરનો વારો આવ્યો. એ કોઈ દી આવતા નહી પણ આજ આવ્યા. એમણે તો એકવાર માણ્ય (તાંબાનું પાણી ભરવાનું વાસણ) ભરી લાવ્યા, તેમાંથી માત્ર ટીપું ટીપું બધા ઘોડા પાસે રેડી દીધું.





ફરીયાદ થઈ કે બીજીવાર મેપાભગત પાણી ભરવા નથી ગયા. ને ફરીવાર ઘોડાને પાણી ભરેલી કૂંડીઓ પાસે મૂકયા, પણ આ શું એકેય ઘોડું મોઢુંયે બોળતું નથી. થાન દરબાર કોઈએ જણાવ્યું કે ભગત પાસે કોઈ મહાન સિદ્ધિ છે અને એમણે મેપાભગતના ઘરની વેઠ (ચાકરી) બંધ કરાવી. 'ઠાકર તમારું ભલું કરશે' એટલી દુઆ દઈને ભગત ચાલ્યા ગયા.

મેપાભગતના ઘરનું ખોરડું ગરીબ અને આંગણે રોટલો મોટો. સાધુ-સંત ત્યાંથી ભૂખ્યા પાછા ફરતાં નથી. વેઠ બંધ થઈ એટલે ભગતને આશા બંધાણી દરબારની અરજે જાઉ એમણે દરબારને વિનંતી કરી કે 'બાપ,વેરો છોડી દો તો પાંચ અતિથિને જમાડવાનું પુણ્ય તમારે નામ ચડશે.' પણ મળતિયાઓએ કાન ભંભેર્યા કે વેરો નથી દેતો ને પાછો. ફરમાન છૂટયું કે બાંધો વડલાને થડ.

કસકસાવીને રાજના માણસોએ મેપાભગતને થાનના ઈ વડલાના થડ સાથે બાંધી દીધા. ભગત ભૂખ્યાને તરસ્યા બંધાયેલા રહ્યાં. ગામમાં સૌ ચર્ચા થઈ, ઈર્ષાળું હતા એને આનંદ થયો.

આ વાત સોનગઢના આપા જાદરાને કાને ગઈ, આપા એમનાં શિષ્ય એટલે રે'વાણું નહી.બપોરે જમવાનું અધુરૂં છોડીને ભાગતા ઘોડે થાન આવ્યા. છેટેથી દેખાવ જોયો, દિલ બહું કોચવાયું પણ મેપા ભગતે કાંઈ આડુંઅવળું વેણ ઉચ્ચારવાની ના પાડી. આપા જાદરા કહેઃ બાપુ બીજુ તો ઠીક તમને બાંધ્યા તોયે હજી આ વડલો કાં લીલો રહ્યો ? અને કહેવાય છે કે ધીરે ધીરે એ વડલાને મેણું લાગ્યું ને વડલો સુકાવા લાગ્યો. એની આખીયે ઘટા ભસ્મ થઈ ગઈ. (ત્યારે એ સમયે શાપિત ગણાતો એ વડલો થાનમાં બતાવાય છે.)

મેપાભગત આપા જાદરાને બોલ્યાઃ 'જો જો હો ગજબ ન થાય, નહીંતર પીરાણું વગોવાશે અને આપણે કાળમુખા કહેવાશું.' તે દિવસથી મેપાભગતના કુંટુંબના વેઠને વેરા બંધ થયા .તે સાડા ત્રણસો વરસે પણ બંધ જ છે. (ઈ.સ. 1928 થીયે પહેલા)

વાત પૂરી થઈ ત્યારે ઘડિયાળ પણ થંભી ગઈ હતી.ને સૌ થાનમય હતા.

## ◆ દુશ્મનોની ખાનદાની :

(આ ઘટના પાંચ પરિસ્થિતિમાં વહેંચાયેલી છે. પાંચેય ભાગ એકબીજાનો અનુબંધ (સંબંધ) ધરાવે છે.)

(1)

સાતલ્લી નદીના કાંઠા પર પ્રભાતને પહોરે મુંજાસર ગામને સીમાડે પચીસ કાઠીઓનો પડાવ થઈ ગયો છે. એનો સરદાર ચોટીલાના રામા ખાચર છે.ત્રણ દિવસનો પંથ કાપતા જૂના વેર વાળતા માલશીકું ગામ ભાંગીને આજ અહીં આવ્યા છે.

મુંજાસર ગામના ધણી ભોકાભાઈ છે. માલશીકા ગામ એમનું મામાનું ગામ છે. ભોકાભાઈ રામા ખાચરના ભાઈબંધ છે. કસુંબો પાયા વિના ન જવાય એટલે ગામને પાદર બધા રોકાણા છે. થોડાં ના પાડે છે. કોઈ કહે છે ભોકાભાઈને મામૈયા સાથે સારા સારી નથી. એટલે ભોકાભાઈને સમાચાર મોકલાણાં છે.

પચીસ કાઠીઓ પોતાના હથિયાર મેલીને સાતલ્લીનાં તેલ જેવા નીરમાં રજભર્યા મોઢા ધુવે છે. તો કોઈ સૂરજની સ્તુતિ લલકારે છે.

'ભલે ઉગ્યાં ભાણ, ભાણ તુંહારાં ભામણાં,
મરણ જીયણ લગ માણ, રાખો કશ્યપરાઉત'

(હે ભાનુ, તમે ભલે ઊગ્યા, તમારાં ઓવારણાં લઈએ છીએ; હે કશ્યપ ઋષિના કુંવર, મૃત્યુ સુધી અમારી આબરૂ જાળવજો.)

'સામસામા ભડ આફળે, ભાંગે કેતારા ભ્રમ્મ,
તણ વેળા કશ્યપ તણા, સૂરજ રાખો શરમ.'

(સામસામા જયારે શૂરવીરો યુદ્ધ કરતા હોય, જયારે કેટલાયે બહાદુરોની આબરૂ ધૂળમાં મળતી હોય, તે ટાણે કશ્યપના કુમાર, અમારી ઇજજત રાખજો.)

કોઈ વળી ચલાળાના આપા દાનાને યાદ કરે છે, તો કોઈ પાળિયાદના આપા વિસામણને યાદ કરે છે.





આ બાજુ મુંજાસરનો ગલઢેરો ભોકોવાળો રામા ખાચરના સમાચાર સાંભળીને શિરામણ ઉપડાવીને મહેમાનોને છાશ્યું પાવા હાલ્યો આવે છે. સાથે પચીસ-ત્રીસ કાઠીઓનો દાયરો લીધો છે. દૂધ-દહીંનાં દોણાં લેવરાવ્યાં છે. સાકર, ચોખા, રોટલા અને માખણના પિંડા લીધા છે. હજી માલશીકું ગામ ભાંગ્યાના એને ખબર નથી.

એવામાં એક માણસ જતો દેખાય છે. સાદ પાડવા છતાં ઊભો રહેતો નથી. રામદુવાઈ દીધા પછી એ માણસ લાજ કાઢીને ઊભો રહે છે. એ જણાવે છે કે તમે મામૈયાવાળાના લોહીનો કસુંબો પીવા જાવ છો. વાત જાણી ભોકાવાળાએ ઘોડો પાછો વાળ્યો: 'મને ખબર નહોતી; હવે તો-

ચડયે ઘોડે ચોટીલો લીઉં,
તે દી મુંજાસરનું પાણી પીઉ.
ચડયે ઘોડે ચોટીલો લીઉં,
તે દી પંલગ પથારી કરૂં.

'રોટલા પાછા લઈ જાવ. કૂતરાં-કાગડાને ખવરાવી દિયો,' આ બાજુ સાતલ્લીના કાંઠે બગલાના જેવી લાંબી ડોક કરીને રાહ જોનારાની ડોક દુ:ખવા આવી. ત્યાં તો રોટલાને સાટે સંદેશો આવ્યો : 'ભોકે વાળે કહેવરાવ્યું છે કે તમારી તૈયારીમાં રહેજો.અમે ચોટીલાને માથે ચડી આવીએ છીએ.'

'અમે નહોતા ભણતા કે કસુંબો ઝેર થઈ જાશે ?' બીજા કાઠીઓ બોલી ઉઠયા.

રામા ખાચર કાસદ તરફ ફર્યા : 'ભાઈ અસવાર ! ભોકાભાઈને કહેજે કે કાંઈ ફિકર નહિ. આવજે ખુશીથી આવજે. ચોટીલે નો આવે એને દેવળ વાળાની દુહાઈ છે !'

(2)

આ બાજુ ચોટીલાની ડેલીએ રકઝક થઈ રહી છે. રામાખાચરને પેટ દીકરાનો વસ્તાર નથી. બે ભાઈઓ વચ્ચે એકનો એક દીકરો છે. એ કહે છે: 'ના મોટા બાપુ ! આજ હું એકલો જ વાર લઈને ચડીશ. મારે ભોકા કાકાને જોવા છે.'

'બાપ ! બાપ ! એવી હઠ ન હોય. તારૂં ગજું નહિ અને ભોકો કાકો રણસંગ્રામમાં જોવા જેવો નથી. બાપ ! હઠ કર માં.' પણ કુંવરે ન માન્યું.

લાંબાધારની ટોચે આપો ભોકો ને એના મુંજાસરના પાંચસો ભાલાં ચોટીલાના સામૈયાની રાહ જોઈને બેઠા છે. ભોકાએ પૂછયું : 'બા, આ મોવડી કોણ ?'

'આપા એ રામા ખાચરનો ભત્રીજો. પરણીને મીંઢળ હજુ છૂટયું નથી, હો ! બે ભાઈ વચ્ચે એક જ છે. વીણી લ્યો.'

ધાર ઉપરથી ભોકો ઉતર્યો. જાણે ડુંગર માથેથી ધોધ ચાલ્યો આવે છે. પોપટના ઘેરા ઉપર બાજ ઝાપટ કરે તેમ તુટી પડયા.

રામા ખાચરના ભત્રીજાના શબ ઉપર પછેડી ઓઢાડીને ભોકાવાળો વળી નીકળ્યો.

આહીં દાયરો ઝંખવાણો પડી ગયો. રામો ખાચર બોલે છે : 'એક જણો જઈને મુંજાસર આપા ભોકાને ખબર આપો કે અમેય આવીએ છીએ. એક પછી એક અને છેલ્લે તું અને હું : બે માંથી જે મરે એના દેન બેય દાયરા ભેગા બેસીને દે.'

ભોકાવાળાએ કાગળનો જવાબ વાળ્યો : 'ભા, તમે ઘડપણના રે'વા દેજો. ફેરવણીમાં ઘસાઈ જાશો. અમે જ સામા હાલીને ફરીવાર આવીએ છીએ.'

'કાઠિયાણી,જીવતરના ભરોસા ઓછા છે.પાછા વળાશ નહિ.' રામા ખાચરે કહ્યું.

'તે તમારી શી મરજી છે ?'

'બીજી તો કાંઈ નહિ, પણ ગીગીનો વિવાહ પતાવી લેવાની.મરણ-પરણને ઠેલતું આવે છે.'

'બહું સારૂં, જેવી તમારી મરજી.' કાઠિયાણીએ લગ્નની તૈયારી કરવા માંડી. માંડ છાંડ, ગારગોરમટી અને ભરતગૂંથણના આદર કરી દીધા.

ગીગીનાં બલોયાં ઉતરાવવાના હતા. તે દિવસોમાં હળવદ શહેરની દોમદોમ સાયબી. હળવદના મણિયારો જેવા ચૂડલા કોઈ ઉતારી જાણે નહી. હળવદમાં મોતીચંદ નામે શેઠ હતા. જે મૂળ તો ચોટીલાના. રામા ખાચર સાથે પહેલેથી નાતો જાળવે છે. ત્યાં પરમાણું





મોકલી દીધું.

બન્યુ એવું કે એકવાર બલોયા નાના પડયા,બીજીવાર દોરાવા મોટા થયાં.

હળવદથી મોતીચંદ શેઠે કહેવરાવ્યું કે : 'બેનને આહીં જ તેડી લાવો, સાંજ ટાણે ચોટીલા ભેળા થઈ જાશે.'

વેલડું જોડી, ચાર-પાંચ હથિયારબંધ કાઠીઓ સાથે હળવદ ગયા. બજારમાં જ શેઠનું ઘર. એજ દુકાન હતી. હાટડીમાં દીવાલે દીવાલે અસલ હાથીદાંતના ચૂડલા લટકે છે. બેનના બલોયા એક પછી એક જોવાતા જવાય છે.

'ઊઠો, ઊઠો !' અચાનક બોલાઈ ગયું.

'શું થયું ? કેમ ગભરાઈ ગયાં ?'

'શેઠ ઓરા આવજો !' હળવદના દરબારે એક બાજુ બોલાવીને કીધુ કે : 'મે'માન અમારા પણ છે. માટે રોકવા છે. જાશે તો તમારી પાસેથી લેશું ! રેઢા મેલશો માં !'

'મોતીચંદ મામા ! હવે અમને ઝટપટ ઘર જાવા દો.' દીકરી બોલી.

'બોન બા ! ભાણી બા ! બેટા ! હવે કાઠિયાણી બની જાવ. હવે વેલડું બહાર નીકળે નહિં. કાળ ઊભો થયો છે, એમ થાય તો તો મારે વખ પીવુ પડે.અમે જીવતા છીએ ત્યાં સુધી તમારૂં રૂંવાડુંય ન ફરકે.'

દરવાનોને આજ્ઞા દીધી : 'ડેલી બંધ કરો, તાળા મારી દયો.' એક અસવાર ચોટીલા જવા નીકળી ગયો.

(4)

આ બાજુ ભોકાવાળો કીધાં મુજબ લડાઈ લડવા ચોટીલે આવે છે. જુવે તો રામની મઢીએ કાગડા ઊડે એમ ચોટીલું ઉજ્જડ દેખાય છે. એટલે...

રામા ખાચરને ગઢપણ છે એ ખરૂં પણ કાગળ લખ્યા પછી જીવ ના બગાડે. નકકી કાંઈક ભેદ છે. નાજભાઈ જાવ, ગામમાં જોઈ આવો, દાયરો શું કરે છે.

નાજભાઈ ગામમાં આવ્યા. પણ આ શું દાયરામાં ઝાંખપ છે. કોઈના મોં પર નૂરનો

છાંટો નથી.

હળવદની વાત જાણી. નાજભાઈએ મારતે ઘોડે જઈ ભોકાભાઈને જણાવ્યું કે : ‘દાયરો મુંઝાઈને બેઠો છે. એક કોર ભોકાભાઈ ને બીજી કોર હળવદ-બે માંથી પહેલું કયાં પહોચવું ?’

વાત સાંભળીને ભોકાવાળો ઊંડા વિચારમાં પડયો. પછી કીધુ કે ‘વેર કાંઈ જૂના થોડાં થઈ જાય. દાયરાને ખબર દો કે અમે મળવા આવીએ છીએ.’

ભોકાવાળાએ જઈને કહ્યું : ‘આપા રામા, ઊઠ ભાઈ ! ગીગીને ઊનો વાયે ન વાય. ઊઠ, પછી આપણો હિસાબ આપણે સમજી લેશું.’

ચોટીલા સાથે લડવા નીકળેલા, પણ વેર પડતું મૂકી, સમયને પારખી દીકરીની વાર કરવા હાલ્યા. પાંચસો ઘોડાના અવાજે આભને ચીરી નાખ્યો, સાથે ચોટીલાની સેના પણ જોડાઈ. હળવદના માર્ગે જાણે વંટોળિયો હાલ્યો.

(મેનેજમેન્ટના વર્ગો ભરતા નહોતા છતાં એ સમયના લોકો સમય પારખીને કયાં કામને અગ્રતાક્રમ આપવો એ આસાનીથી જાણી લેતા. ઉપરાંત દુશ્મનની મુશ્કેલી જાણી રાજી ન થતાં, એને મદદ કરતાં એટલાં એ ઉદાર પણ થતાં હતા.)

(૫)

હળવદમાં સાંજ પડી ગઈ છે. મોતીચંદ શેઠ પોતાની છેલ્લી બારીએથી નદીમાં આંટા ખાય છે. ત્યાં તો નદી કાંઠે ભૂરિયાં લટૂરિયાં, રાખમાં રોળેલી પહાડી કાયાઓ, તુલસીના પારાવાળા બેરખા અને સિંદુર આંજયો હોય તેવી રાતીચોળ આંખોવાળા નાગડા બાવાની જમાતના પડાવ થાતાં જોયા. સાથે ડંકા,નિશાન, હથિયાર અને ઘોડાં દેખ્યાં.

શેઠે પૂછ્યું : ‘બાવાજી, ક્યાં રહેવું?’

‘ચિત્તોડ !’

‘કેની કોર જાશો ? ’

‘ચાકરી મિલે વહાં !’





‘મારા ઘેર રહેશો ?’

‘તું બનિયા ક્યા દેગા !’

‘બીજે શું મળશે ?’

‘પંદરા-પંદરા રૂપૈયા.!’

‘આપણા સોળ-સોળ !’

આમ બાવાની જમાત ગામમાં આવી. એ જ ટાણે પગાર ગણી દીધો. ચારસો બાવાની ચોકી વાણીયાને ઘેર બેસી ગઈ.

સાંજ પડી. દરબારનો માનીતો જમાદાર વેલડું જોડી મેમાનને લેવા આવ્યો. નાગડા બાવાઓને સાચા ભેદની જાણ થઈ, એ રંગમાં આવી ગયા. જમાદારને પાછો જવા ન દીધો.

સામે મહેલમાં ખબર પડી, એટલે નગારે ઘાવ દઈ ફોજ તૈયાર થઈ.

‘એકેય બાવો જીવતો રહેવા ન પામે !’ હાકલ થઈ. એવામાં ‘દોડજો ! સેના ! સેના ! દરવાજે નગારાં વાગ્યાં.

પોણા ભાગની સેના લઈ રાજા દરવાજે દોડયો. જોયું ત્યાં તો દરવાનોની લોથો પડી છે. નદીના વેકરામાં ઊભા માણસો પાછળ ફોજ દોડી. હળવદના સીમાડો વટાવ્યો. હમણાં ઘેરી, પીંખી નાખીશ.

ત્યાં તો તળાવડીમાંથી પાંચસો ભાલાં ઝબક્યાં.

હળવદની સેના દરબાર સાથે અહિંયા જ રોકાઈ ગઈ. કટક આવીને જોવે છે તો બાકીનું કામ બાવાની જમાતે પતાવ્યું હતું.

‘આપા ભોકા, આપા રામા હળવદનો દરબાર ગઢ રેઢો છે’ કેટલાંક બોલ્યા.

‘ના,’ બેય જણ બોલી ઉઠયા : ‘જેનો દી માઠો બેઠો હોય એ રાણીવાસ તરફ નજર નાખે. મર લાખોની રિદ્ધી ભરી હોય. હાલો, પહેલાં મોતીચંદ શેઠની ખબર લઈએ.’

ઓરડામાં પથારીમાં ઘાયલ થયેલાં શેઠ સુતા છે.

રામા ખાચરે શેઠની પગની રજ લઈને માથે ચડાવી. બોલ્યા : 'તું ન હોત તો મારૂં મોત બગડત.'

આભ સામે આંગળી ચીંધી શેઠે કહ્યું : 'ધણીની મરજી, આપા !'

પછી, બેય સેના ચોટીલા હાલી નીકળી. સીમાડો દેખાયો એટલે ભોકાવાળાનું કટક નોખું તરીને ઊભું. 'રામા ખાચર, બે'નને ફેરા ફેરવીને વે'લા પધારજો, અમે વાટ જોઈને બેઠા છીએ.'

'વેલડું થંભાવો !' દીકરીએ અવાજ દીધો.

'કા બાપ! કેમ ઊભું રાખ્યું ?' બાપુએ પૂછયું.

''બાપુ ! હું ડાકણ છું ?'

'કેમ, દીકરી ?' ભોકાકાકાએ કહ્યું.

'તમને સહુંને કપાવીને મારે જીવનમાં શો સ્વાદ લેવો છે?'

'શું કરીએ, દીકરી ? બોલે બંધાણા છીએ.'

'તો પછી મને શીદ ઉગારી ?'

'રામા ખાચર !' ભોકા વાળો બોલ્યો : 'આ લે તરવાર. તારા ભત્રીજાના માથા સાટે ઉતારી લે મારૂં માથું !'

'આપા ભોકા, (દીકરી સામે જોઈ) એવા સાત ભત્રીજાનાં માથાં વાઢ્યાં હોત, તોય આજ તેં એનો હિસાબ ચૂકવી દીધો છે, ભાઈ !'

ને બેય શત્રુઓ ભેટયા, સાથે કસુંબા પીધા. રામા ખાચરની દીકરીને પરણાવી ભોકો વાળો મુંજાસર ગયો.

એક વધુ યુદ્ધ દીકરીની સમજણે ટળી ગયું.





## ◆ આપા ગોરખા :

થાનના મેપા ભગતના વચન પ્રમાણે જાદરા ભગતને ત્યાં બીજો દીકરો જન્મ્યો. નામ પાડયુ ગોરખો. જન્મથી જ સંસાર માણવા એ આવ્યાં નહોતા. જાદરાબાપુની જેમ જ ભગતીના મારગે એ તો હાલી નીકળ્યા. થાનની બહાર બાપુની મઢીમાં એતો રહેતા.

એક દિવસની વાત.... ખબરીએ ખબર દીધા : 'બાપુ ! થાન પલટાણું !'

'ક્યારે ?'

'રાતમાં'

આ બાજુ કરપડા દરબારની દેહ પડી. ને થાન લખતરનું થઈ ગયું. કોને ફરિયાદ કરવી.

થોડા દિવસ થયા, વિધવા બાઈ જુવાન કુંવર નાજા કરપડાને લઈ થાનકમાં આવી. લખતરને શે પોગાય ?

'જા બાપ, આ લે નાળિયેર. ઠાકર તને થાન પાછું દેશે. મૂંઝા છો શીદ.'

થાન બદલાણું. નાજા કરપડાએ બાપની આણ વર્તાવી. ઉલ્લાસમાં ને ઉલ્લાસમાં એણે એક વાડી ગોરખા ભગતની જગ્યામાં અપર્ણ કરી.

(2)

થોડાં વરસ વીતી ગયા. ભાદરવો મહિનો ચાલે છે. એક દિવસ નાજો કરપડો ઘોડે ચડીને સીમ જોવા નીકળ્યો છે. જોતાં જોતાં એક વાડી જોઈને ઘોડી રોકી. ઊંટ સમાઈ જાય એવડી જાર ઊભી છે. આખી સીમમાં એકજ કટકો સોને કાં મઢ્યો ?

'આ કોની વાડી ?'

'બાપુ ! જગ્યાની.'

'જગ્યાની ક્યાંથી ?'

'આપણે અરપણ કરેલી છે.'

'આ કંચન જેવી જમીન સાધુડો ખાશે ?'

પરબારી ઘોડી આપા ગોરખાની જગ્યામાં હાંકી. ભગતને કીધું : 'ભગત વાડી-બાડી નહીં મળે.ખબરદાર જો ડૂંડાને હાથ અડાડયો છે તો !'

સાધુડાં બધાં કકળવા મંડયા.ભગત તો મલકી રહ્યાં : 'હશે બાપ, જમીન તો એના બાપની છે ને . એની છે અને લઈ લે છે.આપણને એનો કાંઈ દખ ધોખો હોય ?'

નાજા કરપડા તરફ ફરીને ભગતે કહ્યું : 'ભલે બાપ, તું તારી જમીનનો ધણી છો, પણ ઓલ્યું નાળિયેર તને દીધું'તું. ઈ તો મારૂં છે. માટે પાછું દઈ મેલ્ય એટલે અમે હાલી નીકળીએ.'

'ભણે લંગોટા ! મારૂં થાન તે શું ગારાનું છે તે તારા નાળિયેર વગરનું વહ્યું જાશે ? આ લે તારૂં નાળિયેર.'

નાળિયેર પાછું આવ્યું. ઠેઠ જુનાગઢના પડોશમાં રહેતા ખીમા મૈયા નામના મૈયા વંશના આગેવાનને ઓચિંતું સ્વપ્નું આવ્યું : 'ખીમા ! ઠાકર તને થાન દે છે.'

મૈયાની ફોજ થાન માથે ચડી. દૈવતહીણ નાજો વગર લડયે ભાગ્યો. કોઈ ઝાડ ઓથે સંતાણો.

ભગતે ખબર લીધી : 'બાપ નાજા ! અભેમાન કોઈનાં નથી રહ્યાં; અને નિરપરાધીના નિસાસા લીધ્યે સારાવાટ ન હોય.

(3)

સીમમાંથી ધા નાખતા ગોવાળો ભગતની જગ્યામાં આવ્યા.ભગતને કીધું : 'આપા ! જગ્યાનું ધણ વાળી ગ્યા !'

'કોણ, બાપ ?' ગોરખા ભગત બોલ્યા.

'મોરબી દરબારનાં માણસું.'

'કાંઈ વાંધો નહિ, ભાઈ ! આપણે એની પાછળ વાછરૂંય દઈ મેલો. નીકર માતાજીયું કામધેનુ દુભાશે.' એમ કહીને એણે વાછરૂં પણ પાછળ મોકલી દીધાં.

લોકો એવી વાતો કરતા કે, બીજો દિવસ થતાં તો મોરબીથી માલ પાછો આવ્યો. ચોરનારા ચેતી ગયા કે ભગતનો જીવ કોચવાશે તો ઊલટપાલટ કરી નાખશે.

પરંતુ એક ગાય ન આવી.

ભીખો રબારી ધ્રુસકા મેલીને રોવા લાગ્યો કે, 'બાપુ, મારી ગોરહર ગા રહી ગઈ ! મારી ગોરહર વગર હું નહી જીવું.'





'ગોરખા ભગતે મોરબી ઠાકોરને સંદેશો કહેવરાવ્યો : 'ગા વગર ભીખો ઝુરે છે. ગોવાળ અને ઢોરની પ્રીત્યુંનો વીચાર કરો. દરબાર ! તમને બીજી ઘણીયું ગા મળી રહેશે. અમારી ગોરહરને પાછી દઈ મેલજો.'

મોરબીથી કાંઈ જવાબ ન વળ્યો. ફરી ગોરખા ભગતે કહેવરાવ્યું: 'દરબારને કેજો કે ગોરહરના દૂધ નહિ ઝરે, બાપ?'

તોયે દરબારને ડહાપણ ન આવ્યું. અહીં થાનમાં બેઠાં બેઠાં હોકો પીતા રાયકાને ભગતે પૂછયું : 'ભીમડા ! તારા હાથમાં ઈ શું છે બાપ ?'

'હોકાની નળી છે,બાપુ !'

'એનું બીજું નામ શું ?'

'નાળ્ય.'

'હં બાપ! ઈયે નાળ્ય: બંદુક-તોપની નાળ્ય જેવી. કર એને મોરબીની ગઢ સામી લાંબી, ને માર ફૂંક.'

ભીમડાએ પહેલી ફૂંક દીધી. અને ભગત બોલ્યા : 'શાબાશ ! મોરબીનો ગઢ તૂટયો. હા, બીજી ફૂંક ફરીને !'

'વાહ ! એ. ઘોડાહારના ભુકા ! બસ ! એ... કુંવર ઊડયો !'

એ દંતકથાનું ગીત છે :

ખેરો કાળ ઝમઝાળ ગોરખો ખીજીયો માલ ગોરખ તણા ન થાય મીઠો.
ગઝબની ચોટ જાદર તણો ગોરખો દેવાતણ આકરો નતો દીઠો.
કમતિયા કેસરા એમ જાડા કહે ફૂલ ઘોડે ચડયો હૈયાફૂટયો.
ઘોડાર્યુ બાળ્યને, કુંવરને ઉડાવ્યો રાજ બોળી દિયે રઝળુ રૂઠયો.
પરગણું બધું નડેડાટ ઉજજડ પડયું કોપિયા માળિયા સરે માટે કયાંથો
મોરબી સરે ખુટામણ નો મટે મોરબી કૂટતી ફરે માથો
તોળાં કંડોળા (થાન) તણી આવેને કરી આળ
મોરબી સર મહારાજ ! ગજબ ઉતાર્યો તે ગોરખા !

## ◆ આપા જાદરા :

(1)

(પંચાળે થાનની નજીક જ સોનગઢ નામે ગામ છે. અહીં આપા જાદરા નામે એક ભગત થઈ ગયા. જે આપા રતા (મોલડી)ના જમાઈ થાય. તેઓ, આપા ગોરખા ભગતના બાપુ (પપ્પા) હતા. એમના જીવનમાં કેટલાંક પ્રસંગો બની ગયા. જેમાંના થોડાંક વાગોળીએ.

'એ આપા જાદરા ! અમે તારી ગા' કહેવાઈએ. ભલો થઈને મારી ઘોડી પાછી દઈ દે. હું તારા પગમાં પડું છું.'

'ભણે બાવાજી ! તું ઠાલો મફતનો રગરગ મા, ઘોડી તને નહી મળે. તારે ભેખધારીને વળી ઘોડું કેવાનું ?'

'અરે આપા, બીજું કાંઈ નહિ, પણ મેં ને મારા છોકરાએ એને જીવની જેમ મોટી કરી છે.'

'હવે ડખડખ કરતો ભાગ્ય ને આહીંથી. ભાગી જા નીકર પરોણો ખાઈશ.'

આખા ગામને થથરાવનાર એ જાદરે આજે એક ગરીબ બાવાની સુંદર ઘોડી લઈ જાય છે. અત્યારે બાવાજી અને જાદરાની વચ્ચે રકઝક ચાલે છે. પહેલેથી જ કમાડની આડશે ઊભી ઊભી આપા જાદરાની ઘરવાળી માંકબાઈ રોટલા કરતાં કરતાં એઠે હાથ આવીને ધણીને કહે છે : 'એ કાઠી ! ગરીબની આંતરડી કકળાવ્યમાં; આમાં આપણી સારાવટ નથી.'

'ઊભી રે 'જે ભગતડી ? નાના મોઢે મોટી વાત કરવા મંડી છો.' કાયમની જેમ ભલાઈનો પક્ષ લેનારી, ધણીને સાચો મારગ ચીંધનારી માંકબાઈના વેણ જાદરો સહન કરી ન શકતો. કાયમ સારાઈ-ભલાઈને લઈને પતિ-પત્નિને રકઝક થાતી રહેતી.

બન્યું એવું કે બીજા દિવસે જાદરાના ચાર બળદમાંથી એકને સર્પે ડંશ દીધોને, બળદના રામ રમી ગયા.

આપા રતાની દીકરી માંકબાઈએ મીઠે કંઠે પતિને કહ્યું : 'લે કાઠી, કાઢ્ય કમાણી !





કાલ ઓલ્યો બાવો આપણે આંગણેથી ફળફળીને ગયો, એના ફળ આપણને મળ્યા. લાખેણો ઢાંઢો ફાટી પડયો. ગરીબની ધા લેવી સારી નથી ! કાઠી વિચાર વિચાર.'

મોલડીએ જઈ તારા ભગતડા બાપ પાસેથી એક ઢાંઢો લઈ આવ. નીકર ભૂખે મરશું.' જાદરાના વેણ વાગતા રહ્યા.

એક તો ધણીનો સંતાપ, એને માથે સાસુની કનડગત. વારે વારે ધમરોળ મચે છે. પિયર જઈ વારેઘડીએ માંકબાઈ ખરચીનો જોગ કરતા રહે છે.

પણ...... આજ તો માંકબાઈ ગળોગળ આવી રહી હતી. શું કરવું તે સૂઝતું નહોતું. પ્રભાતને ટાણે મોલડી ગામની રબારણો થાનમાં ઘી વેચવા ઘીના તાવણો લઈ લઈને આવેલી. તે બધી જાદરાને ફળિએ બે'નના ખબર કાઢવા આવી. 'માંકબાઈ બેન ઓ ! ભગતને કાંઈ સમાચાર દેવા છે ?'

માંકબાઈને તો સાક્ષાત માવતર જ મળવા આવ્યા હોય એવી લાગણી થઈ. ને એની છાતી ભરાઈ આવી.

એણે કહ્યું : 'ઊભાં રો'. હું તમારી સાથે જ આવું છું.'

ઓરડામાં સાસુને જઈને કહ્યું : 'ફઈ ! હું મારે માવતર જાઉં છું.'

'પણ જાદરાની રજા વગર....' ફુઈએ કીધું.

જાદરાની રજા વગર જાય છે. એટલે રસ્તામાં એને જંપ નથી.પેટમાં ફાળ બહું મોટી છે. ઘડીએ ઘડીએ પાછળ જોતી જાય છે.

આ બાજુ ઘેર પહોંચતા માંકબાઈને જાદરાએ જોયા નહી. એટલે આજ કટકા કરૂં એવાં ભાવથી પાછળ પાછળ તલવાર લઈને ઘોડી દોડાવી. સીમના માણસો જાદરાને વારવા લાગ્યા. માંકબાઈ જૈવ લઈને નાઠી.

પણ આ શું.... જાદરાની ને માંકબાઈની વચ્ચે અંતર ભાંગતું જ નથી. સહુ વાતો કરવા લાગ્યા કે આ તે શી લીલા ?

બીજાએ કહ્યું : 'ભાઈ, કોની દીકરી ! આપા રતિઅલનાથની ! ગેબીનાથના ચેલા આપા રતા !...'

એમ કરતાં કરતાં મોલડી અને ઘર પણ આવી ગયું. મા એ દીકરીને સોડમાં લઈ લીધી. આપા રતાના હાથમાં માળા ફરી રહી છે. ત્યાં તો કાળઝાળ જાદરો આવી પહોંચ્યો. આખા શરીરે પરસેવો નીતરી રહ્યો છે. ઘોડી દોડાવી દોડાવીને થાકી ગયો છે. તોય માંકબાઈને આંબી નથી શકયો તેની મર્મવેદના પણ એને વીંધી રહી છે.

આવ બાપ ભાણેજ ! કહી, જાદરાને આપા રતાએ પાસે બેસાડયો. સાંજે એક ભાણે બન્ને જણાં વાળું કરી. આ બાજુ જાદરાને પણ લાગ્યું કે મામા સાગરપેટા છે.

ખેતરમાં તલ ઊભા હતા. એટલે રાત પડયે રખોપું કરવા ભગત રાતવાસો કરવા જંગલમાં રહેતાં. એમની સાથે જાદરો ગયો. જાદરો સુઈ ગયો, ને આપા રતા ભગતે ગેબી માળા ચાલુ કરી દીધી.

અડધીક રાત થઈ, આપા રતા ભગતે સાદ દીધો : 'અરે ભણે મોતીરામ, એ મોતીરામ !'

'આં... હાં... ઊંહ !' એવો ઘોર અવાજ સંભળાયો.

ભગતે ફરીવાર સાદ દીધો : 'અરે મોતીરામ ! ભણે તાપવા હાલો તાપવા ! મઉ થાવમાં, નીકર સવારે ઠરીને ઠીકરૂં થઈ રે'શો.'

ભગતના શબ્દો જાણે સમજતા હોય એમ એક સાવઝ સામા ડુંગરની ઝાડીમાંથી નીચે ઊતર્યો.

'આવો ! મોતીરામ ! આવો બાપા !' એમ કહી ભગત પંપાળવા લાગ્યા. સાવઝ નાના ગલુડિયાની માફક ભગતના પગમાં આળોટવા લાગ્યો. કયાંય કાંટો તો નથી લાગ્યો ને ? ને ભગત કાંટો કાઢવા મંડયા.

'હા, અને આજ ગંગારામ કયાં ગયો છે ?'

'ગંગારામ એ.... ગંગારામ ?'

પૂછડું માથે લઈને બીજો સિંહ ઊતર્યો. પછી તો બંને સિંહ ભગતના પગમાં આળોટવા મંડયા.





વાતોમાં ને વાતોમાં એક પહોર વીતી ગયો. જાવ કાલ પાછા આવજો .ત્રીજે પહોરે બેય સિંહ આળસ મરડીને ઊભા થયા.

રાતે જરાક અવાજ થતા આ બધુંય જાદરાએ સૂતા સૂતા નિહાળ્યું. એ જમઝાળ લુંટારાએ અધરાતે બે વિકરાળ સિંહોને પોતાના સસરાના પગમાં આળોટતા જોયા, એના રોમે રોમેમાંથી પરસેવાના પાણી નીતરી ગયા. ઊઠીને, કાંઈ બોલ્યા ચાલ્યા વગર, જાદરો પ્રભાતે ભગતના પગમાં પડી ગયો.

કાંઈ જાણતાં નથી એમ ભગતે ખભે ગોદડા નાખીને મામો-ભાણેજ ગામમાં આવ્યા.

(2)

પછીતો જાદરાને લાગ્યું કે આ કોઈ સામાન્ય ઘટના નથી. કાંઈક ભેદ છે. જાણવો જોઈએ. ને એમ મોલડીના આટા ચાલુ થઈ ગયા.

'કી બાપ જાદરા ! અટાણમાં કા સારૂં આંટો ખાધો ?'

'મામા, કાલ સાંજે વાછરૂં વગડામાં રહી ગયું. તે ગોતવા નીકળ્યો તો.'

એમ રોજ અંધારે સોનગઢથી મોલડીને પંથ શરૂ કરી દીધો. પ્રભાતે ભગતના ચરણમાં માથું ઝુકાવે છે. તરત જ પાછો વળી નીકળે છે. કે તો ય રોકાતો નથી.

પણ... પાંચમા દિવસે મામાએ કાંડુ ઝાલીને પૂછયુ : 'નિત્ય ઊઠી દસ ગાઉનો પંથ શીદ કાપો છો ?'

'કાંઈ નહિ મામા તમારા દરશન સાટુ ! મામા મેં નીમ લીધું છે, રોજ પ્રભાતે તમારા દરશન કર્યા પછી મોંમાં દાતણ નાખવાનો.'

ખડખડખડખડ દાંત કાઢીને ભગત બોલ્યા : 'જાદરા દાખડો રે'વા દે. આ મારગ કઠિન છે.'

જાદરાની મકકમતા જોઈ આપા રતા ભગત બોલ્યા : 'હું શું તને મારગ બતાવવાનો ? તારા થાન ગામમાં જ મારગ બતાવનાર મેપા ભગત છે ને !' ને જાદરો ચાલ્યો ગયો.

(3)

થાન ગામના કુંભારવાડામાં મેપા ભગત ફેરણી વડે ચાકડો ગોળ ગોળ ફેરવે છે. સાથે સાથે ભજન લલકારતા જાય છે. એવે પ્રભાતને ટાણે ગળામાં માળા નાખીને જાદરો આવી પહોંચ્યો. એણે મનમાં ઠાન્યુ હતું કે ગમે તે થાય પણ એવી કઈ શક્તિ છે, જેના થકી કલ્પી ન શકીએ એવા કામ કરી શકીએ. એની ઓળખ મેળવવી. એણે આવીને કહ્યું : 'ભગત, રામ રામ !'

જાદરાને જોઈ ઘરની વહું-દીકરીઓ સરખી થવા લાગી. જાદરાની છાપ આ પંથકમાં બહું સારી નહીં.

'રામ રામ ! આપા જાદરા.' એમ ભગતે રામ રામ તો કર્યા પણ અંતરમાં ફાળ પડી : આ કાગડાના મોંમાં આજ રામ કયાંથી ? અને આ આખા મલકનો ઉતાર આજ મારે ફળિયે શીદ આવ્યો હશે ?'

જાદરો ચૂપચાપ બેસીને ચાલ્યો ગયો. એમ બીજે દી, ત્રીજે દી અને ચોથે દિવસે જયાં જાદરો આવ્યો કે તરતજ મેપા ભગતે બાવડે ઝાલ્યો : 'આપા, રોજ રોજ આંહી શીદ આંટા ખાવ છો ?'

'કાંઈ નહીં, ભગત ! સુવાણે તમારો સત્સંગ કરવા.'

'સત્સંગ ! તારે સત્સંગને શું લેવા દેવા, આવ્યો ઈ આવ્યો, પણ જો હવે આવ્યો છે તો આ ફેરણીએ ફેરણીએ વાંસો ખોખરો કરી નાખીશ.'

'બહં સારૂ, ભગત ! અંદર નહી આવું.' એટલાં સંવાળા શબ્દો બોલીને જાદરો ચાલ્યો ગયો.

બીજા દિવસનું પ્રભાત પડયું. ભગતે ચાકડો ફેરવતા ફેરવતા પ્રભાતિયું (સવારે ગવાતું ભજન ) ઉપાડયું :

રૂદિયામાં રે'જો ! એ જી મારા રૂદિયામાં રે'જો ! ભગત ગાતા ગાતા વાસણો ઉતારે છે. એવે ટાણે દીકરીએ આવી કહ્યું : 'આતા, કોક તડમાંથી છાનુંમાનું ડોકાતું લાગે છે ?'





ભજનના સૂર ભાંગી પડયા.ધૂંધવાતે હૃદયે ખડકી ઉઘાડી. જુએ તો જાદરો.

કાંઈપણ બોલ્યા ચાલ્યા વગર, ભગતે ચાક-ફેરણી ઉપાડીને જાદરના બરડામાં ફડ ! ફડ ! ફડ ! એમ ત્રણ વખત ઠબકારી દીધી.

જાદરો બેવડો વળી ગયો, પણ મોંની એકપણ રેખા બદલાઈ નહીં. જેવો હસતો હતો એવો જ હસતો રહ્યો.

'જાછ કે નહીં ?' ફરી ત્રાડ દીધી.

'નહિ જાઉં. હવે તો નહિં જ જાઉં.' એમ કહી જાદરે ભગતના ગારાવાળા પગ ઝાલી લીધા.

ભગત ટાઢાબોળ થઈ ગયા. જાણે ચંદનનો લેપ થઈ રહ્યો હોય એવું પગમાં થવા લાગ્યું. ભગતે જાદરાનું લલાટ વાંચી લીધું : 'બાપ જાદરા ! સિધ્યો ?'

'તમારી દયાથી.'

બાપ નાના બાળુડાને તેડે એમ ભગતે જાદરાને છાતીએ લઈ લીધો. માથે હાથ મેલ્યો. જાદરાને ઝણણણ ઝાલરી સંભળાવા માંડી. એની પીઠ પર હાથ મેલ્યો ત્યાં તો જાદરાની સુરતા જગતભરના ચોકમાં રમવા માંડી. એક ઠગ, ડાકુ, લુંટારો જાદરો મરી પરવાર્યો. ને ભગત જાદરાનો જનમ થયો. જગતને ફરી એક વાર વાલિયામાંથી વાલ્મિકી મળ્યા.

(4)

જાદરા ભગતના જીવનમાં પછી તો ઘણાં પ્રસંગો બન્યા, પણ એમાંથી મુખ્યને જોઈએ તો......

ભગત બન્યા પછી જાદરાજીએ તલવાર, ઘોડો મૂકી દીધો છે અને હાથમાં કરતાલ અને માળા ઝાલી લીધા. ગળામાં ગાળનો શબ્દ બદલાઈને ભજનમાં રૂપાંતરીત થઈ ગયો છે. એક દિવસ એવું બન્યું કે....

(1) પડોશમાં એક સ્ત્રીનો દીકરો ફાટી પડયો. જાદરા ભગતે મેપાભગતને વાત કરતાં

પોતાના દીકરાનું આયખું દઈ દો એમ કહ્યું. જાદરા ભગત એકના એક દીકરાને એના સાટે મોટા ધામ મોકલીને પેલી સ્ત્રીને રાજી કરી દે છે. (ઝવેરચંદ મેઘાણી પણ આ વાતને લખે છે.)

'આયો કંડોળે અલખ, સત ધાનડ સરઠે
મુંવા મડાં ઝકે, તેં જીવાડયાં જાદરા.'

(2) બીજુ મેપાભગતને જયારે થાન રાજાના માણસો વડલા સાથે બાંધે છે. જમવાનો હજી કોળિયો હાથમાં હતો, ત્યાં આ સમાચાર સાંભળતા મારતે ઘોડે થાન આવે છે.મેપાભગતની દશા જોઈ મન કોચવાય છે. થાન રાજની દશા બગાડે એવું કોઈ અવળું વેણ બોલવાની મેપા ભગત ના પાડે છે. જાદરા ભગત કહે છેઃ 'અવળું વેણ તો બીજું શું બાપુ ! પણ તમને બાંધ્યા તોય હજી આ વડલો કાં લીલો રહ્યો ?'

એમ કહેવાય છે કે, થાનગઢનો એ વડલો સુકાવા લાગ્યો. એની આખીયે ઘટા ભસ્મ થઈ ગઈ.

મેપા ભગત કહે : 'હાં ! હાં ! હાં! બાપ જાદરા જો. ગજબ ના થાય. લાખોના પાલનહાર (રાજા) માથે સેવક ના જાય, હો બાપ ! નીકર પીરાણું વગોવાશે. અને આપણે કાળમુખા કહેવાશું.' પછી જ તો જાદરા ભગત મૌન રહ્યા.

એ શાપિત વડલો જે તે સમયે લોકો બતાવતા ને આ વાત પણ કરતા.

(3) ત્રીજી વાત પાંચાળના ગામે ગામ દયા-દાનનો બોધ દેવા જાદરો ભગત જતા હોય છે. એકવાર આણંદપુર ભાડલા ગામે આવી પહોંચ્યા છે. એ પંથકમાં જાદરો તો પીર ગણાતો. દખિયાં, અપંગ, આંધળાં, વાંઝિયા, તમામ આવીને એમની દુઆ માગતા.

એકવાર એક વિધવા કાઠિયાણી પોતાના બાવીસ વર્ષના જુવાનજોધ અંધ દીકરાને લાકડીથી દોરીને જાદરા પાસે દુવા-માંગવા લાવે છે. ખબર પડી કે છોકરાને જન્મથી બેય આંખે અંધાપો છે.

એને જાદરો ભગત કહે છે : 'બાપ દાના, આટલાં વરસ ઢોંગ કરે છે. તારી આંખ્યુના





રતન તો આબાદ છે, ભાઈ ! તું આંધળો શેનો ? તારી નજરૂ તો નવખંડમાં રમે છે. ઠાકરનું નામ લઈ આંખ્યુ ઉઘાડ બાપ !'

ને કહેવાય છે.... દાનાએ આંખો ઉઘાડી. જગતનું અજવાળું આજ અવતાર ધરીને પહેલીવાર દીઠું. (આમ તો અગાઉના સંતો-ભકતો પોતાની પાસે સારી સારી વનસ્પતિની દવાઓ રાખીને લોકોની વ્યાધિઓ મટાડતા હોવાનો પણ સંભવ છે.)

એણે જાદરાના પગ ઝાલીને કહ્યું : 'બાપુ! મારે હવે ઘેર નથી જાવું. મારૂ ઘર મે ગોતી લીધુ છે.'

જુવાન દાનાએ માની રજા લઈને ભગવા પહેર્યા. એ આગળ જતા ચલાળા ગામમાં જગ્યા (આશ્રમ) સ્થાપી. એ જ આપા દાના ભગતના પ્રતાપે મુસલમાન જાતના એ ગધે સંત ગીગડાપીર થઈ ગયા. આપા દાના દેવ થઈ ગયા પછી ચલાળાની જગ્યા બદલીને એમના શિષ્ય ગીગાપીરે સતાધારમાં જગ્યા સ્થાપી. જે જગતભરમાં પ્રખ્યાત છે. આજે પણ જયાં ગો-સેવા, ગરીબ સેવા ને આંગણે આવનારને ભોજન આજે ય અપાય છે. એમના નામ ઉપર જ ચોટીલા નજીક નેશનલ હાઈવે ઉપર જ 'આપા ગીગાનો ઓટલો' બન્યો છે. ત્યાં પણ નિઃશુલ્ક પ્રસાદ (ભોજન)ની વ્યવસ્થા છે. (રાજકોટ તરફ જવુ)

એવા જાદરા ભગતના પરચા વિશે દુહાઓ પણ છે.

'પાદર જે મૈકા તણે, કણ કણ સજિયા કોઠાર,
જાદર જેજેકાર, ધરા બાધીમાં ધાનાઉત'
ભગતે દાળીદર ભાંગીયાં, થાનક વાતુ થાય,
મોઘરિયા સાટે ગાય, ઝોપી આપે જાદરે.

## ◆ થાનગઢ - ચિનાઈમાટીનો ઉદ્યોગ :

અહીંની માટી એટલે અનોખી. કંકુવરણી ભોમની તાસીર એવી કે માણસ મોહી જાય.

એકવાર એવું બન્યું કે એક મુસાફર ટ્રેન મારફતે મુસાફરી કરતો હતો. તેનું ઊતરવાનું સ્થળ થાનગઢ તો નહોતું પરંતુ માર્ગમાં ટ્રેન થોભતા તેઓ થાનગઢ ઊતર્યા. તેમણે થાનની માટી જોઈ, આ માટીને જોતા જ એમના મગજમાં વિચાર આવ્યો. જો આ માટીનો સદ્ઉપયોગ થાય તો ખૂબ જ સારૂ કહેવાય. તેમણે થાનગઢમાં ત્યારથી જ ચિનાઈમાટીના ઉદ્યોગના શ્રીગણેશ કર્યા. અને એમના આ વિચારે એક ઔદ્યોગિક સંસ્થારૂપે આકાર લીધો. એશિયામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર 'પરશુરામ પોટરી' હતી.

આમ ચિનાઈમાટીનો ઉદ્યોગ સૌરાષ્ટ્ર પ્રદેશમાં અસ્તિત્વમાં આવ્યો. હાલમાં આસપાસના આ વિસ્તારો અને મોરબી શુધ્ધા પણ આ બાજુની જગ્યામાં ચિનાઈમાટીનો ઉદ્યોગ અસ્તિત્વમાં છે તે થાનગઢની માટીના પ્રતાપે જ શક્ય છે. કારણકે હાલમાં પણ તે ઓ ઉદ્યોગ માટે જરૂરી એવો કાચો માલ એટલે કે ચિનાઈમાટી થાનગઢમાંથી જ કરે છે.

આ ચિનાઈમાટીનો ઉદ્યોગ એ પાંચાળ ભૂમિની ખાસ વિશેષતા છે.અને અન્ય વિસ્તારોમાં અસ્તિત્વમાં છે પણ તે થાનગઢને આભારી છે.

એક સમય એવો હતો કે પૂરા ભારતભરમાં માથાદીઠ આવકમાં થાનગઢનો પ્રથમ ક્રમાંક હતો.એશિયાની સૌથી મોટી સિરામિક પોટરીમાં થાનગઢની પરશુરામ પોટરીનો ઉલ્લેખ થયેલો છે.

દાદાની ઉંમરના શિક્ષિત લોકોને મળ્યો. ત્યારે તેમણે જણાવ્યું કે અમે ત્યારે સાણંદ ઈન્ટર પાસ થઈએ એટલે શિક્ષકમાં સામેથી નોકરી મળે. પણ એ સમયે શિક્ષકનો પગાર 125 રૂ. આસપાસ અને પરશુરામ પોટરી એ સમયે 150 થી 200 રૂ. પગાર આપે. એટલે 'શિક્ષક ન થવાય, પરશુરામ પોટરીમાં જવાય.' એવું સૂત્ર ત્યારે જાણીતું બનેલું. અને ઘર પરિવારના સભ્યો પરશુરામ પોટરીનો જ આગ્રહ રાખે. લોકો તેના નામથી ખેંચાતા. સમગ્ર ભારતનું ધ્યાન થાનગઢ તરફ ખેંચનાર હોય તો આ પરશુરામ પોટરી હતી.

કારખાના બનાવવાની હોડ લાગી. થાનમાં દરેક સમાજના સિરામિકસના કારખાના આવેલા છે.હાલ તો અંદાજે 250 થી 300 સિરામિકસના આ કારખાના વિવિધ પ્રકારના ઉત્પાદન કરી રહ્યા છે.

આ ચિનાઈમાટીમાંથી ઘણી બધી ઉપયોગી ચીજવસ્તુઓ બને છે. જેવી કે કપ-રકાબી, રમકડાં, કુંડા, અથાણાં માટેની બરણીઓ, વિવિધ મૂર્તિઓ, તમામ પ્રકારની ટાઈલ્સ, સંડાસના તમામ પ્રકારના પોખરા વગેરે બનાવવામાં આવે છે.





થાનમાં ઇંટ અને નળિયા બનાવવા માટે કામમાં આવતી 'ફાયર કલે' નામની હલકી માટી મળે છે. આ સિવાય કોલસા પણ નીકળે છે.

તમે ચોટીલાથી થાન જતાં રસ્તામાં બંને બાજુઓ પર અને મુનીબાવા મંદિર અને બાંડિયાબેલી, માંડવવન બાજુ જાવ તો ચારે બાજુ કિ.મિ.ના કિ.મિ. પથ્થરોના પથરાવ લાગે છે. ખૂબ પહેલાંના સમયમાં અહીં કાં જવાળામુખી હશે કા તો એનો રસ ઢોળાયો હશે. આ પથ્થરોની સલાટો એનો લાવારસ લાગે છે, ને કોલસો એનો બળી ગયેલો રસ. આ બાજુની માટી જુદા-અલગ જ પ્રકારની છે એ આને આભારી હોવી જોઈએ. વળી આ સંશોધન માગી લે તેવો વિષય પણ છે.

શ્રી પરશુરામ બળવંત ગણપૂલે – પરશુરામ દાદા

મહારાષ્ટ્રના જિ. રત્નાગીરી તા. ચિપલૂણ ગામ. લૌટે નામના એક નાનકડા ગામમાં 1870માં થયો. વડોદરામાં પ્રાથમિક શિક્ષણ તેમજ વ્યવસાયિક અનુભવ લઈ, 1904થી માટી કામમાં, ઈંટો, નળિયા વિગેરેના ઉત્પાદનમાં સંકળાયેલ શેઠ શ્રીપરશુરામ દાદાએ બીલીમોરા, વાંકાનેર, મોરબી, શિહોર, ધ્રાંગધ્રા, શ્રીરામપુર, થાનગઢ વિગેરે સ્થળોએ માટી ઉદ્યોગ (સિરામિક્સ ઉદ્યોગ) સ્થાપ્યા. બાદ થાનગઢમાં શેઠશ્રી સોબારજી દલાલે ચાલું કરેલ ઉદ્યોગ 1932માં હસ્તગત કરી સેનેટરીવેર ઉદ્યોગ થાનગઢમાં સ્થાપી, ભારતભર અને દુનિયાભરમાં તેઓએ આ ઉદ્યોગને સંપૂર્ણ રીતે વિકાસ કરવામાં અથાગ પરિશ્રમ કર્યો.

સમાજના દરેક વર્ગને રોજગારીની તક આપી તેમણે એક અનોખી પ્રણાલી પાડી. જે આજે પણ પ્રચલિત છે. તેઓ ગુજરાતમાં સિરામિક્સ ઉદ્યોગના પ્રણેતા તરીકે જાણીતા છે.

થાનગઢ જ નહીં બલ્કે આખા સૌરાષ્ટ-ગુજરાતમાં શ્રી પરશુરામ દાદાએ સ્થાપેલ આ ઉદ્યોગના કર્મચારીઓએ ધીમેધીમે પોતાના કારખાનાઓ સ્થાપી, થાનગઢને સિરામિક્સ ઉદ્યોગનું કેન્દ્ર બનાવેલ છે અને આજે થાનગઢ જગતભરમાં સિરામિક્સ ઉદ્યોગમાં નામનાં મેળવી ચૂકેલ છે.

આજે થાનગઢ સિરામિક્સ ક્ષેત્રે આગવી છાપ, ઓળખ મેળવી છે. તેના પાયાનાં વિકાસના પ્રણેતા સ્વ. શ્રી પરશુરામ બળવંત ગણપૂલે-પરશુરામ દાદાને જ શ્રેય આપી શકાય.

એમ કહેવાય છે, કે દરેક વસ્તુ નાશ પામવાને જ સર્જન પામતી હોય છે. સૃષ્ટિનો આ નિયમ સજીવ-નિર્જીવ એમ તમામને લાગું પડતો હોય છે. કાળ પરંપરામાં વિભાગો પડતા પરશુરામ પોટરી એમના વંશજોથી સચવાઈ નહીં. હાલ અબજો રૂપિયાની જમીન વેરાન થઈને પડી છે. તમે થાન જાવ તો જોજો. આ જગ્યા રેલવે સ્ટેશનથી સામેના રોડ ઉપર અને થાન-1 સ્કૂલની નજીક પણ છે. હા આ જગ્યા જ કહી રહી છે.

એક દિન થા હમારા... હમહી સો ગયે દાસ્તાં કહતેં કહતેં.....